KIRAN D. PATHAK

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ-માલા

# શ્રધ્ધા સમીક્ષા

•

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

: પ્રકાશક :
**સ્વામી આનંદતીર્થ**
**સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ**
પો. મુક્તમપુર ( જીલ્લા-ભરૂચ )

પ્રથમ આવૃત્તિ -૧૯૭૪
પ્રત : ૧૦૦૦
કિંમત : ત્રણ રૂપિયા

●
પ્રકાશક :
સ્વા. આનંદતીર્થ
સ્વા. સ્વયંજયોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમ્પુર, જિ. ભરૂચ

●
મુદ્રક :
કૈવલ્ય શાહ
લિપિની પ્રિન્ટરી
૨૨ કલ્યાણદાસ બિલ્ડીંગ
ઑગષ્ટ ક્રાંતિ માર્ગ
મુંબઇ-૪૦૦ ૦૩૬

# આમુખ

અભીપ્સુ સાધકને માટે સાધનમાં પ્રથમ જેની નિતાન્ત આવશ્યકતા તે શ્રદ્ધા. કોઇ પણ માર્ગે પ્રસ્થાન કરતાં માર્ગનાં એ જ છે પાથેય. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે શ્રદ્ધાને માટે પુનઃ પુનઃ ભારપૂર્વક કહેલું છે. પ. પૂ. સ્વામી સ્વયંજયોતિ તીર્થે જયાં જયાં ગીતાજીમાં એનો ઉલ્લેખ આવે છે તે સર્વ શ્લોકોને એકત્ર કરી, ક્રમાનુસાર એના સંદર્ભને સ્પષ્ટ કર્યો છે. જિજ્ઞાસુ જનો માટે એક સમીક્ષારૂપ જાણે કે નિબંધ.

પૂ. સ્વામીજી બ્રહ્મલીન થયા તે પહેલાં આ પુસ્તક પ્રગટ કરવાનો આશય હતો પરંતુ અનેક પ્રતિકૂળ કારણો ઉપસ્થિત થતાં આ પ્રકાશન વિલંબમાં મુકાયું હતું. સહૃદય ભાવિકોના આ કારણે અમે ક્ષમાપ્રાર્થી છીએ.

પ. પૂ. સ્વામીજીનાં અન્ય જે લખાણો હજી અપ્રસિદ્ધ છે તે બધાં એક પછી એક પુસ્તિકા સ્વરૂપે પ્રગટ કરવાની અમારી અભિલાષા સત્વર પૂર્ણ થાય એવી અમારી પ્રાર્થના છે. કાગળ મેળવવામાં પડતી મુશ્કેલી, અત્યંત ઊંચા ગયેલા ભાવ, આ બધાં પરિબળો કંઇક વિક્ષેપરૂપ બને છે પણ પાર કરવાની શક્તિ પૂ. શ્રીની પ્રેરણા અને સહુ જિજ્ઞાસુવૃંદના સહકારમાં જ રહેલી છે.

આ પુસ્તકને અમે પૂ. સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ સ્મારક ગ્રંથમાળાના પ્રથમ પુષ્પ તરીકે પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. અભીપ્સુ વાચકવર્ગને એમની વાણી ઉપકારક બનશે જ એવી શ્રદ્ધા અને અપેક્ષા છે.

પ. પૂ. સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ વતી
સ્વા. આનંદતીર્થ (ટ્રસ્ટી)

# ભગવદ્‌ગીતોક્ત શ્રદ્ધાસમીક્ષા

અધ્યાત્મપંથી સાધનામાં શ્રદ્ધા એ માનવીય જીવાત્માનું અમૃતપાથેય છે. જ્ઞાન–સાધનાના આદિ-અન્ત સૂધી જ નહિ પણ જ્ઞાનોત્તરદશામાંયે તત્ત્વવિદ જીવન્મુકત કે પરમોત્કૃષ્ટ ઈશ્વરભક્તને પ્રાણના જેટલી જ એ ઉપયોગી છે; હૃદયનો એ સ્વભાવસિદ્ધ ધર્મ હોઈ છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધીની સહગામિની દેવી સરસ્વતી છે.

પરિવર્તનશીલ કાલધર્મની પેઠે મનુષ્યનો બાહ્ય વ્યવહાર-ધર્મ વિકારી છે. યુગધર્મમાં સત્ત્વ–રજસ્–તમસ્ ગુણો જેમ સત, ત્રેતા, દ્વાપર અને કલિયુગ જેવા વિભાગ પાડે છે, દિવસ-રાત્રિના તેમ જ આઠ પ્રહરના અંધકાર-પ્રકાશરૂપે કાળ ધર્મો બદલાય છે, તેવી જ રીતે માનવવંશમાં પણ જીવાત્માઓના આ પૃથ્વી પરના પ્રવેશમાં ગુણોનો વૃદ્ધિ હ્રાસ થયા જ કરે છે. શ્રદ્ધા પણ એવીજ રીતે ત્રિગુણાત્મક છે. અંતઃકરણના જીવનધર્મ જેવી એ શ્રદ્ધા હૃદયમાં ગુણ પ્રમાણે ભરતીઓટ પેદા કરે છે. એટલે જ્યારે અને જેવો જેનો ગુણધર્મ તેવી દેશકાલ જન્મભેદે તેની શ્રદ્ધા, એ તથ્યને લક્ષ્યમાં રાખીને માનવીય હૃદયની શ્રદ્ધાનું ભગવદ્‌ગીતામાં પૃથક્કરણ કર્યું છે. અધ્યાત્મપંથની સાધના માટે તો સાત્ત્વિકી શ્રદ્ધાનું જ મહત્ત્વ છે; જેના જેવા પૂર્વ-સંસ્કાર તેવી તેની શ્રદ્ધા અને જેવી જેની શ્રદ્ધા તેવી તેની સાધના એ નિયમ પ્રમાણે રાજસિક, તામસિક શ્રદ્ધા પણ માનવજાતિમાંથી નિર્મૂળ થઈ શકે એમ નથી. કારણ કે તમોગુણ

રજોગુણમાં અને રજોગુણ સત્ત્વગુણમાં પરિણામ પામતાં પામતાં શ્રદ્ધા જયારે દિવ્યગામિની, ભગવલ્લક્ષ્યવાળી બને છે ત્યારે તેવી સત્ત્વગુણી શ્રદ્ધા જ શાસ્ત્રોને માન્ય છે. ભગવદ્ગીતામાં એટલા માટે શ્રદ્ધાત્રયવિભાગ યોગ નામનો સત્તરમો અધ્યાય ભર્યો છે.

શ્રદ્ધા જ માનવજીવનની ઉન્નતિનું પ્રાણબલ છે; મનુષ્યને સ્વર્ગસોપાન સમો બુદ્ધિદીપ મળવા છતાં એનામાં જો શ્રદ્ધા-પ્રાણ ન હોય તો તે પ્રગતિને પહેલે જ પગથિયે સંશયાત્મા બનીને, શૂન્યમનસ્ક બનીને આસપાસ આંખો તાકતો જ ઊભો રહે છે.

આવી સુધાસમી શ્રદ્ધા માનવીમનના ચિત્તદોષને લીધે અંધશ્રદ્ધા, વેવલાપણું, ભોટપણું, ભોળપણ, બાયલાપણું, કે બુદ્ધિ-માંધ વગેરે નામથી વગોવાય છે; તેમાં શ્રદ્ધાના ત્રણ ગુણ પ્રમાણેના ધર્મોનું અજ્ઞાન જ કારણ છે. વાસ્તવિક રીતે જોતાં શ્રદ્ધા તો બ્રહ્મના જેવી નિર્દોષ છે. વગોવણી, કટાક્ષ કે આક્ષેપથી એની વિશુદ્ધ વ્યાખ્યા કે એના ગુણધર્મ બદલાતા નથી. શ્રદ્ધાના ત્રિગુણાત્મક પ્રકાર, તેની સાથે પાળવાના વિધિ-નિષેધ, કે સકામ નિષ્કામના ભેદ જેમાં ન સચવાતા હોય એ સાત્વિક શ્રદ્ધા જ નથી, પણ સાંસારિક સકામ મનુષ્યોની કલુષિત વાસનાવડે જયાં ત્યાં દેવદેવીઓમાં વળગી રહેવાની જલુકાવૃત્તિ છે. પ્રત્યેક ધર્મપાલનમાં હોય છે તેમ શ્રદ્ધામાં પણ બીજાં સહકારી સાધનો છે. એની સહચરીઓમાં સાત્ત્વિક સંપત્તિને સ્થાને રાજસિક તામસિક મનોદશાનું પ્રાબલ્ય હોય તો એ જ શ્રદ્ધા દંભ, મિથ્યાભિમાન, અવિચારી કે અવિવેકી ભક્તિનું પ્રદર્શન કરતી હોય છે. એને માટે શ્રદ્ધાને નહિ પણ ગુણધર્મને જ દોષપાત્ર માનવા જેવું છે. શ્રદ્ધાની ગુણાત્મક

મનોદશા જોયા વિના શ્રદ્ધાને વગોવવી એ ઉપરથી બેડોળ કે કદ્રૂપ લાગતા વાસણમાં ભરેલા અમૃત જેવા દૂધને વગોવવા જેવું છે.

દૈવાસુર સંગ્રામના સમુદ્રમંથનમાંથી તારવી કહાડેલા અમૃતના ભોક્તા થવા માટે રાક્ષસોએ જ્યારે પ્રયત્ન કર્યો, કુપાત્રે સુધાસિંચન થવાનો પ્રસંગ ઊભો થયો, રાજસિક-તામસિક શ્રદ્ધાવાળા દાનવોએ એને ઝૂંટવી પીવાનો પ્રયત્ન આદર્યો, ત્યારે સત્ત્વગુણના પ્રતીક જેવા વિષ્ણુ ભગવાને અમૃતના રક્ષણાર્થે મોહિની સ્વરૂપ ધારણ કર્યું; રાક્ષસો બાહ્ય સ્વાંગમાં લુબ્ધ થયા, અને અંતે એ અમૃત સાત્ત્વિક-શ્રદ્ધાવાળા દેવ-દેવતાઓને સાંપડ્યું. એ અમૃત રાક્ષસો પાસે ગયું હોત તો રાક્ષસોને બદલે અમૃત વગોવાત. રાક્ષસો અમરકાય બની બેસત એ સ્થિતિને નિવારવા સત્ત્વગુણભરી વિષ્ણુસ્વરૂપ વિવેકબુદ્ધિની આવશ્યકતા હતી. ધર્મરક્ષક વિષ્ણુએ યુક્તિ ( યોગબલ )થી અમૃતને રાક્ષસભોગી થતું બચાવ્યું, અને સત્ત્વગુણી અધિકારીઓને પાન કરાવીને તમોગુણ-રજોગુણનું વિકારી અને પરિણામી અનિત્યત્વ સિદ્ધ કર્યું.

ઉપરનો આખો પ્રસંગ એ સૂચવે છે કે દેવો અને દાનવોને શ્રદ્ધા હતી, પણ એ બન્નેના અંતઃકરણમાં ગુણભેદ હતો. વિશુદ્ધ શ્રદ્ધા તો સાત્ત્વિક અંતઃકરણમાંથી ઉદ્‌ભવેલી હોય છે. એવા શ્રદ્ધાવાનને ઇશ્વર અમૃતપાન કરાવે છે, મૃત્યુમાંથી આત્માના અમરભાવના અધિકારી બનાવે છે. પરાપૂર્વથી વેદકાલીન સ્વાધ્યાય શ્રવણની વિદ્યાપરમ્પરા દ્વારા માનવજીવનને મોક્ષપન્થે પહોંચાડે એવા અમૂલ્ય શ્રદ્ધામૃતનો મહાભારતના યુદ્ધ સમયે દુરુપયોગ થયો. સકામ તપશ્ચર્યા કે સાધનાવડે મેળવેલાં હિંસક-સંહારક અસ્ત્ર-શસ્ત્રો ખડખડ્યાં; ધર્મલક્ષી પાંડવપક્ષી વીરોનો ધર્મક્ષેત્ર જેવા કર્મક્ષેત્રમાં આસુરી દ્વેષી, કપટી, તથા

આતતાયી સ્વભાવવાળા વિરોધી પક્ષદ્વારા સંહાર થતો જોયો, ત્યારે નારાયણસ્વરૂપ ભગવાન શ્રી કૃષ્ણે, ધર્મમન્થન થતા કુરુક્ષેત્રમાં ઉપનિષદ્‌સમૂહ ગોધનને સ્વહસ્તે દોહીને વત્સ અર્જુનને દુગ્ધામૃત પાયું. એ નર-નારાયણ સંવાદ સ્વરૂપ ભગવદ્‌ ગીતામાં શ્રદ્ધા માટેનાં જે વિધિવિધાન સ્પષ્ટ કરી આપ્યાં છે એનો આપણે અલ્પસ્વલ્પ વિચાર કરીએ.

વસ્તુતઃ શ્રદ્ધા કદી અંધ છે નહિ, બની નથી, બનવાની નથી. કારણ કે એ તો અંતઃકરણનો સદા પ્રોજ્વલ જીવનદીપ છે. એના ગુણ પ્રમાણે જુદા જુદા પ્રકાર છે. મંદ, મધ્યમ, તીવ્ર; સકામ, નિષ્કામ એવા પણ અનેક ભેદ છે. એમ છતાં પણ સકામ સાધનામાં જો અલ્પ સાત્ત્વિકતા યે હોય, તો એ ઝાંખો જ્ઞાનપ્રકાશ પણ અધ્યાત્મમાર્ગની નિષ્કામ નીસરણી પાસે સાધકને ક્રમશઃ લઈ જાય છે. એનાં આરોહણ સરલ બને છે; પગલે પગલે ઉત્સાહ વધે છે અને જેમ જેમ અન્તર્મુખી મનોદશા થતાં આનંદની માત્રા વધતી જાય છે, તેમ તેમ ધર્મજીવનનાં વિશુદ્ધ ઉડ્ડયન શરૂ થાય છે. પિપીલિકા માર્ગમાંથી વિહંગમમાર્ગ વડે ચિદાકાશમાં બ્રહ્માનંદ મ્હાણવાની, બ્રહ્મવિહાર કરવાની ગતિમાં તીવ્ર સંવેગ પુરાય છે.

ભગવદ્‌ગીતાદુગ્ધ જેમાંથી દોહવાયેલું છે, તે ઉપનિષદ્‌ ગોધનની નસેનસમાં શ્રદ્ધા જ સર્વત્ર એક કે બીજી રીતે, નામાન્તરભેદે ઓતપ્રોત ભરેલી છે. દશનામી સંન્યાસીવર્ગ પંક્તિભોજન સમયે અત્યારે ભગવદ્‌ગીતાનો પંદરમો અધ્યાય બોલે છે, તેને સ્થાને પહેલાં કૈવલ્ય ઉપનિષદ્‌નો પાઠ ભણવાની પદ્ધતિ હતી. તેમાં આશ્વલાયન ઋષિ વેદમૂર્તિ બ્રહ્માની પાસે શિષ્યભાવે આવીને બ્રહ્મવિદ્યાનાં શિક્ષણ-શ્રવણની પ્રાર્થના કરે છે, ત્યારે પિતામહ બ્રહ્મા સંક્ષિપ્ત રીતે પ્રથમ સાધનત્રિપુટી

કહી સંભળાવે છે: 'એ બ્રહ્મવિદ્યાને શ્રદ્ધા, ભક્તિ અને ધ્યાન-યોગથી જાણી લે" એટલું જ શ્રુતિજ્ઞાન શરૂઆતમાં સૂત્રરૂપે આપ્યું. એમાં શ્રદ્ધાને પ્રથમસ્થાન આપ્યું છે; તે ઉપરાંત "એ વિદ્યા કર્મ*" પ્રજા (પુત્રપુત્રી પરિવાર) કે ધન (વૈભવ કે પાંડિત્યધન) વડે પ્રાપ્ત થતી નથી; પરંતુ શ્રૌત કે સ્માર્તકર્મ વગેરેના ત્યાગ વડે જ મળે છે; ઘણા ઋષિઓ સર્વસ્વ ત્યાગીને એ અમૃતના ભોકતા બન્યા છે." આવું શ્રુતિવચન છે. પ્રથમ સમસ્ત સાંસારિક ભોગવાસના અને વિષયોનો ત્યાગ અને ત્યાર પછી શ્રધ્ધા, ભક્તિ અને ધ્યાનની મહત્તા વર્ણવી છે. કઠ, મુંડક તેમજ બીજા ઉપનિષદોમાં પણ જિજ્ઞાસુ મુમુક્ષુ શ્રદ્ધાપૂર્ણ બનીને જ શિષ્યભાવે આચાર્ય સમીપ જાય છે એવું કથન છે. એ સૂચવે છે કે શિષ્યને આચાર્યનાં બ્રહ્મબલ, બ્રહ્મજ્ઞાન, અને બ્રહ્માનુભવમાં, તથા જે પ્રાચીન શાસ્ત્રોનાં આપ્ત વાકયો પર શ્રદ્ધા રાખીને આચાર્યે પોતે અનુભવામૃત ચાખ્યું છે, તે શાસ્ત્રોમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધાના પ્રારંભ વિના ભક્તિનો સંભવ નથી. આચાર્ય પ્રતિના તૈલધારાવત્ ભક્તિના ઊર્ધ્વમાંથી પ્રવાહ વિના ધ્યાનયોગની સિદ્ધિ થાય એમ નથી, ધ્યાનયોગના પરિપાક વિના જ્ઞાનામૃતનું આસ્વાદન શકય નથી. આવી રીતે આ ત્રિપુટીમાં પણ શ્રદ્ધાને પ્રથમ સ્થાન મળ્યું છે.

પ્રાચીનમાં પ્રાચીન એવા અસંખ્ય ઋષિઓ દ્વારા બ્રહ્માનુભવના કૃપાપ્રસાદમાંથી, બ્રહ્મપ્રેરિત સરસ્વતી-સ્વરિત જે બ્રહ્મશ્રુતિઓનો આવિર્ભાવ થયો, તેવા વેદસાહિત્યની વ્યાસભગવાને વ્યવસ્થિત ગૂંથણી કરીને કર્મ, ઉપાસના અને જ્ઞાન-કાંડ તરીકે ત્રણ વિભાગ પાડયા; તે બધું સાહિત્ય મંત્ર સાહિત્ય તરીકે ઓળખાય છે. કાલક્રમે વર્ણવિભાગ પડયા પછી

*સકામ કર્મકલાપ અને તે વડે પ્રાપ્ત થતાં સ્વર્ગાદિ ભોગલોક.

સમસ્ત વેદવાઙ્મયના પંડિતો ઘણે ભાગે બ્રાહ્મણો જ હતા, જેઓ યજ્ઞયાગના તથા વર્ણાશ્રમમાં ઉપયોગી થાય એવાં ગર્ભાધાનથી માંડીને અંત્યેષ્ટિ સુધીનાં કર્મકાંડ કરાવતા. એ બધા વેદાંગના જ્યોતિષ, અસ્ત્રશસ્ત્રવિદ્યા કે વૈદક વિભાગમાં યે નિપુણ હતા એટલું જ નહિ, પણ મહાભારત કાલમાં ક્ષત્રિયોને અસ્ત્રશસ્ત્રની વિદ્યાઓનું અનુભવજ્ઞાન આપ્યું હતું એ આપણે જોઈએ છીએ. જ્ઞાનકાંડ તરીકે ઓળખાતાં ઉપનિષદોનો એમને અભ્યાસ તો હતો પણ એ વિભાગ મુખ્યત્વે લોકલોકાન્તર માટેની વિદ્યાઓથી નિવૃત્ત થયેલા, નિવૃત્તિપરાયણ વર્ગ માટે હોઇ ઉપનિષદ્ પછીના કાલમાં એનું અધ્યયન-અધ્યાપન વિશેષભાવે ચતુર્થાશ્રમી બનીને બ્રહ્મશ્રોત્રિય ગણાતા હોય એમના હસ્તક સ્વાભાવિક રીતે જ આવી ચડ્યું. કારણ કે વર્ણવિભાગની સાથે સાથે જ આશ્રમવ્યવસ્થા ગોઠવાઇ ગઈ હતી, જેમાં મોક્ષ-પરાયણ વિદ્યાનો સ્વાધ્યાય ચતુર્થાશ્રમી સંન્યાસી દ્વારા થવા માંડયો હતો. એવો સંન્યાસી પુત્રૈષણા દારૈષણા અને વિત્તૈ-ષણાનો ત્યાગ કરીને વિવિદિષા સંન્યાસી તરીકે નિષ્ઠા કેળવનાર હોઈ લોકવાસના શાસ્ત્રવાસના અને દેહવાસનાના ત્યાગનો પૂરો આગ્રહી હોય એવું ઉપનિષદ્માં જોવામાં આવે છે. આવી રીતે પ્રવૃત્તિમાર્ગના કર્મકાંડનો વિભાગ ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણો પાસે રહ્યો. એના આચાર્ય ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણો રહ્યા અને નિવૃત્તિમાર્ગના જ્ઞાનકાંડના આચાર્ય બ્રહ્મવિદ્ સંન્યાસીઓ બન્યા. વર્ણોના ગુરુ બ્રાહ્મણો અને આશ્રમના ગુરુઓ સંન્યાસી બન્યા અને આચાર્ય-શિષ્ય પરમ્પરાઓ જે પ્રચલિત થઈ તે અત્યારે પણ આપણને જોવા મળે છે.

સકામ કર્મકાંડની સાધના પૂરી થાય ત્યાર પછી નિષ્કામ કર્મદ્વારા અંતઃકરણની સમસ્ત વાસનાઓનો ઉચ્છેદ થાય છે; તથા શુદ્ધ સ્ફટિક કે નિર્મળ સ્વચ્છ સરોવર જેવી ચિત્તની

સ્થિતિ થાય એટલે કે ચિત્ત શુદ્ધ થયું કહેવાય છે. પરન્તુ એકનિષ્ઠ ઉપાસના વિના કેવલ કર્મયોગ વડે ચિત્તની શુદ્ધિ વિષયો પ્રતિના આકર્ષણથી ઉભી થતી ચંચલતા દૂર થતી નથી. અસંખ્ય દેવદેવતામાં ફરનારા ચિત્તને એકમાત્ર પરમાત્માના ધ્યાનમાં ભક્તિવડે નિમગ્ન કરીને એકાગ્ર કરવાની જે સાધના છે, તે વડે ચિત્ત સ્થિર બને છે, એના વિક્ષેપ દૂર થાય છે; આવી રીતે મલ અને વિક્ષેપ નામના બે દોષ, ચિત્તની બે ખામીઓ-અપૂર્ણતાઓ દૂર થયા પછી પણ દ્વૈતભેદ તો ઊભો જ રહે છે. ધ્યાતા અને ધ્યેય, ઉપાસક અને ઉપાસ્ય, જ્ઞાતા અને જ્ઞેયના કર્મ ઉપાસનામાંથી ચાલ્યા આવતા ભેદનું રહસ્ય સમજતું નથી. દ્વૈતમય સંસારમાં દેહધારીઓને સહજસ્વભાવે આવી મળતાં જન્મ મૃત્યુ, સુખઃદુખ, રાગદ્વેષ વગેરે દ્વંદ્વબંધનો સામે આવીને ઊભાં રહે છે; કારણકે દેહની સાથે એ નિરંતર સંલગ્ન જ છે. પણ આ દ્વંદ્વ દેહનાં છે, આત્મામાં નથી એવો વિવેક શીખવીને, શુદ્ધ તથા એકાગ્ર થયેલા ચિત્તને દેહની સાથેની અભેદબુદ્ધિનો ત્યાગ કરાવી તથા આત્માની સાથે એકતા સિદ્ધ કરવાનું શિક્ષણ અપાયું તે જ્ઞાનકાંડ છે. ધ્યાતા અને ધ્યેય, જ્ઞાતા અને જ્ઞેય, ઉપાસક અને ઉપાસ્ય વચ્ચેનું જે કાલ્પનિક તથા અજ્ઞાનમૂલક ભેદ-આવરણ છે એ તત્ત્વજ્ઞાનની રહસ્યવિદ્યા જાણ્યા વિના હઠતું નથી.

હવે આપણે કર્મ તથા જ્ઞાન માટેની વિદ્યાઓનો વિચાર કરીએ. ભગવદ્ગીતા ઉપનિષદોના આધારે ગૂંથેલી હોવાથી એમાં આત્મજ્ઞાનનો જ આધાર રાખીને કર્મયોગ સમજાવ્યો હોય, ઉપનિષદ્નું જે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું લક્ષ્ય છે એ જ એનું લક્ષ્ય હોય, એમાં વર્ણવેલાં સાધનોના સમન્વયરૂપે જ ગીતામાં સાધન પ્રણાલિકાની યોજના હોય તે સ્વાભાવિક છે.

ઉપનિષદમાં વિદ્યાના બે પ્રકાર વર્ણવેલા છે. મુંડક* ઉપનિષદમાં કહ્યું છે કે:-

"બ્રહ્મવિદોએ કહ્યું છે કે બે વિદ્યાઓનું જ્ઞાન મેળવવા જેવું છે; એક પરા અને બીજી અપરા.

"તેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જયોતિષ એ અપરા છે તથા જે (વિદ્યા)નાથી એ અક્ષર (પરમતત્ત્વ)નું જ્ઞાન થાય છે તે પરાવિદ્યા છે."

આથી એમ સિદ્ધ થાય છે કે ગીતામાં પણ પરાવિદ્યાનું દર્શનજ્ઞાન છે. વેદવેદાંગમાં અપરાવિદ્યાઓ કર્મ અને ઉપાસના કાંડમાં ઉપયોગી છે, જ્યારે અક્ષરબ્રહ્મનું જ્ઞાન આપે એવી પરાવિદ્યા મોક્ષવિષયક શિક્ષણ આપે છે; તેથી એક વિદ્યા બીજી વિદ્યાથી સાધન અને સાધ્ય બન્નેમાં ભિન્ન ભિન્ન માર્ગ-દર્શક છે. એ બે વિદ્યાઓના વિભાગનું, સાધનસાધ્યનું અને આચાર્યશિષ્યનાં લક્ષણનું આપણે જો સમાધાન ન શોધીએ તો ઉભય વિદ્યાઓના આચાર્ય તથા શિષ્યનો અધિકારભેદ ઓળખવો મુશ્કેલ છે, કારણ કે બધું અધ્યયન ગુરુશિષ્યની પરમ્પરાથી અપાતું આવ્યું છે, તેથી કેવા શિષ્યે કેવા આચાર્યનું શરણ શોધવું એનો પણ નિર્ણય થવો જોઈએ.

જેવી રીતે પરા અને અપરા જેવા વિદ્યાના બે ભેદ છે, વી જ રીતે ધર્મ (માનવીય જીવનના આચાર વિચાર માટેનાં કર્મ તથા જ્ઞાનનાં સાધન)ના પણ નિવૃત્તિ અને પ્રવૃત્તિ એવા વિભાગ છે. ઉપનિષદમાં આખ્યાયિકા રૂપે વિવેચન છે કે બ્રહ્મ દ્વારા સંસારનાં સર્જન, આવિર્ભાવ થયાં તેમાંથી મનુ અને

* મુંડક ૧ - ખંડ ૧ મં ૪-૫

શતરૂપાના દૃષ્ટાંતથી અસંખ્ય પ્રાણીઓની ઉત્પત્તિ વર્ણવી છે; એમાંથી જ અનેક ઋષિઓ થયા, સ્ત્રીપુરુષોનાં પતિપત્ની તરીકેનાં ગૃહસ્થાશ્રમી દમ્પતી બન્યાં અને પિતાપુત્રની પરમ્પરારૂપે પ્રજોત્પત્તિ થતાં, માનવસમાજની વંશવૃદ્ધિ થઈ.

પિતાપુત્રની સંતતિપરમ્પરા અવિરત ચાલુ રહી છે જેથી એમાંથી અત્યારે આપણે ગૃહસ્થાશ્રમ ધર્મના પાલનરૂપે માનવસમૂહનાં દર્શન કરીએ છીએ. ભ. શંકરાચાર્ય ભગવદ્ ગીતાના ભાષ્યની શરૂઆતમાં જ ટૂંકી વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

"એ ભગવાન નારાયણે આ જગતની રચના કરીને તેને ચાલુ રાખવાની ઈચ્છાથી પ્રથમ મરીચિ વગેરે પ્રજાપતિઓને, ઉત્પન્ન કરીને વેદોક્ત પ્રવૃત્તિરૂપ ધર્મ ગ્રહણ કરાવ્યો."

આ છે પ્રવૃત્તિધર્મની બ્રહ્માથી માંડીને અત્યાર સુધીની પિતાપુત્રરૂપે પરમ્પરાપૂર્વ અવતરતી માનવ સમૂહની સૃષ્ટિ; એ ધર્મપાલનમાં વેદોક્ત-શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જીવન વ્યતીત થાય તે લોકલોકાન્તરના અભ્યુદયપ્રધાન પ્રવૃત્તિધર્મમાંથી મોક્ષસ્વરૂપ શ્રેયસ્પ્રધાન નિવૃત્તિધર્મના ક્ષેત્રમાં સહજસ્વભાવે પ્રવેશ થઈ શકે છે.

સમસ્ત શ્રુતિસમૂહ તથા એને આધારરૂપે રાખીને લખાયેલો અખિલ સ્મૃતિસમૂહ માનવજીવનના પ્રથમ પુરુષાર્થ સ્વરૂપ ધર્મનો માર્ગદર્શક, પોષક, તથા સંરક્ષક શાસ્ત્રભંડાર છે. ધર્મના યથાર્થ પાલન પછી જ અર્થ અને કામ જેવા સમાજ વ્યવસ્થાનાં ધારાધોરણ યથોચિત રીતે ચાલ્યા કરે, તથા એવા ધાર્મિક મનુષ્યનું અર્થ (ધનપ્રાપ્તિ) અને કામ (સંબંધી વર્ગ સાથેના સાત્ત્વિક વ્યવહાર) લાભ વડે જીવન વ્યતીત થાય, તો સંપ, સંઘબલ, અને પ્રેમ વડે તૃપ્ત તથા સંતુષ્ટ થવાથી

ચતુર્થ પુરુષાર્થ (મોક્ષ લાભ) માટે સ્વાભાવિક રીતે જ એ અધિકારી બને છે. મોક્ષ ધર્મનાં સમસ્ત સાધન નિવૃત્તિધર્મનાં છે; ધર્મ, અર્થ અને કામ લાભ માટેનાં શાસ્ત્રો કર્મપ્રધાન હોઇ પ્રવૃત્તિ ધર્મનાં છે.

ભગવદ્‌ગીતામાં ઉપનિષદ્‌ને આધારે પ્રવૃત્તિ-નિવૃત્તિનો સ્પષ્ટ વિવેક છે; એનું પરમધ્યેય મોક્ષ હોવા છતાં, સ્વભાવની શુદ્ધિ અને સ્વધર્મના પાલન માટેનું એમાં યથાશાસ્ત્ર વિવરણ-શિક્ષણ છે. મનુષ્યના અધિકાર પરત્વે એમાં નિષ્કામ કર્મ, અહૈતુકી ભક્તિ અને નિરપેક્ષ બ્રહ્મજ્ઞાન માટેની સ્પષ્ટ મીમાંસા છે.

પ્રવૃત્તિધર્મમાં ગૃહસ્થાશ્રમીઓ દ્વારા થતી પ્રજાસંતતિને માટે ધર્મ, અર્થ અને કામ જેવા ત્રણ પુરુષાર્થમાં ઉન્નતિ કરાવવાનાં શાસ્ત્રો છે. પિતાપુત્રની સંતતિપરમ્પરામાં નરનારી જેવા જાતીય ભેદ છે; જાતીય વાસના પણ છે; એમાં દેહાસક્તિ અને દેહવિકાર છે; સ્વધર્મ અને શાસ્ત્રાજ્ઞાનો એમાં આધાર હોવા છતાં અર્થ અને કામ નામના બે પુરુષાર્થોની એ રમત હોઇ, એમાં વાસનાક્ષય થવાનો સંભવ નથી; વાસનામાંથી કર્મભોગ અને કર્મભોગમાંથી વાસનાનાં બીજની ઉત્પત્તિ હોવાથી એ ચક્રાકાર કર્મકલાપને લીધે જીવનવ્યવહારમાં રાગદ્વેષ જેવાં બધાં દ્વંદ્વની ભીંસ હોય છે; એમાં વૈરાગ્ય નથી; ઇંદ્રિયદમન છે ખરું, પણ અમુક અપવાદવાળું છે; તિતિક્ષામાં પણ જોઇએ તેવી તપશ્ચર્યા નથી, તેથી કાલક્રમે બુદ્ધિમાં ધર્માધર્મનો વિવેક રહેતો નથી. વૈરાગ્યને બદલે મોહમમત્ત્વ, શાન્તિને સ્થાને પામરતાભર્યો શોકસંતાપ, ઇંદ્રિયદમનને સ્થાને ભોગની સ્વચ્છંદ લાલસા, વિત્તના ઉપરામને સ્થાને અનેક કષ્ટ ભોગવ્યા છતાં પણ સંસારચક્રના આવાગમનમાં ઘસ્યા જવાની વિષયવૃત્તિ; સાત્વિકી શ્રદ્ધાને બદલે સંસારમાં રાજસિક-તામસિક સ્વાર્થવૃત્તિ, તથા ભક્તિમાં દેવ

દેવતાઓની સકામ ઉપાસના, અને સમાધાનને બદલે સંસાર વ્યવહારમાં વર્ગવિગ્રહ, રાગદ્વેષ, યુદ્ધ, તથા કપટપ્રપંચની જાળગૂંથણી ચાલુ રહે છે. કોઈ કોઇનું માનતું નથી. આસુરી અને રાક્ષસી વૃત્તિઓનું જોર વધે છે. રામાવતાર અને કૃષ્ણાવતારના સમયમાં આપણે ધર્મ-કર્મ-સંકરતા બધે જોઇએ છીએ; યજ્ઞો થાય છે, પણ રાજ્ય લોભ માટે, પુત્ર પરિવાર માટે; જપ, તપ અનુષ્ઠાનો થાય છે તે બધાં સંહારક અસ્ત્ર-શસ્ત્રવિદ્યા માટે; બ્રાહ્મણો વેદવેદાંતના સ્વાધ્યાયને બદલે યુદ્ધે ચડે છે અને રાવણની કક્ષાએ પહોંચે છે; ક્ષત્રિયો સ્વયંવરને નિમિત્ત બનાવીને કામિનીમોહમાં શૌર્યનો દુરુપયોગ કરે છે, યુદ્ધો થાય છે જ્યાં બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્ય તથા શૂદ્રો બધા ધર્મ ભૂલ્યા બનીને યુદ્ધે ચડે છે; આ છે પ્રવૃત્તિધર્મમાં વિકારની પરાકાષ્ઠાએ પહોંચેલી માનવસમાજની મહાભારતકાલની પરિસ્થિતિ. બધે વર્ણ સંકરતા ફેલાઇ રહી છે, આશ્રમધર્મમાં પણ વ્યવસ્થા નથી. રાવણ જેવો વેદભાષ્ય લખનાર યજ્ઞકર્મકુશળ, કામિનીકંચનમાં મોહગ્રસ્ત બનીને રાજ્યવૈભવ માણે છે અને ભગવતી સીતાના હરણકાર્ય માટે ચતુર્થાશ્રમીનું વેષપરિધાન કરે છે. કૃષ્ણાવતારના સમયમાં પણ અર્જુન એવો જ સ્વાંગ સજીને સુભદ્રાહરણ કરે છે. તાત્પર્ય એ છે કે પ્રવૃત્તિમાર્ગમાં જ કાલે બધે ખૂબ જ અંધાધુંધી વ્યાપી રહી હતી તો પછી નિવૃત્તિમાર્ગનું તો પૂછવું જ શું ? ઉપનિષદ્‌નું, :વેદના અંતિમ જ્ઞાનવિભાગનું રહસ્યજ્ઞાન ભરેલું વેદાન્ત, જાણે સમસ્ત વેદનો અન્ત લાવવા તૈયાર થયું હોય, એવી માનવપ્રજાની અશુભપંથી પ્રવૃત્તિથી બધે કલહ, કપટ, પ્રપંચ, દ્વેષ, ઇર્ષ્યા વગેરેને લીધે યુદ્ધોના જ ભણકારા વાગ્યા કરતા; એના જ શંખ ફૂંકાતા, અને એમાં પ્રતિપક્ષીનો સંહાર કરીને કામિનીકંચનના વૈભવભોગ માટેના રાજ્યલોભથી મદમત્ત બનેલા દેવદેવતાઓની ઉપાસના

કરતા; તપશ્ચર્યા કરતા તે કેવલ યુદ્ધમાં વિજેતા બનવા માટેની અસ્ત્ર-શસ્ત્રની સંહારપૂર્ણ વિદ્યા ભણવા માટે. એમાં ધર્મ નહોતો પણ કેવલ અર્થ અને કામ જેવા બે પુરુષાર્થમાં જ રચીપચી રહેલી પ્રજાનો લોભમોહ હતો. કઠોર તપશ્ચર્યા, તથા દેહદમન વડે જેમ દેવદેવતાઓ પાસેથી વાસનાતૃપ્તિને માટે વરદાન મેળવવાનો નાદ હતો તેવી જ રીતે રાજામહારાજાઓમાં કે તપપ્રધાન ઋષિઓ ગણાતા બ્રાહ્મણ પંડિતોમાં પણ આશ્રિતવર્ગ કે પત્નીઓને વિના વિચારે વરદાન આપવાની ઘેલછા હતી. એવાં અવિચારે આપેલાં વરદાન કે કરેલા સંકલ્પમાંથી સમાજમાં અવ્યવસ્થા ઊભી થતી. દશરથરાજા કૈકેયીને વરદાન આપ્યા પછી અયોગ્ય રીતે ફસાઈ પડે છે ને ભ. રામચંદ્રને વનવાસ મળે છે. વિષયવાસનાની તૃપ્તિ માટે મત્સ્યગંધાના મોહમાં ફસાયેલા પિતાને માટે ભીષ્મપિતામહ આજીવન અવિવાહિત રહીને ગાદીત્યાગ કરવાનો સંકલ્પ કરે છે; અને અન્તે રાજ્યાશ્રિત બનીને કૌરવપક્ષમાં યુદ્ધે ચડે છે. સંકલ્પમાં, તપશ્ચર્યામાં, પિતૃ કે માતૃઆજ્ઞામાં અયોગ્ય અધીનતા દાખવવાની આવી લોકરૂઢિ હતી, તેમાંથી રામાયણ મહાભાતરમાં વર્ણવેલાં યુદ્ધ ઉપસી આવ્યાં છે.

ધર્મને નિમિત્તે અધર્મ આચરણ કરે એવી બુદ્ધિ-આંતરિક રાગદ્વેષભરી વાસનાતૃપ્તિને માટે કઠોર તપશ્ચર્યા અને એવાં રાજસતામસ વિકૃતિનાં અનિષ્ટ પરણામો અને સાત્ત્વિકતાની પ્રશંસાભર્યાં દૃષ્ટાન્તો આપતાં આપણાં રામાયણ મહાભારત તથા બીજાં પુરાણો આપણને ઉપનિષદ્ કથિત આચારવિચારની વિધિનિષેધભરી વિશુદ્ધ પગદંડી પાડી આપે છે, અને એને જ આધારે લખાયેલી ભગવદ્ગીતા એ કેડીનો/રાજમાર્ગ બનાવી આપે છે. પરંતુ આપણે વિધિપરત્વેના અમર્યાદિત ઝોકને લીધે નિષેધવિધિનું વિસ્મરણ કરીને, ઔષધિ સાથે અપથ્ય ભોજનથી

જેમ વ્યાધિ વિશેષ જોર પકડે છે, તેવી રીતે વિકૃત સમાજને ઊભો કરવાનાં નિમિત્ત વધારી મૂક્યાં. આપણે અહીં આ હકીકતનો વિસ્તાર કરવો નકામો છે; સંક્ષિપ્તમાં એટલું જ બસ છે કે વર્ણ અને આશ્રમધર્મમાં, યજ્ઞ, દાન અને તપમાં, ધર્મ, કર્મ, કર્તા, બુદ્ધિ, જ્ઞાન, ધૃતિ, શ્રદ્ધા, ભક્તિ, સુખ, સ્વધર્મ, વભાવ, પ્રવૃત્તિ, બંધ, મોક્ષ, ત્યાગ, સંન્યાસ વગેરે ઉપનિષદુક્ત પ્રવૃત્તિ-નિવૃત્તિ માર્ગનાં ઉપકારક સાધનોની વિપરીત બુદ્ધિથી જે આચારક્રિયા થતી હતી, એનું દૃષ્ટાન્ત સાથેનું સ્પષ્ટીકરણ તે આપણા મહાભારતનાં પાત્રોદ્વારા કરાવેલું મહત્ત્વનું દિગ્દર્શન છે. વેદવ્યાસે ભગવદ્ગીતાને એમાં ગૂંથીને વાસ્તવિક જીવનનોપયોગી શાસ્ત્રોક્ત રહસ્ય સમજાવ્યાં, અને ભગવાન શ્રી કૃષ્ણના અવતારી ભાવનું પણ યુક્તિસંગત વર્ણન કરીને માનવ જીવનને વિષયવિષમાંથી મુક્ત કરીને બ્રહ્મામૃત પાન કરાવનારી એક કામધેનુ આપી.

* * * *

જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બલ, વીર્ય અને તેજ એવાં છ ઐશ્વર્યથી સંપન્ન ભગવાને પોતાની વૈષ્ણવી એટલે વિશુદ્ધ સત્ત્વગુણમયી માયા (મૂલ પ્રકૃતિ)ને વશવર્તી બનાવીને પોતે અજન્મા અવ્યય, પ્રાણી માત્રના ઈશ્વર, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવવાળા હોવા છતાં, શરીરધારી બનીને લોકાનુગ્રહ કર્યો. શિષ્ય અર્જુનને પ્રવૃત્તિ-નિવૃત્તિ જેવા બે પ્રકારના વૈદિક ધર્મનો ઉપદેશ આપ્યો. શોકમોહમાં ડૂબી ગયેલા શિષ્યને અધિક ગુણવાળાએ સ્વીકારેલો અને આચરેલો ધર્મ પાલન કરવાનો આગ્રહ કર્યો. સાધુસમાજની (સ્વધર્મ પાલન કરનાર પાંડવ-પક્ષની) રક્ષા અને દુષ્કૃત દુરાચારી એવા કૌરવપક્ષના વિનાશને માટે, તથા ધર્મના સંસ્થાપન માટે હું યુગે યુગે આવું છું તેમ અત્યારે પણ આવ્યો છું; જન્મ ન હોવા છતાં જન્મ

લીધો છે એવો આભાસ ઊભો થયો છે, એવું અવતાર રહસ્ય સમજાવ્યું.

પ્રવૃત્તિ કે નિવૃત્તિમાર્ગનું શિક્ષણ આચાર્ય-શિષ્યની પરમ્પરા દ્વારા જ પ્રાપ્ત થતું આવ્યું છે એ આપણે જોઈ ગયા. શિક્ષક અને શિક્ષાર્થીની શિક્ષણ પદ્ધતિ વર્ગમાનકાલમાં પણ ચાલુ છે એ જ સિદ્ધ કરે છે કે પરા અને અપરા વિદ્યાઓમાં શિક્ષણક્રમ તો હોવો જ જોઇએ કારણ કે એ સહજ અને સ્વાભાવિક છે.

પિતાપુત્રની સંતતિપરમ્પરામાં પણ ઘણે ઠેકાણે પિતાએ પુત્રને શિક્ષણ આપતા અને વ્યવહારજ્ઞાન તો પિતાના જીવનમાંથી પણ અનુભવ મેળવીને પ્રાપ્ત થતું. અપરા વિદ્યાઓના શિક્ષણમાં ગુરુશિષ્યની પરમ્પરા હતી, પણ એ બધામાં કેવલ વ્યવહાર-પૂરતો જ સંબંધ નહોતો. વિદ્યા પ્રાપ્તિમાં કેવલ શુષ્કવાણીનો, પાંડિત્ય પ્રદર્શનનો, શબ્દ ભંડાર વધારવાનો, કે પુસ્તક રાશિને કંઠસ્થ કરવાનો હેતુ નહોતો. આચાર્ય એમાં પોતાનું હૃદય રેડતા. શિષ્ય આજ્ઞાકારી સેવક હતો, શ્રદ્ધાભક્તિથી પુત્રતુલ્ય વિનમ્ર રહેતો, સંયમી અને સદાચારી હતો, તપસ્વી હતો, પ્રાણાન્તે પણ પ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠાવાન્ હતો, જેથી આચાર્યના ચિદાકાશમાં રહેલી દેવી સરસ્વતી પોતાની વિદ્યાધારાનો અંતર-માંથી વાત્સલ્યધોધ વહેવરાવતી; અમૃતવર્ષા કરતી: શિષ્યના વિદ્યાતુર હૃદયમાં એનું સિંચન થતું. આચાર્યના બુદ્ધિ, મન, પ્રાણ, ધર્મ, આચાર, વિચાર, જ્ઞાન, બધાં શિષ્યનાં જીવનમાં સ્વભાવસિદ્ધ પ્રવાહરૂપે ઊતરતાં અને શિષ્ય શિષ્ય મટીને ગુરુ-સ્વરૂપ બની રહેતો. પોતાના આચાર્યનો વિનમ્ર શિષ્ય રહેવા છતાં વિદ્યાતુરો એની પાસે શિષ્યભાવે આવીને એને આચાર્ય સ્થાને સ્થાપતા અને પરમ્પરા પ્રાપ્ત જ્ઞાનામૃતનું આસ્વાદન કરતા.

પિતાપુત્રની પરમ્પરા દ્વારા પણ બન્ને વિદ્યા પ્રાપ્ત થતી જોઇએ છીએ. પરંતુ એમાં પિતાપુત્રના શારીરિક સંબંધની મહત્તા ન રહેતાં કેવલ આચાર્ય શિષ્યનો આત્મિક સંબંધ જ રહેલો દેખાય છે. છાંદોગ્ય ઉપનિષદ્‌માં ઉદ્દાલક અને શ્વેતકેતુના સંબંધમાં પુત્ર જ્યારે પિતાને બ્રહ્મનિષ્ઠ આચાર્યસ્થાને સ્થાપે છે ત્યારે જ એને તત્ત્વમસિ મહાવાક્ય દ્વારા બ્રહ્મજ્ઞાનામૃતનું સિંચન થાય છે.

પિતાપુત્ર વચ્ચે શારીરિક અને માનસિક એમ બે જાતનો સંબંધ હોય છે પ્રથમ સંબંધની દૃષ્ટિએ પતિપત્નીની દેહ-વાસનામાંથી ઉત્પન્ન થયેલા પિત્રાપુત્રમાં મોહમમત્વનાં બંધન રહેતાં હોવાથી પુત્રને પિતામાં બ્રહ્મબુદ્ધિ થવાનો સંભવ બહુ જ ઓછો રહે છે. પરાવિદ્યાના શિક્ષણમાં આચાર્યમાં શિષ્યને બ્રહ્મબુદ્ધિ સ્થાપવાની હોય છે, જ્યારે અપરાવિદ્યામાં કેવલ પૂજ્યબુદ્ધિની જ ઉપયોગિતા છે. મુખ્યત્વે તો બધી વિદ્યાઓના અધ્યયન-અધ્યાપનમાં શિષ્ય અને આચાર્યની પરંપરામાં કેવલ આત્મિક સંબંધ જ હોય તો એ શિક્ષણ વિશુદ્ધ બને છે. બન્ને પ્રકારની વિદ્યાના શિક્ષણ માટે આચાર્ય-શિષ્યની પ્રણાલિકામાં જો શારીરિક દૃષ્ટિવાળો દેહાધ્યાસ વધે એવાં મોહમમત્વ હોય, તો પરાવિદ્યાનું શિક્ષણ તો ફલીભૂત જ થતું નથી. બન્ને વિદ્યામાં આચાર્ય-શિષ્ય પરમ્પરાની હવે સંક્ષિપ્ત વિવેચના કરીએ.

(૧) પરા તથા અપરા વિદ્યાની બે શિક્ષણ પ્રણાલિકાઓ સ્વાભાવિક હોઇ બન્નેમાં આચાર્ય-શિષ્યની એકધારી પરમ્પરા પરાપૂર્વથી અવિરતભાવે ચાલી આવે છે.

(૨) આચાર્ય-શિષ્યનો સંબંધ પિતાપુત્રના જેવો જ,

આચાર્યનાં વાત્સલ્ય તથા શિષ્યના ભક્તિભર્યા પૂજ્યભાવ સાથે આજ્ઞાધીનતાનો હોવો જોઇએ એવું સર્વશાસ્ત્રોનું સર્વસંમત વિધાન છે.

(૩) અપરા તથા પરાવિદ્યામાં પિતાપુત્રના સંબંધની સાથે સાથે આચાર્ય-શિષ્યનો સંબંધ હોવાનાં દૃષ્ટાન્તો છે પરંતુ તે નિયમ નથી, કેવલ અપવાદ માત્ર છે.

(૪) પરા વિદ્યાના શિક્ષણમાં પિતાપુત્ર વચ્ચે શારીરિક મોહમમત્વનો સંબંધ હોવાનો સંભવ કે ભય રહેલો હોઇ પરાવિદ્યાનું શિક્ષણ આપવામાં એ બાધક નીવડે છે, કારણ કે એ શિક્ષણમાં આચાર્યમાં બ્રહ્મભાવભરી જે શ્રદ્ધા હોવી જોઇએ એની એમાં ક્ષતિ રહી જાય છે. અપરા વિદ્યામાં કદાચિત એ ક્ષન્તવ્ય ગણી શકાય, કારણ કે એ વિદ્યાઓ સાંસારિક અર્થને સિદ્ધ કરનારી છે. પરાવિદ્યાના શિક્ષણમાં સંસારવૈરાગ્યની ભૂમિકા હોવાથી સંપૂર્ણપણે સાંસારિક સંબંધ કે મમતા બાધક નીવડે છે.

(૫) પરાવિદ્યામાં આચાર્ય બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મશ્રોત્રિય હોવો જોઇએ તે વિના શિષ્યને બ્રહ્માનુભવ થઇ શકતો નથી. અપરા વિદ્યાના આચાર્ય કરતાં પરાવિદ્યાના આચાર્યમાં વિશિષ્ટત્વ એ છે કે એક જીવભાવી, દેહાધ્યાસી, દ્વૈતબુદ્ધિવાળો, કર્મ તથા ઉપાસનાનિષ્ઠ પ્રવૃત્તિ ધર્મવાળો છે જયારે બીજો બ્રહ્મભાવી, દેહમુક્ત અદ્વૈતનિષ્ઠાવાન છે. પરા વિદ્યાનો આચાર્ય હૃદયદાન આપે છે. બ્રહ્મવિદ્‌ના અંતરમાં ભારોભાર ભરેલું બ્રહ્મામૃત અધિકારી શિષ્યમાં પૂરેપૂરું ઠલવી દેવાનું હોવાથી આચાર્યનાં બ્રહ્મભાવભર્યાં અભ્યાસ અને વૈરાગ્ય શિષ્યના હૃદયમાં ત્યારે જ ઊતરે છે જયારે એ ચિત્ત સંસારવાસનાથી મુક્ત થયેલું હોય.

(૬) આ બધામાં ચાલતી મિશ્ર વ્યવસ્થામાં સરલતા લાવવા

માટે આપણે એ પરમ્પરા જુદી પાડી દઈએ. એક પ્રજાસન્તતિ માટેના ગૃહસ્થાશ્રમી, એમાંથી ઊભી થતી પિતાપુત્રની પરમ્પરા જેમાં પતિપત્નીના કામવિકારને લીધે જાતીયવાસનાની તૃપ્તિમાંથી ઊભી થતી પ્રજોત્પત્તિ હોય છે; એમાં સાંસારિકતા વત્તાઓછા પ્રમાણમાં રહે છે; એ પરમ્પરામાં વર્ણ કે કુલજાતિનું અભિમાન રહેતું હોવાથી પરાવિદ્યાનું શિક્ષણ આપવું લેવું અસંભવિત છે. પ્રવૃત્તિમાર્ગમાં પ્રધાનપણે કર્મકાંડનું શિક્ષણ હોય છે તેનાથી લોક પરલોકનાં આવાગમનવાળા સ્વર્ગરોહણ સુધીનાં સકામ યજ્ઞયાગ, મંત્રાનુષ્ઠાન કે એવાં ઉપાસનામિશ્ર સાધન-સાધનાનું શિક્ષણ મેળવી શકાય છે. પણ સંસારમુક્ત, દ્વૈતથી પર એવા પરબ્રહ્મનું શિક્ષણ એ પરમ્પરામાં મેળવવું અશકય અને અસંભવિત છે.

(૭) બીજી છે પરાવિદ્યાના આચાર્ય–અનેવાસીની સદ્‌ગુરુ શિષ્યની પરમ્પરા. અહીં હવે અપરાવિદ્યાના શિક્ષણનો વિચાર કરવાનો નથી. કેવલ પરાવિદ્યાનું જ આન્તરદાન દેવાનું હોય, જ્યાં બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ અને વૈરાગ્યસંપન્ન અધિકારી શિષ્યનો જ સંબંધ હોય ત્યાં શારીરિક રકત સંબંધ નહીં પણ કેવલ માનસિક સંબંધ જ ઈષ્ટ છે. કારણ કે એ સાધનામાં શિષ્યને સદ્‌ગુરુમાં નિર્ગુણ બ્રહ્મની પ્રતિષ્ઠા સિદ્ધ કરવાની છે. સદ્‌ગુરુને સાક્ષાત્ બ્રહ્મ માનવાના છે; વ્યવહારપક્ષે એ જ એના સગુણ બ્રહ્મમૂર્તિ ભગવાન છે, અને પરમાર્થ પક્ષે ઉપાસ્ય નિર્ગુણ બ્રહ્મ છે એવી શ્રદ્ધા એનું પ્રથમ સાધન છે.

(૮) જે પરમ તત્ત્વ રજોગુણ સ્વરૂપે સૃષ્ટિ-સર્જન કરે છે તેમાંથી માનવજાતિનો આવિર્ભાવ થાય છે. એમાંથી શારીરિક વંશવારસોની પરમ્પરા ચાલે છે. દેહભોગના રજોગુણની કામ-વાસનામાંથી એ જન્મેલા હોઇ મનુ–શતરૂપા (મનુ એટલે

આદિમાનવ સ્વરૂપે પુરુષચૈતન્ય; શતરૂપા એટલે અસંખ્ય રૂપો ધારણ કરનારી માયાશક્તિ; પંચ તત્ત્વરૂપ પ્રકૃતિ)ના વંશવારસો છે. દેહધારીમાં દેહાધ્યાસ હોય, દેહાધ્યાસ હોય એટલે ત્રીજા પુરુષાર્થ કામનો વિકાર હોય. કામવિકાર હોય તો જ જાતીય ભોગેચ્છા હોય, એટલે એમાંથી પુત્રપરિવારની જન્મ પરમ્પરા ચાલે. એ કામવિકાર રજોગુણનો ધર્મ છે; એમાં દેહાભિમાન, મમત્વ, મોહ, જન્મમરણભાવ, ભોગવાસના વગેરેની પ્રધાનતા હોવાથી ધર્મ અર્થ અને કામ નામના ત્રણ પુરુષાર્થ સુધી જ એનાં વિસ્તાર છે. એ જીવન પણ શાસ્ત્રમર્યાદામાં રહીને ગાળવાથી ઉન્નત બની શકે છે.

(૯) પન્તુ મોક્ષ નામના ચતુર્થ પુરુષાર્થમાં ત્યાગ, વૈરાગ્ય, કર્મ સંન્યાસ, ઈંદ્રિયદમન, ચિત્તશાંતિ, સંસાર વ્યવહારની ઉપરામતા, દ્વંદ્વ સહન કરવાની તિતિક્ષા, ગુરુ–શાસ્ત્રવાક્યમાં શ્રદ્ધા અને તે દ્વારા કેળવેલું સમાધાન, તદુપરાંત વેદાન્ત શાસ્ત્રનું ગુરુમુખે શ્રવણ, તેના ઉપર વિવેક વિચાર પૂર્વકનું મનન-ચિંતવન, તેમાં મેળવેલા અદ્વૈત બ્રહ્મના શિક્ષણ ઉપદેશ વડે નિદિધ્યાસન અને એમાંથી અંતિમ ફલ જેવી નિર્વિકલ્પ મનોદશા, એ મુખ્ય સાધન છે. આ સાધન ગૃહસ્થાશ્રમની ગડમથલમાં સંભવી શકે એવાં નથી. એમાં અપવાદ હોઈ શકે એ આપણે કહી ગયા છીએ. કોઈ બ્રહ્મચર્ય-આશ્રમમાંથી પૂર્વસંસ્કારના વિરક્તચિત્ત હોય, તો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરતાં મોક્ષસાધન જેવા ચતુર્થ આશ્રમનો જ સ્વીકાર કરીને બ્રહ્મનિષ્ઠનું શરણ શોધે છે. કોઇને ગૃહસ્થાશ્રમના અલ્પસ્વલ્પભોગથી જ એની નિ:સારતાનું ભાન થાય તો તત્કાલ બળતા ઘરમાંથી કૂદકો ભૂસકો મારીને નીકળતા બળેલા દાઝેલાની પેઠે ચતુર્થ આશ્રમ માટેની દોટ મૂકે છે; કોઇ વાનપ્રસ્થઆશ્રમ સુધી પહોંચીને વનવાસમાં કઠોર તપશ્ચર્યા તથા મંત્ર-અનુસ્થાનમાં નિમગ્ન બને છે,

અને તેમાંથી ઉપર ઊઠીને ચતુર્થાશ્રમના કર્મસંન્યાસના તેમ જ ઉપર લખેલાં શ્રવણ, મનનં, નિદિધ્યાસનના સાધનમાં એકનિષ્ઠ મુમુક્ષત્વથી તત્પર બને છે.

(૧૦) બ્રહ્મજ્ઞાન અને એના પર્યાયશબ્દ જેવા આત્મજ્ઞાન આત્મસાક્ષાત્કાર, જીવન્મુક્તિના માર્ગની જે સાધન સાધના છે એ બધી સંસારનિવૃત્તિની છે. પત્ની, પુત્રપરિવાર, ધનવૈભવ, દેહસંબંધો વગેરેની એમાં જરાયે આવશ્યકતા નથી એટલું જ નહિ પણ એ બધાં મુમુક્ષુના સાધનમાર્ગમાં ચિત્ત ઉપર મોહ-પ્રલોભનથી સત્તા જમાવવા માટેનાં વિઘ્નો છે; અત્યંત બાધક છે. સમસ્ત દ્વૈત પ્રપંચ ભ્રાન્તિમૂલક છે, કર્તાભોક્તાપણું મનઃકલ્પિત છે; સંસારના અશ્વત્થવૃક્ષનો અસંગ (વૈરાગ્ય) શસ્ત્રથી મૂલોચ્છેદ કરવાનો છે, જીવ ઈશ્વર વગેરેના ભેદનું મિથ્યાત્વ સમજીને અધિષ્ઠાન પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવાનો છે, એવી સાધન પ્રણાલિકામાં ત્યાગ અને વૈરાગ્ય જ આવશ્યક હોઇ, ગૃહસ્થાશ્રમી રહીને મુમુક્ષત્વની ઇચ્છા કરવી તથા એ પ્રમાણે અદ્વૈતજ્ઞાનની પ્રાપ્તિ કરવી તદ્દન અશક્ય છે.

(૧૧) સંન્યાસપક્ષી આચાર્યો કે પંડિતો જ્યારે મોક્ષ ધર્મ માટે ચતુર્થાશ્રમની અનિવાર્ય આવશ્યકતા માને છે, એ માટેના ઉપનિષદ્ પ્રમાણો છે, ત્યારે 'આપણને એકનાથ, તુકારામ, ગુરુ નાનકદેવ, સંત કબીર તેમ જ એવા અસંખ્ય ગૃહસ્થાશ્રમી સન્તોની એક પરમ્પરા જોવા મળે છે જેમાં બ્રહ્માનુભૂતિ સર્વમાન્ય દીપી રહી છે. એનો આપણે થોડો વિચાર કરીએ.

(૧૨) ઉપરનો વિષય વિશદ ચર્ચાભર્યા મતભેદનો છે. આપણે આપણા વિષય પૂરતું થોડું મનન કરીએ અને એ માટે સંક્ષિપ્તમાં એક દૃષ્ટાન્ત દ્વારા પતાવીએ. વ્યાધિનિવારણ

માટે બે પ્રકારના નિષ્ણાતો આપણે જોઇએ છીએ (૧) શાળા મહાશાળામાં પ્રદ્ધતિસર અભ્યાસ અને અનુભવ મેળવીને પદવીધર બનેલા રાજ્યમાન્ય વૈદ્યો કે દાકટરો (૨) સાંભળીને કે પ્રસંગ પડતાં આપમેળે શીખી અનુભવીને નિદાનચિકિત્સા કરનારો બીજો સમાજમાન્ય સામાન્ય વર્ગ. રાજ્યમાન્ય વૈદ્ય દાકટરો તો પોતાના વિષયમાં નિષ્ણાત હોવા જોઈએ જ. એમણે વ્યાધિગ્રસ્તના રોગનિવારણ કરવા જ જોઇએ કારણ કે એ વર્ગ એ માટે જ શાસ્ત્રીય અભ્યાસ કરીને ઉત્તરદાયિત્વ સ્વીકારેલો કુશળ વર્ગ છે. એ પોતે એ વિષયના નિષ્ણાત છે એમ એઓ કબૂલ કરે છે. એ રાજ્યમાન્ય હોવાથી એમનાથી એ માટે ના કહેવાય એમ જ નથી. એ દષ્ટિએ એ વર્ગ તે આયુર્વેદ (જીવનવિજ્ઞાન) નિષ્ણાત વૈદ્ય-દાકટર વર્ગ- આ થયો સર્વ પ્રસિદ્ધ રાજ્યમાન્ય વર્ગ.

બીજો વર્ગ પૂર્ણપણે નિષ્ણાત હોવા છતાં એમને શિરે ઉત્તરદાયિત્વ નથી. એ સમાજમાન્ય હોય પણ રાજ્યમાન્ય તો નથી જ. તેઓ પોતાનાં સ્નેહી સંબંધીનું હિત સાધી શકે છે; પરંતુ પહેલા નિષ્ણાતવર્ગને જેમ રાજ્યમાન્ય અધિકાર છે, એમને હાથે કોઇની જીવનહાનિ થઇ, તો પણ દોષ રોગીને શિરે આવે છે, કારણ કે વૈદ્ય રાજ્યમાન્ય નિષ્ણાત હોઈ રોગીના રોગની ભયંકરતા અને અપથ્યપાલન જ એમાં નિમિત્ત મનાય છે, જ્યારે બીજા વર્ગને હાથે કોઈની જીવનહાનિ થાય તો એમાં રોગી નહિ, પણ એ અનુભવી કહેવાતો વૈદ્ય રાજ્ય વિધાનથી દોષિત કરે છે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે પહેલો વર્ગ નિદાન-ચિકિત્સા માટેનો પદવીધર છે તેથી એનું ઉત્તરદાયિત્વ છે; આ થયો સર્વસાધારણ સર્વમાન્ય, રાજ્યમાન્ય, સમાજમાન્ય

વર્ગ. બીજો વર્ગ પદવીધર, સર્વમાન્ય; રાજ્યમાન્ય કે સમાજ માન્ય નથી તેથી એક અપવાદરૂપે છે. એકને ઉત્તરદાયિત્વ છે, બીજાને નથી, એટલો બન્નેમાં સામાન્ય તફાવત સમાજવા જેવો છે.

(૧૩) આ દૃષ્ટાન્તને આપણે બ્રહ્મવિદ્‌ગણને લાગુ પડવાનું છે. ચતુર્થ આશ્રમની વ્યવસ્થા જ એવા પ્રકારની હતી કે આંતર-બાહ્ય ત્યક્તવિરક્ત બ્રહ્મવિદ્ હોવો જ જોઇએ એ થયો સામાન્ય નિયમ. ચતુર્થાશ્રમી સંન્યાસ પણ બે પ્રકારનો છે; એક વિવિદિષા અને બીજો વિદ્વન્. વિવિદિષા એટલે જ્ઞાનપ્રાપ્ત કરવાની ઈચ્છાથી સાધન તરીકે સ્વીકારેલો સંન્યાસધર્મ. વિદ્વન્ એટલે અન્ય આશ્રમમાં જ પૂર્વસંસ્કારના બળને લીધે કે બ્રહ્મવિદ્ બનીને જ સંન્યાસ ધારણ કરેલો વર્ગ. આવા બે પ્રકારના સંન્યાસીઓમાં પ્રથમથી જ બ્રહ્મવિદ્ હોય, વિદ્વન્ સંન્યાસી હોય અથવા વિવિદિષા સંન્યાસ લીધા પછી બ્રહ્મવિદ્‌ની ભૂમિકાને પ્રાપ્ત થયો હોય, એ જ બ્રહ્મવિદ્યાનો આચાર્ય બની શકે છે, બનવો જ જોઇએ. વૈદ્ય દાક્તર જેમ નિદાનચિકિત્સા પ્રવીણ હોવો જ જોઇએ એ જ ન્યાયે ચતુર્થાશ્રમી સંન્યાસી બ્રહ્મજિજ્ઞાસુ કે બ્રહ્મવિદ્ હોવો જ જોઇએ. આ હતી બ્રહ્મચર્યઆશ્રમથી માંડીને પ્રવૃત્તિમાર્ગથી પર એવા નિવૃત્તિમાર્ગની અંતિમ ભૂમિકાએ પહોંચવાની આપણી આશ્રમવ્યવસ્થાની અલૌકિક યોજના અને જ્ઞાનમાર્ગની આચાર્યપરંપરા.

(૧૪) બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં આશ્રમધર્મ જ સહાયક છે. એ વાત સાચી હોવા છતાં એમાંયે અપવાદ હોય છે. માનવજીવન અત્યંત રહસ્યમય છે. એ એક ગૂઢ અને કૂટ પ્રશ્ન છે. એના જીવનવિકાસમાં પૂર્વસંસ્કાર પ્રબલ ભાગ ભજવે છે; મનુષ્યના જીવનકમલની કઇ પાંદડી કેટલી વયે, કયે સ્થાને,

કયે સમયે, કયા પ્રસંગનું નિમિત્ત મેળવીને પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં, આધિભૌતિકમાંથી અધ્યાત્મ પ્રદેશમાં ઊતરી પડે છે એવા અગમ્ય રહસ્યનો પાર પામવો અઘરો છે. આજનો દેખાતો સંસારી આવતી કાલે, અરે બીજી જ ક્ષણે કોઈ આંતર કે બાહ્ય પ્રસંગનિમિતનો ધક્કો વાગતાં સંસારમાં સરતો-ઘસતો અટકીને પાછો વળે છે, નિવૃત્ત થાય છે, અન્તર્મુખી બનીને મોક્ષપંથે પ્રયાણ આદરે છે. બિલ્વમંગળ, તુલસીદાસ જેવાં અસંખ્ય પાત્રો આપણી ભારતભૂમિમાં છે; દરેક સંપ્રદાય કે ધર્મમાં એવા સંતો જાગ્યા છે કે જેમની પૂર્વજીવનની સાંસારિક કલા કરતાં ઉત્તર જીવનની કલામાં દિવ્ય પ્રેરણાબલ અત્યંત ઉચ્ચતર હોય છે. ઉપર લખ્યું છે તેમ ગમે તે આશ્રમમાં કોઇ અદૃષ્ટની અગમ્ય પ્રેરણાથી કઈ ધન્યપળે આંતર કે બાહ્ય નિમિત્ત મળતાં જીવનવર્તન ઊર્ધ્વગામી બની જાય છે એ કલ્પનાતીત રહસ્ય છે. પરન્તુ એ ઊર્ધ્વગામીઓમાં આપણને દિવ્ય-મહાદિવ્ય વિભૂતિઓનાં પ્રાણ-દર્શન મળે છે. એક કાલે સાંસારિકભાવમાં રમતો, રાચતો કે દેખાતો જીવાત્મા કોઇ બીજી જ પળે અંતરની પ્રેરણા વડે બ્રહ્મવિદ્ બની બેસે એમાં જરાયે આશ્ચર્ય કે અકસ્માત જેવું નથી.

(૧૫) છતાં ચતુર્થાશ્રમીથી ઈતર આચાર્ય હોય તે અપવાદ ગણાય છે. એકનાથ, તુકારામ, નાનકદેવ, કબીર કે પરાપૂર્વના વસિષ્ઠ યાજ્ઞવલ્ય, જનક વગેરે તત્ત્વવિદ્ હતા તેથી એમનું જીવન જિજ્ઞાસુ માટે અનુકરણીય ન કહેવાય. અપવાદ કોઇ દિવસ નિયમ બની શકતો નથી એ ન્યાયે ચતુર્થાશ્રમી અને અન્ય આશ્રમીઓમાં દેખાતા બ્રહ્મવિદોમાં તફાવત છે; ચતુર્થાશ્રમી તો બ્રહ્મવિદ્ હોવો જ જોઇએ, કારણ કે એ માટે એમનું જીવનતપ છે. જયારે અન્ય આશ્રમી બ્રહ્મવિદ્ હોય

કે ન પણ હોય તેથી એમની ઊણપ ગણાતી નથી–હોય તો તે ભૂષણરૂપ છે, ન હોય તો એમનો દોષ નથી, જ્યારે ચતુર્થાશ્રમી બ્રહ્મવિદ્ હોવો જ જોઇએ, હોય તો એમની શોભા વધતી નથી, ન હોય તો એટલી એમની હીનતા છે.

(૧૬) વર્ણ અને આશ્રમની સમાજવ્યવસ્થા વૈદિક ધર્મનું અદ્વિતીય અને મૌલિક સંશોધન છે. પ્રકૃતિની ત્રિગુણાત્મક શોધના જેવી એ પણ સ્વાભાવિક છે. ગુણ પ્રમાણે વર્ણવિભાગ સ્વીકારીને સ્વધર્મકર્મમાં કર્તવ્યપાલન કરવાથી ક્રમિક ઉન્નતિ સહજસાધ્ય બને છે, સમાજની વ્યવસ્થા સુરક્ષિત રહે છે; સ્વભાવ પ્રમાણે કર્મ થાય, ક્રમઉન્નતિ સિદ્ધ થાય, સમાજમાં સંપ, સંતોષ, સંઘબલ સંગઠિત રહે એ એનો હેતુ છે. શાસ્ત્રાજ્ઞામાં શ્રદ્ધાભક્તિ તથા ઉચ્ચ સ્વભાવના વર્ણ માટે પૂજ્યભાવ રહે એવી વ્યવસ્થા હોવાથી એ ધર્મો ઉન્નતિના સાધક બને છે. માનવ શરીરધારી જીવાત્માને જો વર્ણધર્મ પ્રમાણેનું શિક્ષણ ન મળે તો કેવલ આહાર, નિદ્રા, ભય અને પ્રજોત્પત્તિના પશુધર્મમાં એ રચ્યોપચ્યો રહે. એ પશુધર્મનો ત્યાગ અને બુદ્ધિપ્રધાન મનુષ્યધર્મનું પાલન થાય, વેદોક્ત પદ્ધતિથી યજ્ઞદાન તપ વગેરે માટે વેદાભ્યાસનો અધિકાર મેળવવા માટે ઉપનયન સંસ્કાર થાય, ત્યારે દેહબુદ્ધિવાળા શારીરિક જન્મ ઉપરાંત યજ્ઞસંસ્કાર માટે આવશ્યક એવી આત્મભાવના માટેનો યજ્ઞોપવિત વડે બીજો જન્મ મળતો; એ દ્વિજ બનીને યજ્ઞ કર્યા કરતો, તપશ્ચર્યા થતી, દાન અપાતાં અને એ બધામાં ધર્મપાલન જ થતું. લોકલોકાન્તરના આવાગમન સુધીની જ એમાં વિદ્યાધ્યયન અને વ્યવહાર પદ્ધતિ હતી, અને અપરાવિદ્યાના શિક્ષણ માટેની આચાર્ય-શિષ્યની પરમ્પરા એમાં પ્રચલિત અને ઉપયોગી હતી.

(૧૭) વર્ણવ્યવસ્થાના સિદ્ધાંતમાં સમાજના સંઘટ્ટનનું

ધ્યેય હતું. અત્યારે વર્ણભેદમાં નાતજાતની જે અથડામણો અને વાડાબંધી છે, રૂઢિરિવાજોમાં કુસંપભર્યાં ક્લેશકલહ છે, બ્રાહ્મણના પણ ચોર્યાસી ઉપરાંત મુખ્ય વિભાગ અને તેમાં પણ અંદર અંદર દેશ કે પ્રાંતભેદે લગ્નવ્યવહાર રોટીવ્યવહાર કે રૂઢિરિવાજને લીધે અસંખ્ય ગોળ જેવા પેટાવિભાગ છે, તે એક જ બ્રાહ્મણવર્ણનાં કાલક્રમે થયેલાં વિકૃત સ્વરૂપો છે. આવું જ ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રવર્ણમાં છે. ચારેવર્ણમાં આંતર વિભાગો એટલા બધા વધી પડ્યા છે કે ચારની ચાર હજાર જેટલી વિકૃતિભરી વર્ણવ્યવસ્થા બની ગઈ છે; એણે કુટુંબભેદ ગ્રામભેદ, દેશભેદ, પ્રાંતભેદ, આચારવિચારભેદ, આહારવિહાર ભેદ, લગ્નસંબંધભેદ, રૂઢિભેદ, અને આગળ વધતાં આર્થિકભેદ, તથા સમાજભેદનાં વર્તુલો ઊભાં કરીને નરી વર્ણસંકર અવસ્થા લાવી મૂકી છે. આપણે જે વર્ણભેદની વાત કરીએ છીએ તે પૂર્વસંસ્કાર પ્રમાણે અને વિદ્યાશિક્ષણથી આવી મળતા મુખ્ય ચારવર્ણના સ્વભાવભેદ પ્રમાણેના વિભાગ છે. એ વિષે સ્મૃતિઓમાં અને પુરાણોમાં મતભેદ છે; વર્ણવ્યવસ્થાનું વેદકાલીન ચિત્ર બહુરંગી હોવાની સાથે બહુ જ ઉદારમતવાદનું છે; એમાં સંકીર્ણ મનોદશાએ પ્રવેશ કરીને સર્વત્ર શંકાકુશંકા, કુસંપ, કલેશ અને કલહનાં જ આંદોલનો ઊભાં કર્યાં છે. પરંતુ વર્ણ ચાર હોય કે ચૌદ, ચોવીસ, ચારસો કે ચારહજાર એ બધા ત્રણ ગુણ પ્રમાણે ગોઠવી રાખેલાં સ્વભાવ લક્ષણોમાંજ સમાઈ જાય છે. ગમે તેટલું મન્થનશોધન ચાલે, પણ એ બધા ત્રિગુણાત્મક પ્રકૃતિના ભેદ છે. ત્રણ ગુણના મિશ્રણમાંથી ૩x૩=૯ થાય કે ૯x૯=૮૧ ભેદ થાય—એ બધા મૂલ ત્રણ રંગમાંથી મિશ્રપદ્ધતિને પરિણામે દેખાતા અસંખ્ય રંગો જેવું છે. શાસ્ત્રો તો કેવલ મૂલ સિદ્ધાન્તને સમજાવે છે. કાલ ધર્મ પ્રમાણે પ્રકૃતિમાંથી વિકૃતિ ઊભી થતાં એમાં ત્રણના ત્રણહજાર રંગની છાંટ થાય, આછા

પાતળા કે ઘેરા વર્ણના ભેદ પડે, એની સાથે ત્રિગુણાત્મક સ્વભાવના મૂલ શાસ્ત્રીય સંશોધનને જરા પણ બાધ આવતો નથી.

(૧૮) આવી રીતે સંસ્કાર શિક્ષણની બે પ્રણાલિકા આપણી સમક્ષ ઊભીથાય છે; પ્રવૃત્તિમાર્ગ માટે અપરાવિદ્યાની અને નિવૃત્તિ માર્ગ માટે પરાવિદ્યાની; બન્નેમાં આચાર્ય-અન્તેવાસી, સદ્‌ગુરુ-શિષ્યની આવશ્યકતા છે. એકમાં આચાર્ય તરીકે ગૃહસ્થાશ્રમી નિયમ તરીકે જ હોવો જોઇએ, બીજામાં ગૃહસ્થાશ્રમી આચાર્ય અપવાદ તરીકે હોય, નિયમ તરીકે તો ચતુર્થાશ્રમીજ હોવો જોઇએ.

(૧૯) વર્ણ વ્યવસ્થાવડે સ્વભાવ તથા સ્વધર્મ પ્રમાણેના કર્મકાંડનું શિક્ષણ આપીને માનવજાતિના સમાજનું સંગઠન સિદ્ધ કરવાનો હેતુ છે; પરન્તુ એમાં જે અન્તર્મુખી બનીને નિવૃત્તિ-માર્ગને ધર્મે વળવા ઈચ્છતા હોય તેમને માટે આશ્રમ વ્યવસ્થા છે, ચતુર્થાશ્રમી બનવાનું વિધાન છે, એ આપણે જોઇ ગયા. વર્ણધર્મના પાલનમાં નિષ્કામ કર્મવડે ચિત્તશુદ્ધિ, વાસના મુક્ત મનોદશા અને સંયમશીલ ચારિત્રવડે જીવનનું ઘડતર થયા છતાં પણ એમાં જે દ્વંદ્વનાં બંધન છે, તેમાંથી મુક્ત થવા માટે આશ્રમધર્મની વ્યવસ્થા હોય એમ લાગે છે. વર્ણભેદ જ્ઞાતિભેદ, શાસ્ત્રભેદ, જેવા અસંખ્ય ભેદની વાડાબંધી સંસ્કાર-શુદ્ધિ માટે ગોઠવી રાખી હતી, છતાં એમાં વ્યવહારપક્ષે ધર્મ, અર્થ અને કામ નામના ત્રણ પુરુષાર્થ સુધીની સિદ્ધિ માટેની જ ભૂમિકા હતી. તેથી ચોથા મોક્ષ નામના સર્વોત્તમ અંતિમ લક્ષ્ય માટે બધા ભેદ વ્યવહારના નિર્મૂલ ઉચ્છેદની આવશ્યકતા ઊભી રહે છે. એ બધા ભેદને, વાસના, સંસર્ગદોષ, ફલાસક્તિ વગેરેનો વૈરાગ્યબોધક અસંગ શસ્ત્રવડે ઉચ્છેદ કરીને ત્રિગુણ

ત્રિપુટી વાળા બ્રહ્માંડના લોકલોકાન્તરવાળા વ્યવહારમાંથી મુક્ત થઇને બ્રહ્માંડ જેમાં અધ્યસ્ત છે, એવા અધિષ્ઠાન બ્રહ્મમાં સચ્ચિદાનંદ- સ્વરૂપે તાદાત્મ્ય સિદ્ધ કરીને જીવન્મુક્તિ માણવાની છે. આવી રીતે ભાવી પ્રજાને સ્પષ્ટ, સરલ, અને પ્રત્યક્ષ દષ્ટાન્તરૂપે સિદ્ધ કરી આપવા માટેનો ચતુર્થાશ્રમ અનિવાર્ય ઉપયોગી નીવડયો છે અને નીવડશે, માત્ર વેદોક્ત ધર્મમાં જ નહિ પણ પૃથ્વીપરના બીજા જૈન, બુદ્ધ, ખ્રિસ્તી, ઇસ્લામ જેવા બધા બહુમાન્ય ધર્મોમાં પણ વિરક્ત, ત્યાગી, કેવલ ઇશ્વરભક્તિ પરાયણ કે પરમ આત્મતત્ત્વ માટે પ્રાણ ધારણ કરીને એકાકી, તપસ્વી જીવન ગાળનારા ચતુર્થાશ્રમી સંતોની સંખ્યા નાનીસૂની નથી, કારણ પ્રકૃતિનો એ સ્વાભાવિક ઉન્નતિક્રમ છે.

(૨૦) મોક્ષ ધર્મનો ઉપદેશક આચાર્ય બ્રહ્મનિષ્ઠ અને બ્રહ્મશ્રોત્રિય હોવો જોઇએ એવો શાસ્ત્રસિદ્ધાન્ત છે. બ્રહ્મનિષ્ઠ એટલે બ્રહ્મનો અનુભવ કરીને એમાં સતત્ નિષ્ઠા રાખનારો. બ્રહ્મશ્રોત્રિય એટલે ગુરુશિષ્ય પરમ્પરા દ્વારા સાધનસાધ્ય અને સાધનાનાં ફલ માટેનાં શાસ્ત્રોનું ગુરુમુખે શ્રવણ કરીને શ્રુતિધર થયો હોય એવો. એ અક્ષરજ્ઞાન પ્રવીણ સાક્ષર કે ઉહાપોહ વિચક્ષણ શાસ્ત્રી પંડિત હોવો જ જોઇએ એવો નિયમ નથી. શ્રોત્રિયનો અર્થ કેવલ શાસ્ત્રપંડિત કરવો યોગ્ય નથી. બહુવિધ બ્રહ્મવિદોના સત્સંગ શ્રવણમાંથી કોઇપણ ભાષા દ્વારા ઉપદેશ સુધાને સંઘરી સંઘરીને સ્મૃતિભંડારમાં જે શાસ્ત્ર સિદ્ધાન્તો ભરી રાખીને અનુભવગમ્ય કરે એ શ્રોત્રિય કહેવાય છે. આ રીતે (૧) આચાર્ય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રોત્રિય હોવો જોઇએ (૨) એ ગૃહસ્થાશ્રમી હોય તો અપવાદ છે, નિયમ નથી (૩) ચતુર્થાશ્રમી બ્રહ્મનિષ્ઠ હોવો જોઈએ એ નિયમ છે, એમાં અપવાદ ન સંભવી શકે અને તેથી જ તે આચાર્ય વાનો અધિકારી કહેવાય છે.

બ્રહ્મવિદ્ બનતાં પહેલાં બ્રહ્મજિજ્ઞાસુ હોય તો તે આચાર્ય ન હોઇ શકે; કારણ કે એનો સંન્યાસ વિવિદિષા દશાનો છે.

* * * *

આચાર્ય-અન્તેવાસી કે સદ્ગુરુશિષ્ય પરમ્પરા દ્વારા પ્રાપ્ત થતી સમસ્તવિદ્યામાં, આચાર્ય અને એ જે પ્રતિપાદન કરીને શાસ્ત્રરહસ્ય સમજાવે એમાં, અપ્રતિમ શ્રદ્ધા હોવી જોઇએ. વિદ્યાધ્યયન, આત્મસાક્ષાત્કાર, બ્રહ્મજ્ઞાન, જીવન્મુક્તિ, ઇશ્વરદર્શન ભગવદ્પ્રાપ્તિ વગેરે બધાં નામભેદે વિભિન્ન પણ ફલભેદે એકાર્થ-બોધક જે ધ્યેયલક્ષ્યો છે, એવા એ સાધનપ્રાસાદનું શ્રદ્ધાના પાયાથી ચણતર શરૂ થાય છે. પ્રથમ આચાર્ય શબ્દમાં શ્રદ્ધા અને પછી આચાર્યહૃદયનાં અધ્યાત્મ જ્ઞાનભંડારનાં દ્વારનું ઉદ્ઘાટન.

* * * *

શ્રદ્ધાની વ્યાખ્યા એવી છે કે આચાર્યના ઉપદેશમાં તથા એમનાં સદેહસ્વરૂપમાં બ્રહ્મભાવના રાખવી જોઇએ. બ્રહ્મદર્શનના મુમુક્ષુને આત્મસ્વરૂપે **તત્ત્વમસિ** મહાવાક્ય જેવો એ પોતે એ સમજે એવી ભાષામાં અને એની બુદ્ધિ યથાર્થ પ્રવેશ કરીને તાદાત્મ્ય ભોગવે એવા વિવેકવિચારનો બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રોત્રિય આચાર્યદ્વારા ઉપદેશશિક્ષણ મળે, અંતરમાં આત્મભાવનાની જાગ્રતિ થાય, વિવેકવૈરાગ્ય વગેરે ચાર બહિરંગ અને શ્રવણ, મનન, નિદિધ્યાસન જેવાં અંતરંગ સાધન સહજ સાધ્ય થાય એવી પ્રેરણા મળે, એટલે એને આચાર્યના શિક્ષણમાં, તથા એમણે સમજાવેલા સિદ્ધાન્તનાં શાસ્ત્રોમાં શ્રદ્ધા જામવા માંડે છે. એ શ્રદ્ધા શુષ્ક નથી, એમાં આત્મ-નિવેદનવાળી ભક્તિનું રસામૃત ભરેલું હોય છે. બન્નેના ઉપર

પ્રમાણના અધિકાર છે; શિષ્ય સાધનસંપન્ન હોવો જોઇએ. આચાર્ય સાધનાસિદ્ધ હોવા જોઈએ.

વેદસાહિત્યની વ્યાસભગવાને વ્યવસ્થિત ગૂંથણી કરી એમાં સંહિતા, બ્રાહ્મણ અને ઉપનિષદ એવા વિભાગ પડ્યા છે. કર્મકાંડ. ઉપાસનાકાંડ અને જ્ઞાનકાંડની સંજ્ઞા પણ એને આપી છે. કર્મ અને ઉપાસનાનો સાધનક્રમ પૂરો થયા પછી એનાથી પ્રાપ્ત થતાં લોકલોકાન્તરનું અનિત્યત્વ સમજાયા પછી નિત્યમુક્ત એવા તત્ત્વનું સંશોધન કરવા માટેની જે ઋષિઓની પરિષદો મળતી તેમાં ઉપાસ્ય તત્ત્વ માટે ચર્ચાઓ થતી, વાદવિવાદ થતા અને કર્મકાંડ તથા ઉપાસનાકાંડમાં જેને બ્રહ્મ માનીને ઉપાસના કરી હોય. એ વિષેનું સંશોધન થતું પરન્તુ એમાં જ્યારે નિર્ણયાત્મક તત્ત્વને અનુભવગમ્ય કહીને જે જે ઋષિઓ દ્વારા **नेह नानास्ति किंचन, अयमात्मा ब्रह्म, सर्वं खल्विदं ब्रह्म, अहं ब्रह्मास्मि, तत्त्वमसि, प्रज्ञानं ब्रह्म, एकमेवाद्वितीयम् ब्रह्म, सत्यंज्ञानमनंतं ब्रह्म** ઇત્યાદિ આત્મા અને બ્રહ્મનો અભેદબોધક શ્રુતિભંડાર શ્રુતિમાં સરી પડવા માંડ્યો, ત્યારે એ અદ્વૈતબોધક બ્રહ્મને અનુભવગમ્ય કરવા માટે મુમુક્ષુવર્ગ આચાર્ય સમીપ સમિપાણિ થઈને જતો. ત્યાં આચાર્યનો અન્તેવાસી બનીને એ શિક્ષણ ગ્રહણ કરતો. તે વખતે શ્રદ્ધા જ પરમ આધાર સ્વરૂપ હતી. ઋષિઓ દ્વારા જ્ઞાનકાંડના મંત્રોનો આવિર્ભાવ થયો. તે વેદના મંત્રોના સમૂહોનો અંત અથવા સમસ્ત જ્ઞાનનો અંત તેથી વેદાન્ત તરીકે એ ઓળખાયો. પરિષદમાં ભિન્ન ભિન્ન સાધન સાધનાની ચર્ચા માટે ઋષિઓ એકત્ર થતા; જ્યારે અહીં તો બ્રહ્મવિદ્ ઋષિ પાસે વિનમ્ર શિષ્યભાવે જે મુમુક્ષુ જાય તે એમના સાન્નિધ્યમાં બેસીને શ્રદ્ધાભક્તિ વડે પ્રશ્ન પૂછતો, અન્તેવાસી બનીને એકનિષ્ઠભાવે સેવા કરતો, સાધન સંપન્ન થતો અને **तत्त्वमसि** ના

મહાવાક્ય જેવા મંત્રના ઉપદેશ વડે સાક્ષાત્કાર કરતો. શિષ્યને અહીં અન્તેવાસી કહેતા. આ અધ્યયન ગુરુપરમ્પરાથી અવિચ્છિન્ન ભાવે ચાલતું હતું. અને ઉપ = પાસે નિ = નિશ્ચયપૂર્વક કે નિકટવર્તી બનીને સદ્ = બેસવું, કાપવું એવો અર્થ થતાં બ્રહ્મવિદ્ પાસે બેઠેલા અન્તેવાસીનું અજ્ઞાન નિશ્ચયપૂર્વક કપાઇ જતું. હૃદયગ્રન્થિનો ઉચ્છેદ થતો, શિષ્ય ખૂબ નિકટ બેસે, ગુપ્તતા સાચવે, ત્યાં જ અજ્ઞાનનો ઉચ્છેદ થાય તે તત્ત્વજ્ઞાનના રહસ્યને ઉપનિષદ્ વિદ્યા સંજ્ઞા અપાઇ છે. ભિન્ન ભિન્ન ઋષિઓ સમૂહરૂપે ચર્ચા કરે તે પરિષદ્ અને અન્તેવાસી શિષ્ય શિક્ષણ અનુભવ માટે આચાર્ય પાસે જઇને બેસીને ઉપદેશામૃતનું મુક્તપાન કરે તે હતું આચાર્ય શિષ્યરૂપે દ્વૈતમૂર્તિનું અદ્વૈત સ્વરૂપે આવિર્ભાવ પામતું **एकमेवाद्वितीयं ब्रह्म**ને પ્રત્યક્ષ કરતું ઉપનિષદ્. એ બે વ્યક્ત મૂર્તિઓ સાધન, સાધના અને સાધ્ય સંબંધે શું શું રહસ્યો ઉકેલતા હશે એ તો આચાર્ય મૌનરૂપે ઓળખાવે, અને શિષ્ય નિરંકુશ તૃપ્તિવડે પ્રકટ કરે; એટલે જ ઉપનિષદ્ એટલે રહસ્ય વિદ્યા અને રહસ્ય વિદ્યા એટલે જ ઉપનિષદ્.

અપરા વિદ્યાઓને સાંસારિક (લોકપરલોકગત વિષયજ્ઞાન માટેની) વિદ્યાઓ કહી છે, અને પરાવિદ્યાને બ્રહ્મ (લોકાતીત પરમતત્ત્વની) વિદ્યા કહી છે, કે એનાથી પરમતત્ત્વનું જ્ઞાન થાય છે અને દ્વૈતમૂલક લોકપરલોકાન્તર્ગત જન્મમરણનો નાશ થાય છે. ઋષિવર્યો અરણ્યનાં તપોવનોમાં, એકાન્ત આશ્રમોમાં તત્ત્વશોધન કરતા ત્યારે જિજ્ઞાસુ-મુમુક્ષુ એમનું શરણ શોધતા શિષ્યભાવે ત્યાં જતા અને એવા એકાન્તસ્થાને રહસ્યબ્રહ્મનું શિક્ષણ અપાતું. આવા અન્તેવાસીને અપાતા શિક્ષણનો લાભ અલૌકિક છે, પદ્ધતિ પણ અલૌકિક છે; કારણ કે આ બ્રહ્મોપદેશના અમૃતનું વર્ષણ બ્રહ્મવિદ્ ગુરુમુખથી સીધું કર્ણેન્દ્રિયના પાત્ર દ્વારા મુમુક્ષુ

ચકોરના તપ્તહૃદયમાં એકાન્તમાં થતું. ત્યાં એ બ્રહ્મબીજનું ગર્ભાધાન થતું. જેમાંથી જાણે ખીલ્યું એક સાક્ષાત્ બ્રહ્મવૃક્ષ. એ બ્રહ્મ કલ્પતરુનાં મૂળ, થડ, શાખા-પ્રશાખા, પત્ર, પુષ્પ અને ફલ બધાં બ્રહ્મામૃતથી સિંચન થતાં; એનો ભોક્તા બ્રહ્મવિદ્ થતો; અકર્તા છતાં કર્તા, અભોક્તા છતાં ભોક્તા, એવું એ નિર્ગુણ બ્રહ્મનું સશરીર બ્રહ્મવૃક્ષ અસંખ્ય ભાવી શિષ્યોને બ્રહ્મકલ્પતરુ બનાને બ્રહ્મભોગ ધરાવતું. ત્યાં પછી ગુરુશિષ્યની, પુરુષ પુરુષોત્તમની, નર-નારાયણની યુગલમૂર્તિ વિરાજમાન રહેતી; એમાંથી ઉદ્ભવેલાં અસંખ્ય ઉપદેશામૃતભર્યાં ઉપનિષદ રહસ્યો, ભિન્ન ભિન્ન બ્રહ્મવિદોએ ઉપદેશેલાં અને વિવિધ અધિકાર વાળા મુમુક્ષુઓ ઝીલેલાં એ ઉપનિષદોની સંખ્યાં અત્યારે તો ઘણી બની બેઠી છેઃ એકસોને વીસ ઉપનિષદોનો સંગ્રહ છપાયો છે. બીજાં પણ તંત્ર સાહિત્યનાં ઉપનિષદો છપાયાં છે અને છપાતાં જાય છે. ખ્રિસ્તધર્મીઓનું ખ્રિસ્ત-ઉપનિષદ અને મુસ્લીમોનું અલ્લા-ઉપનિષદ પણ છાપ્યું વણછાપ્યું જોવામાં આવ્યું છે. ભાષાભેદથી અને વિષયભેદથી એની પ્રાચીનતા-અર્વાચીનતાનો નિર્ણય બહુ સરલતાથી થઇ શકે એવો છે. ભ. શંકરાચાર્યે મુખ્ય બાર ઉપનિષદો પર ભાષ્ય લખ્યાં ત્યારથી એની મહત્તા વધારે મનાય છે. એમણે પોતાનો કેવલાદ્વૈતનો સિદ્ધાન્ત પોતાનાં ભાષ્યો દ્વારા સમજાવ્યો એટલે ત્યાર પછીના બીજા આચાર્યોએ પણ એના ઉપર ભાષ્યો લખીને પોતપોતાનો સિદ્ધાન્ત એમાંથી તારવી કહાડવાના પ્રયત્નો કર્યા છે. આ ઉપનિષદોમાં પ્રક્રિયા ભેદ હશે, સાધન વિષે જુદા જુદા ઉલ્લેખ હશે પણ પરમતત્ત્વ પરબ્રહ્મ તો એક અને અદ્વિતીય જ છે; એમાં ભેદ નથી તેથી નિર્ગુણ છે, ગુણ નથી તેથી ક્રિયા નથી, ક્રિયા નથી તેથી કર્મ નથી, કર્મફલ નથી ફલભોગ નથી, કર્મના હેતુસ્વરૂપ ઇચ્છા-વાસના નથી, નામરૂપગુણના ભેદ નથી, ભેદ નથી તેથી

વ્યવહાર નથી અને "આત્મા વ્યવહારમાં ઉતારી શકાય એવો નથી" એવું ઉપનિષદ સ્પષ્ટ ભાખી રહ્યાં છે, એટલે જે અવ્યવહાર્ય હોય તે કદી ભેદ, કર્મ, ફલ, ભોગ વગેરેમાં આવી શકે એવું હોય જ નહિ, તેથી એક, અદ્વિતીય અને નિત્ય મુક્ત છે એવું ભ. શંકરાચાર્ય પ્રતિપાદન કરે છે. આ સિદ્ધાન્ત માટે મતભેદ છે, પણ બ્રહ્મ નિર્ગુણ જ છે, સગુણ નથી, સગુણ હોય તો એને જ ઈશ્વર સંજ્ઞાથી ઓળખવું, ઇશ્વર નામ પડ્યું એટલે વિશ્વસ્વરૂપ ઐશ્વર્ય એમાં હોવું જોઇએ, ઐશ્વર્ય એટલે લોક-લોકાન્તરનાં સર્જન-રક્ષણની સાથે જીવાત્માઓની ગતિ-અવગતિની ઘટમાળ; એમાં થતાં અસંખ્ય કર્મો અને એ બધી ભાંજગડનો પાર આવે એમ જ નથી; એને માયા કહો, ઇશ્વરની લીલા કહો બ્રહ્માંડને આવું નિત્ય રહેનારું વ્યવહારભર્યું સત્ય કહો, એમાં આવનારા દ્વંદ્વની વાસ્તવિકતા સ્વીકારો તો પણ એક વાત સત્ય છે કે આ બધા પરિવર્તનશીલ દૃશ્ય વિશ્વની પીઠની પાછળ કોઇ સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપક, સર્વાધાર તત્ત્વ છે, જે હમેશાં આટલાં આટલાં માનવીય બુદ્ધિમાં ન આવે એવાં અકલ્પ્ય અને અસંખ્ય બ્રહ્માંડોને પોતાની છાતી ઉપર ઉછાળી ઉછાળીને રમાડે છે, છતાં હજુ પૃથ્વીપરના કોઇ પણ અવતારી પુરુષે, આચાર્યોએ, ઋષિમુનિઓએ તીર્થંકરોએ, બુદ્ધોએ ઇસૂખ્રિસ્તે, હઝરત મહમ્મદ પેગંબરે કે કોઇ સંતસાધુ, પીરપેગમ્બર, પાદરી મિશનરીએ એમ કહ્યું નથી કે આ બધાનો સૃષ્ટા ઇશ્વર આવું વિશ્વ બનાવીને દ્વંદ્વથી દુઃખી થાય છે, થાકી જાય છે, કંટાળ્યો છે, કે કોઈની એ માટે સલાહ પૂછે છે. નથી એનો કોઇ ખુલાસો કે નથી એનો એક જાતનો કોઇએ આપેલો ઉત્તર.

ભ. શંકરાચાર્ય એટલે જ એવી પ્રશ્ન પરંપરાની સાંકળમાં બુદ્ધિને બાંધી રાખનારને કહે છે કે એ માયા છે, આમતેમ

આવી તેવી, ક્યાંથી આવી, ક્યારે ઉપજી, એવા પ્રશ્નોની ભાંજગડમાં ઊતરવાની સ્પષ્ટ ના પાડીને એ છે કે નહિ, એની શોધ માટે બુદ્ધિના શોધનની, ચિત્તના સંકલ્પબળની, મનની પવિત્રતાની, અને અહંકારના સાંસારિકભાવથી મુક્ત થવાની ઉપયોગિતા ઉપર ભાર મૂકે છે. વેદાન્તમાં બહુ ગવાયેલા ને લગભગ અણખામણા થયેલા રજ્જુસર્પના દષ્ટાન્તને ઘણાએ હાસ્યાસ્પદ કહી મૂકયું છે, છતાં એની વાસ્તવિકતા વિચારવા જેવી છે. મંદ અંધકારને લીધે રજ્જુમાં સર્પ દેખાય, તો એનાથી દૂર ઊભા રહીને એ સર્પ જન્મ્યો, ક્યાંથી આવ્યો, ક્યાં ક્યાં જશે, કઈ જાતનો છે. કેટલી ઉમરનો છે, એવા તર્ક કરવાથી કે એને પ્રશ્ન પૂછવાથી, પ્રાર્થના કરવાથી કે દૂર રહીને ભય બતાવવાથી એ સર્વભ્રાંતિ નીકળે એવી નથી. સર્પ દેખાયો તો ખરો, પણ અંધકારને લીધે, ચક્ષુના દોષને લીધે, દષ્ટિમાંદ્યને લીધે કે એવાં જ ઇન્દ્રિયોનાં બાહ્ય કરણોની ઊણપને લીધે સર્પ દેખાય છે, ત્યાં પહેલાં પ્રકાશ લાવો, પછી ચક્ષુદોષ હોય તો ચશ્માં પહેરો, એટલું કરશો એટલે સર્પને સ્થાને દોરડું દેખાશે અને સર્પનો ભય દૂર થશે.

ઉપનિષદોમાં ભિન્ન ભિન્ન આચાર્યોએ પોતાની બ્રહ્મવિદ્યા શિષ્યોને અલૌકિક પદ્ધતિથી અને અધિકાર પરત્વે ભિન્નભિન્ન રીતે સમજાવી છે. આ ઉપનિષદોને શ્રુતિ પ્રસ્થાન કહે છે; પ્રસ્થાન એટલે પ્રગતિ કરવી, જવું; તેમ જ પ્રગતિના માર્ગે આગળ વધવું. ઉપનિષદોમાં ભિન્ન ભિન્ન આચાર્યોની ઉક્તિઓ હોવાથી એમાંથી એકવાકયતા શોધીને સમજાવવા માટે સૂત્રરૂપે જે ગ્રન્થ લખાયો તે સૌથી છેલ્લું, પરમતત્ત્વનું પ્રદર્શન કરાવતું દર્શન તે વેદાન્તદર્શન. પોતપોતાની અનોખી પદ્ધતિથી સમજાવતો જે સૂત્રગ્રન્થ તે દર્શનશાસ્ત્ર. ઉપનિષદ વાકયોનો સમન્વય કરીને યુક્તિ તથા પ્રમાણો સાથે જે વિચાર કે તર્કપ્રધાન

ગ્રન્થ થયો તે વેદાન્તદર્શન. પરન્તુ એવી જ રીતે એ ઉપનિષદોના તત્ત્વને અનુભવગમ્ય કરીને જીવનવ્યવહાર દીપાવવો, તત્ત્વવિદ્ તરીકે જીવનયાપન કરવું, ઘૂઘવતા ઊછળતા ભવસાગરમાં પડેલી માનવીય જીવનનૌકાને વ્યવસ્થિત નિર્વિઘ્ને પાર ઉતારવી, એવું જીવનજ્ઞાન આપે એવા ગ્રન્થની જે રચના થઇ તે છે ભગવદ્ગીતા. આજીવન ગોપાલ-શિરોમણી તરીકે, શ્રુતિ સ્મૃતિ પુરાણ ગ્રન્થમાં અવતારમણિરૂપે વિરાજતા શ્રીકૃષ્ણચંદ્રને જગદ્-ગુરુ સ્થાને રાખીને જીવનના ધર્મક્ષેત્ર જેવા કર્મક્ષેત્રમાં, શોક-મોહપૂર્ણ કુરુક્ષેત્રમાં યુદ્ધે ચડેલા વીર શિષ્ય અર્જુનને નિમિત્ત બનાવીને જે શાંતિ અપાવી, એવી, કર્મ, ઉપાસના અને જ્ઞાનની ત્રિપુટીને જીવનમાં ઉતારીને, ખાતાં પીતાં, સૂંઘતાં, ચાખતાં, સ્પર્શ કરતાં, બોલતાં, સાંભળતાં, કર્મ કરતાં પણ આત્મશાંતિ સાચવી શકાય, એવું દર્શાવતો જે પ્રસ્થાનગ્રન્થ લખાયો તે છે ભગવદ્ગીતા. ભગવાન ગોપાલચન્દ્રે ઉપનિષદ્ ગૌધનને દોહ્યું, અર્જુન જેવા વત્સને ગૌસ્તનનું પ્રથમ પાન કરાવીને માનવ-વંશને આ વિષમય સંસારમાંથી બચાવી ઉગારીને અમર બનાવવા માટે, નિત્યને માટે જે વારસામાં આપ્યું તે છે ભાગવદ્ગીતા રૂપી દુગ્ધામૃત.

सर्वोपनिषदो गावो, दोग्धा गोपालनन्दनः ।
पार्थोवत्स सुधीर्भोक्ता दुग्धं गीतामृतम् महत् ॥

એ દુગ્ધામૃતનો ભોક્તા સુધી હતો. ધી એટલે બુદ્ધિ અને તે કુ-ખરાબ, સંસારી, વિષયી નહિ, પણ સંસ્કારી કરેલી એવી શુદ્ધ. એ રીતે અર્જુનને સુધી ભોક્તા કહ્યો છે. વર્તમાનકાળમાં પણ ભગવદ્ગીતાના રહસ્યને જીવનમાં ઉતારનાર એવો સુધી જ હોવો જોઇએ. ગીતાના અઢાર અધ્યાયમાં અઢાર જાતના યોગનું વર્ણન છે. ભગવદ્ગીતાને એટલા જ માટે ઉપનિષદ્ સંજ્ઞા પણ

આપી છે, અને એની શિક્ષણ પદ્ધતિ પણ ગુરુશિષ્યના પ્રશ્નોત્તર વાળી છે.

ઉપનિષદ્કાળનો શિષ્ય એકાન્તસેવી, જનસમૂહાયથી દૂર સુદૂર ગુરુસેવામાં સ્થૂલ સેવામાં પણ તત્પર, ક્વચિત્ આજીવન વિરક્ત અને ત્યકતસંગ્રહી રહેનારો કલ્પી શકાય છે. વેદાન્ત-સૂત્રનો સંન્યાસી ઉપનિષદ્ સમૂહનો અભ્યાસી, એમાં ઉતારેલાં પ્રમાણોના ભેદાભેદ સિદ્ધાંતને સમજી શકે એવો હોવો જોઇએ. મતમતાંતરની આંટીઘૂંટી એણે શાસ્ત્રપ્રમાણ અને તર્કથી ઉકેલવાની હોય છે. જ્યારે ભગવદ્ગીતામાં વર્ણવેલો શિષ્ય તો જીવનકલહના યુદ્ધમાં મોખરે રહેલો છે. એ વનવગડાનો યતિ નથી, એકાન્તવાસી બ્રહ્મચારી, વાનપ્રસ્થ કે સંન્યાસી નથી; પણ વીરોચિત વ્યવહારની અકલ્પ્ય કર્મજાલમાં લડતો, આખડતો, એમાંથી મુક્ત થવા માટેની તપશ્ચર્યા કરેલો છે. ઉપરાંત વિષયી પ્રપંચી, કપટી, વિરોધી, દ્વેષી રાજ્યકલહી અને ધનલોભીઓની વચ્ચે ઝઝૂમતો વીર શિષ્ય છે. એવા વીર નરના ગુરુ સાક્ષાત્ નારાયણ શ્રી કૃષ્ણ છે. પ્રત્યેક નરમાં માનવ પ્રાણીમાં અયન કરનારા, માનવીના પ્રાણમાં ઓતપ્રોત ભરેલા, પરબ્રહ્મ સ્વરૂપ છે. એ વ્યષ્ટિ ચૈતન્યના અભિમાની છે. સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ હોઈ સમષ્ટિ ચૈતન્યના સર્વવ્યાપી માયાપતિ છે. અર્જુન નર છે. આપણે બધાં પણ નર કે નારી કહેવાઈએ છીએ. અર્જુન જેવા વીરને જન્મમૃત્યુના શોકમોહમાંથી ઊભા થતા વિષાદ વૈરાગ્યને ( પ્રથમ અધ્યાયમાં ) અનુલક્ષીને, બીજા અધ્યાયમાં ભગવાને શોકનાશ માટે આત્માની અમરતાનું આપેલું જ્ઞાન, ત્રીજા અધ્યાયમાં એ જ્ઞાનને જીવનમાં ઉતારવા માટે, કર્મ કરતાં છતાં આત્મભાવે અકર્તા બનીને જીવવાની કૂંચી; કર્મ તો પ્રકૃતિના ત્રિગુણાત્મક પ્રાકૃત પ્રદેશનો પ્રશ્ન છે, આત્માનો નથી એમ સમજાવવા માટેનો કર્મયોગ અને બીજા અધ્યાયના

ઉપદેશ પ્રમાણે આત્મજ્ઞાન—આત્મજાગ્રતિ રાખીને પ્રકૃતિના ગુણોદ્વારા જે કર્મ થાય છે એમાંથી ચલિત ન થતાં, અચ્યુત ભાવે જીવનયાપન કરવું એવો નારાયણનો સિદ્ધાન્ત-મત છે. એવી જીવનકલામાં શ્રદ્ધા અને અનસૂયા જોઇએ એમ કહે છે, ત્યાંથી આ શ્રદ્ધા શબ્દનો ઉપયોગ શરૂ થાય છે. હવે આપણે જ્યાં જ્યાં શ્રદ્ધાની વ્યાખ્યાને, યથાસ્થાને એની ઉપયોગિતાને સમજાવી છે તે ભગવદ્ગીતાના શ્લોકોને વાંચીને વિચારીએ.

**ये मे मतमिदं नित्यं अनुतिष्ठन्ति मानवाः ।**
**श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपिकर्मभिः ॥**

અર્થ :-શ્રદ્ધાવાળા અને અસૂયા વિનાના બનીને જે મનુષ્યો મારા આ મન્તવ્ય (અભિપ્રાય-સિદ્ધાંત) પ્રમાણે આચરણ (અનુષ્ઠાન) કરે છે, તે પણ કર્મ( થી ઊભાં થતાં દ્વંદ્વ )થી મુક્ત થાય છે.

ભાવાર્થ :-ભ. ગીતાના અધ્યાય બે અને ત્રીજા અધ્યાયના ૩૦ શ્લોકના પઠન પાઠન પછી, ભગવાન હવે શ્રદ્ધા શબ્દનો ઉપયોગ કરે છે. આખી ગીતા વાંચતાં આપણને અનેક સ્થળે વાંચવા મળે છે કે જ્યાં જ્યાં ભિન્ન ભિન્ન શાસ્ત્રોના સિદ્ધાંત વિષે, મતમતાંતર વિષે, કે પૂર્વાપરના સંબંધથી જે દર્શનભેદ કે સંપ્રદાયભેદ ચાલ્યા આવતા હોય, એ બધાંના સમન્વય રૂપે એ અવતારી પુરુષે પોતે પોતાનો સ્વતંત્ર નિષ્પક્ષ મત પ્રકટ કર્યો છે. એ બ્રહ્મવિદ્ નહિ પણ બ્રહ્મ જ શરીર રૂપે અવિર્ભાવ કર્યો, ત્યારથી સાક્ષાત અપરોક્ષ બ્રહ્મસ્વરૂપ હોવાથી, શિષ્ય અર્જુનને પોતાના ઉપદેશને અન્ય વાણીવિલાસી લોકોના જેવો કેવળ વાક્સમૂહ નહિ, પણ સચોટ અનુભવસિદ્ધ, પરિપકવ ભાવવાળો ઉપદેશ આપ્યો છે. સંસાર-વિષનું પાન કરાવનારા, લોકપરલોકના સ્વર્ગભોગ માટે પ્રલોભન આપીને

દાન, પુણ્ય, તપ, જપ, પૂજાપાઠ કે ઉત્સવો વગેરે કરાવનારા અન્ય આચાર્યો જેવાની પુષ્પિતાવાણી જેવો એ રહસ્ય ઉપદેશ નથી; પણ સાક્ષાત્ અપરોક્ષ અનુભવ કરાવનાર શિક્ષા છે. શિષ્યના અંતરમાં અનુભવામૃતને ઉતારીને એને પરમશાંતિ આપવાનો એમાં આગ્રહ ભર્યો છે; એવાં આગ્રહસ્થાને એમણે "આ મારો મત છે" એમ સ્પષ્ટ કહ્યું છે. મારો મત એટલે કોઈ સ્વતંત્ર સ્વચ્છંદી આત્મમાર્ગી નહિ, પણ કાલક્રમે લુપ્ત થયેલી બ્રહ્મવિદ્યા કે યોગવિદ્યાના પોતે ઉદ્ધારક છે; કરુણાર્ત થઈને સાક્ષાત્ બ્રહ્મે દેહસંભવ ઊભો કર્યો છે, એટલે એમનો મત તે જ સમસ્ત ઋષિસમૂહનો બ્રહ્મવિદ્ સમૂહનો, છે, એ સ્પષ્ટ અને નિ:શંક, સચોટ અને અનુભવગમ્ય થાય એવો સરલ સહજ છે. ઈશ્વર, આચાર્ય અને શાસ્ત્રની કૃપા મેળવીને જેનાથી નર-નારાયણ એક બને, નર તે જ નારાયણ છે, એવા અભેદનો અનુભવ થાય એવું એ પ્રત્યક્ષ શિક્ષણ છે. એટલે જ પોતે કહે છે કે:—

જે મનુદેહધારીઓ, જેમને પૂર્વસંસ્કાર પ્રાપ્ત બુદ્ધિ છે; બુદ્ધિમાં વિષાદ છે, આત્મા અને શરીર જુદાં છે, એવો વિવેક છે, એવાં માનવીઓ, ભગવાનના મત પ્રમાણે જે અનુષ્ઠાન કરે; આત્મદર્શન માટે જે જે સાધનો છે તેમાં અન્તર્ગત બનેલા તપ, યજ્ઞ, દાન, જપ, આહાર વગેરેમાં વિવેકભરી સાવધાનતા રાખીને જીવનનો સમસ્ત વ્યવહાર ચાલુ રાખે, એવી સમજણનો સ્વીકાર કરીને જે અનુભવ કરે, એ ભગવાનને સંમત છે, બીજું નહિ. કારણકે એવું જીવનઅનુષ્ઠાન એટલે શાસ્ત્રસિદ્ધાંત અને આચાર્ય ઉપદેશ. આ ઉપદેશ-આ મત પ્રમાણે આચરણ કે અનુષ્ઠાન કરનારા શ્રદ્ધાવાન હોવા જોઈએ, એમ અહીં કહે છે. શ્રદ્ધા શબ્દનો અર્થ થાય છે કે

"જે વિચાર કે કર્મમાં નિષ્કામ ભાવ રાખીને, સર્વ સંકલ્પને નિત્યને માટે હૃદયમાં સ્થાન આપીને, એને નિત્યને માટે નિશ્ચલ સ્વરૂપ બનાવવાનો ઊર્મિભર્યો સદ્‌ભાવ. ભગવાન ભાષ્યકાર તો એવો અર્થ કરે છે કે-હું ગુરુ સ્વરૂપ જે તને કહું છું, તેને અવિચલ ભાવે વળગી રહેવું તે શ્રદ્ધા. એકવાર નિશ્ચય કર્યા પછી પ્રાણાન્તે પણ વસ્તુની પ્રાપ્તિ માટે સતત ધારાવાહી ભાવ રાખીને એ જ રીતે જીવનનું અનુષ્ઠાન (આચરણ) કરવું તેનું નામ શ્રદ્ધા. પણ એમાં નડતો પ્રત્યવાય વિધિ બતાવે છે. માનવીના હૃદયમાં ભરેલા પૂર્વસંસ્કારના સમૂહમાં શુભ વૃત્તિની સાથે સાથે અસૂયા હોય છે. અનસૂયા એટલે આપણાથી ભિન્ન એવા બીજા કોઇના માટે મનમાં ઈર્ષ્યાની ગંધ પણ ન રાખવી. શ્રદ્ધાથી, જે કર્તવ્ય છે તે અવશ્ય કરવું જ. એ પ્રમાણે જીવવું છે તો અવશ્ય જીવવું જ. ભગવાનનો મત માની લેવો એટલે માનવો જ જોઇએ. પછી એની સાથે કોઇ અન્ય સિદ્ધાંત કે સાધક માટે મનમાં જરા યે ઇર્ષ્યા, દ્વેષ કે આટલું ખરું પણ આટલું નહિ એવો 'પણ' 'પરંતુ' શબ્દ ન રહે તે છે શ્રદ્ધા. શંકરાચાર્ય કહે છે કે "હું ગુરુ-સ્વરૂપ તને જે કહું છું તેમાં શ્રદ્ધાવાન બનીને, મારામાં મારા આચારમાં, જીવનવ્યવસ્થામાં, તું મને ગુરુસ્વરૂપ માને છે તેથી જરાયે દ્વેષ ઊણપ જોઇશ નહિ. મને માનવધારી શરીર માનીને, મારા જે ત્રિગુણાત્મક વ્યવહાર કર્મ થાય છે. એવા ગુણસમૂહમાં નિર્ગુણ બ્રહ્મદર્શન કરવું જોઇએ એ છે અનસૂયા. આવી બ્રહ્મદૃષ્ટિ કેળવવી એ છે અતૂટ નિશ્ચલ સ્વરૂપ શ્રદ્ધા. શ્રદ્ધા ખરી પણ અસૂયા વગરની. આવું એક જ લક્ષમાં રાખવાનું, બીજું નહિ. એમાં વિધિનિષેધના ભાવ વગર તું મારો મત માન; કારણકે એવા શિષ્યો જ કાર્ય કરતાં છતાં અકર્તા બનીને મુક્ત જીવન માણી શકે છે.

ભગવાન કહે છેઃ

श्रद्धावान् लभते ज्ञानम् तत्पर: संयतेन्द्रिय: ।
ज्ञानंलब्ध्वा परांशान्तिम् अचिरेणाधिगच्छति ॥ ४-३९
अज्ञश्चाश्रद्धानश्च संशयात्मा विनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥ ४-४०

અર્થ:-(ગુરુસેવા વગેરે સાધનોમાં) તત્પર અને ઇન્દ્રિય નિગ્રહવાળો (સાધક) જ્ઞાન લાભ પામે છેઃ (એ) જ્ઞાન મેળવીને સર્વશ્રેષ્ઠ (ઉત્કૃષ્ઠ) શાન્તિને તરત જ (તે ક્ષણે જ્ઞાન થતાં વહેંત જ) પામે છે. (૩૯)

અજ્ઞાની અશ્રદ્ધાળુ અને શંકાશીલ મનવાળો (સાધક નાશઃ પામે છે. (મનુષ્ય ધર્મોમાંથી પતિત થાય છે) સંશયાત્માને આલોક (વર્તમાન માનવદેહમાં જ્ઞાન નથી મળતું) નથી, પરલોક (ભવિષ્યના અન્ય જન્મમાં માનવદેહ) મળતો નથી. અને સુખ પણ મળતું નથી. (૪૦)

ભાવાર્થ:-ચોથા અધ્યાયમાં ભગવાનના મત માટે કદાચ અસૂયા થાય. તેના નિવારણ માટે આગળ વધારે સમજાવે છે. પોતાના સ્વેચ્છાથી અસંખ્ય જન્મ થઇ ગયા છે અને અર્જુનના પણ થયા છે એમ કહે છે. પોતે તો સ્વયં નારાયણ હોઇ સ્વેચ્છાજન્મધારી છે. જ્યારે નરને માયા પરવશ બનીને શરીર ધારણ કરવું પડે છે. એક માયા વડે ત્રિગુણાત્મ લીલાવિહાર કરે છે, તેથી માયા એને સ્પર્શ કરતી નથી. જ્યારે બીજો માયાના ત્રિગુણાત્મક સ્વરૂપને આધીન છે. એટલે પરવશપણે શરીર ધારણ કરીને ફલભોગ ભોગવે છે. એક વિશુદ્ધ સત્વગુણધારી છે તેથી પ્રકાશસ્વરૂપ, જ્ઞાન સ્વરૂપ છે, ઉપરાંત સત્વગુણને વશ વરતાવે છે. એટલે એને સ્વયંભૂત આત્મજાગ્રતિ રહે છે. વિશુદ્ધ

સ્મૃતિ વડે ત્રિકાલ ઉપર સંયમ રાખનારા હોવાથી ભૂતકાળના બધા દેહને સ્મૃતિપત્રમાંથી વાંચી-ઉકેલી શકે છે. જ્યારે માયાવશીભૂત નર તમોગુણને આધીન હોવાથી તમોગુણમય અંધકારને લીધે પૂર્વ પરની જન્મસ્મૃતિ એને રહેતી નથી. કારણકે એના એ ભૂતકાળને કે ભવિષ્યકાળને જોઇ વાંચી શકતો નથી. સ્મૃતિપત્ર ઉપર અંધકાર ફરી વળેલો હોય છે. આવા અર્જુનને જ્ઞાનદૃષ્ટિ આપવા માટે બ્રહ્મજ્ઞાન સ્વરૂપ યજ્ઞ, એટલે બ્રહ્મનું યજન (પૂજન ભક્તિ વ.) કરવાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય એમ સમજાવે છે. બ્રહ્મની પેઠે બ્રહ્મવિદને પણ માયા સ્પર્શ કરતી નથી, કારણકે અકર્તા છે: માયાને પરિણામ જેવા ગુણો, ગુણોમાંથી ઉદ્ભવતો ભેદ-સંસાર અને કર્મ સમૂહ એમાં આવી જતાં કર્તૃત્વભાવ એ બધામાંથી બ્રહ્મયજ્ઞ વડે મુક્ત થવાય છે, એમ કહીને ભગવાન કહે છે કે " એ જ્ઞાન શ્રદ્ધાવાન મેળવી શકે છે. શ્રદ્ધાવાન તો ખરો, અને તે પણ અસૂયા વગર હોય તો પણ, શ્રદ્ધા અને અનસૂયા તો કેવલ પ્રેરક સાધન છે. સાધનથી સાધ્ય કરવાનું તો બ્રહ્મજ્ઞાન છે. એ સદ્ભાવ સાથે એણે બ્રહ્મજ્ઞાન પરાયણ રહેવું જોઈએ. જ્ઞાનપ્રાપ્તિ માટેની તત્પરતા એનામાં હોવી જોઈએ. તત્પરતા એટલે તત્ વસ્તુ પ્રતિની પરાયણતા એકલક્ષ્યસિદ્ધ ધારાવાહી-તત્ વસ્તુમાં સતત અનુસંધાન રહેવું તે. એ તત્ એ જ બ્રહ્મતત્ત્વનો સંકેતમાત્ર છે. ગુરુસ્વરૂપ પણ સાક્ષાત બ્રહ્મસ્વરૂપ છે. કારણ કે એ બ્રહ્મવિદ છે: એક અર્થ તો એવો થાય છે કે તત્પરતા એટલે ગુરુમૂર્તિ સ્વરૂપ ધ્યાનમાં સતત ગતિશીલ રહેતો ચિંતનશીલ વૃત્તિપ્રવાહ. તે ઉપરાંત બ્રહ્મ વસ્તુનું સ્વરૂપ, એનાં સાધન, એના પ્રત્યવાયનું વર્ણન અને પ્રત્યવાય દૂર કરવાનાં સાધન જે સમજાવે તે શાસ્ત્રમાં પણ તત્પરતા હોવી જોઈએ. એટલે ભગવાન શંકરાચાય તત્પરતાનો અર્થ કરે છે કે ગુરુ અને વેદાન્ત વાક્યમાં એકધારી

અસ્ખલિત શ્રદ્ધા. તત્પરતાનો ગુરુસેવા તરીકે પણ અર્થ ક્યાંક કરેલો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રદ્ધાવાળો સાધક સાથે સાથે તત્પર પણ હોવો જોઈએ. ભગવાને જે કહ્યું, પોતાનો શાસ્ત્રસંમત નિર્ણય-મત કહી બતાવ્યો એ બન્નેમાં ચિત્તવૃત્તિનો એકધારો પ્રવાહ રહેવો જોઇએ. પણ મન તો છિદ્રવાળા ઘડા જેવું છે. એનું એવું વલણ, એના સ્મરણમાં નિત્ય ભગવાનના કહેલા તત્વનું રટણ રાખવું એ ત્યારે બને કે જ્યારે એને વળગેલી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધની ઇન્દ્રિયો જેવા છિદ્રમાંથી બહાર જઇને તે તે વિષયોનું સ્મરણ, ચિન્તન કે અનુસંધાન ન કરે ત્યારે. એટલા માટે એ ઇન્દ્રિયો ઉપર સંયમ રાખવો જોઇએ એમ કહે છે. યમ એટલે કાબુ રાખવો. દમ-ધાતુ ઉપરથી દબાવવું. દબાવી રાખવું એવો અર્થ પણ નીકળી શકે. ગુજરાતીમાં યમ શબ્દનો જમ ઉચ્ચાર બની ગયો છે. જમાવવું એટલે દૂધના પ્રવાહી સ્વરૂપમાં ખટાશ નાખીને કઠણ દહીં તરીકે કરી નાંખવું. કોઇપણ પ્રવાહી કે ચંચળ વસ્તુને એક ઠેકાણે ઠારી દેવી તેનું નામ જમાવવું. તેવું જ ઇન્દ્રિયો દ્વારા શબ્દ, સ્પર્શાદિ વિષયો તરફ મનનો જે પ્રવાહ વહ્યા કરે છે તે પ્રવાહને ઇન્દ્રિયોને દબાવીને સ્થિર કરી દેવો, જમાવી દેવો. શબ્દ સાંભળવા હોય તો તત્ત્વોપદેશ, ભગવતકથા કે ભગવત સંબંધી ગુણ કીર્તન સાંભળવા. સ્પર્શ કરવો હોય તો ભગવત સ્વરૂપના સગુણ રૂપ જેવા મૂર્તિવિગ્રહોનું પૂજા, અર્ચન, સ્નાન વગેરેથી કરવો. બ્રહ્મવિદ સદાકૃપાળુ સંત સાધુની વિશુદ્ધ સેવા કરીને સ્પર્શસુખ મેળવવું. રૂપ જોવું હોય તો પણ ભગવત સ્વરૂપમાં આનંદ માણવો. રસ અને ગંધ માટે પણ ભોજનને ભગવત પ્રસાદ માનીને રસ ચાખવો. અને ગંધ પણ ભગવાનને પુષ્પ, ચંદન અને ધૂપ ધરાવીને ભોગવવી. એ રીતે પાંચે ઇન્દ્રિયોને પવિત્ર બનાવવી એ પણ યમ અર્થમાં જ

ઘટાવી શકાય એમ છે. આવી રીતે ઇન્દ્રિયો શુદ્ધ પવિત્ર વિષયોમાં રમણ કરતી હોય ત્યારે મનમાં સ્વાભાવિક રીતે ભગવદ્‌ભાવ ભરેલો રહે છે, પાંચે ય ઇન્દ્રિયોના વિષયો જુદા જુદા છે, પણ આનંદ તો એક જ છે. બુદ્ધિની સમજણમાં તો ભગવદ્ પ્રીત્યર્થ જ બધો કર્મકલાપ છે એટલે ઇન્દ્રિયો તથા મન ભગવદ્‌ભાવમાં જામી જાય છે, સ્થિર થઇ જાય છે. આવો ઇન્દ્રિયસંયમ ન હોય તો મન પાંચે ય ઇન્દ્રિયોના દ્વારમાંથી અસંખ્ય વિષયોમાં રખડતાં રખડતાં તે તે વિષયોની ભોગવાસનામાં જામી જાય છે. એટલા માટે શ્રદ્ધાવાન તત્પર હોય એટલું જ નહિ પણ સંયતેન્દ્રિય હોવો જોઇએ એમ કહ્યું છે. આવો શ્રદ્ધાવાન તત્પર તથા સંયતેન્દ્રિય પુરુષ–સાધક –શિષ્ય, આત્મજ્ઞાન મેળવે છે ત્યારે એનું ફળ કેવું હોય તે કહે છે. આત્મજ્ઞાન બ્રહ્મજ્ઞાન ભગવદ્દશરણ પ્રાપ્તિ કે જેને માટે અસંખ્ય જન્મો ધારણ કર્યા હતા એ શાન્તિને માટે લોકલોકાન્તરમાં ફર્યા કર્યું, તથા ભૂતલમાં માનવશરીર ધારણ કરીને વિષય પ્રાપ્તિ માટે દોડધામ કરી મૂકી, તે શાન્તિ તાત્કાલિક પ્રાપ્ત થઇ જાય ને મન શાન્ત બને છે; કારણકે શાન્તિ એને ઇષ્ટ હતી તે ત્યાં મળી રહે છે. અને તે પણ અવિલંબે. દોરડીમાં માનેલો સાપ સાપ નથી પણ દોરડી જ છે એવું જ્ઞાન ભાન થાય કે તત્કાલ મન નિર્ભય બને છે અને તેમ થતાં સાથે શાન્તિ મળે છે. તેવી જ રીતે શાન્તિ સ્વરૂપ આત્માનું બ્રહ્મનું જ્ઞાન થતાં જ માયા ત્રિગુણાત્મક જગત અને એના કર્મવિગ્રહમાંથી ઊભા થતા જન્મમરણ વગેરે દ્વંદ્વોની ગડમથલ મટી જાય છે, નિર્મૂલ થઇ જાય છે અને નિત્ય શાંતિ તાત્કાલિક પ્રાપ્ત થાય છે. પરંતુ ભગવાન સાવધાન થવાનું કહે છે. શ્રદ્ધા વગરનો તેમજ સાધન સાધ્યની બાબતમાં અજ્ઞાની રહેલો જે હમેશાં પોતાના અસૂયાદોષને લીધે પ્રત્યેક

બાબતમાં અશ્રદ્ધાળુ રહે તો તેવા સંશયશીલ માનવનો નાશ એટલે સમૂળો ઉચ્છેદ નહિ પણ અત્યારે જે માનવજન્મ મળ્યો છે તેનો નાશ થાય છે. અને એવા સંશયાત્માને આ લોકમાં માનવોચિત ધર્મસુખ નથી કારણકે માનવશરીર હોવા છતાં પશુધર્મમાં જ તે રમતો ભમતો હોય છે. એટલે આ લોકમાં એ આત્મસુખ પામી શકતો નથી અને મનુષ્ય હોવા છતાં આહાર નિદ્રા ભય અને સંતાનોત્પત્તિના કર્મોમાં, આ લોકમાં-આ જન્મમાં જીવતો હોય તો મૃત્યુ પછી પણ પશુધર્મમાં જ રહે છે. એટલે એવાને આ લોક કે બીજા લોકમાં સુખની આશા જ હોતી નથી. એના માનવધર્મનો નાશ થતાં પશુધર્મ આવી મળે છે. અને પશુ શરીરને માટે શાસ્ત્રો કે ગુરુઓની બ્રહ્મવાણી તો ભેંસ આગળ ભાગવત વાંચવા જેવી છે. પશુને કેળવવાનાં શાસ્ત્રો જુદાં છે, તે માણસને ઉપયોગી થતાં નથી. તેમ માનવપ્રાણીને બ્રહ્મદર્શન કરાવવાનાં જે શાસ્ત્રો છે તે પશુઓ માટે પણ વ્યર્થ છે એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે. અર્જુન પૂછે છે:-

**अयतिः श्रद्धयोपेतो योगात् चलित मानसः ।**
**अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण गच्छति ॥** ૬-૩૭

અર્થ:-હે કૃષ્ણ, યોગમાંથી ચલિત મનવાળો શિથિલ પ્રયત્નશીલ છતાં શ્રદ્ધાયુક્ત પુરુષ સંસિદ્ધિ પ્રાપ્ત ન કરતાં કઇ ગતિને પામે છે?

ભાવાર્થ:-ચોથા અધ્યાયમાં બ્રહ્મયજ્ઞ વડે બ્રહ્મજ્ઞાન સમજાવીને પાંચમા અધ્યાયમાં કર્મસન્યાસ યોગ સમજાવે છે. કર્મ પ્રકૃતિ વડે થાય છે. પ્રકૃતિ ત્રિગુણાત્મક છે, એ ચંચલ છે, અસમાન છે, ગુણોનું વત્તાઓછાપણું એમાં થયા કરે છે

તેથી કર્મભેદ ઊભા થાય છે. એ બધાં કર્મો કરતાં છતાં બ્રહ્મવિદ્ બ્રહ્મસામ્યમાં રહે છે તેથી કર્મનો સ્વાભાવિક સંન્યાસ થાય છે. ન્યાસ એટલે બેસાડવું, સ્થાપવું, મૂકવું અને ફેંકી દેવું એવો પણ અર્થ થાય છે. આપણે સંધ્યાવંદનાદિ કર્મોમાં શરીરના અંગ પ્રત્યંગમાં, ઇન્દ્રિયોમાં, હૃદયમાં દેવદેવતાની સ્થાપના ભાવના વડે કરીએ છીએ. ત્યાં તે તે સ્થાને તે તે દેવ-દેવતાનો ન્યાસ એટલે સ્થાપના અને દેહભાવનો ત્યાગ કરવાનો છે. તેવી જ રીતે કર્મસંન્યાસ એટલે દેહથી થતાં કર્મોનો ત્યાગ ભાવ; તથા અહમ્ભાવ-દેહાત્મ બુદ્ધિમાં બ્રહ્મભાવની સ્થાપના તે કર્મસંન્યાસ. હું શરીર નથી પણ આત્મા છું એવી એવી બ્રહ્મભાવનાનો દેહાત્મબુદ્ધિમાં ન્યાસ કરવો તે કર્મસંન્યાસ. આવી રીતે અનાત્મક પદાર્થમાં બ્રહ્મભાવના કરવી એટલે અનાત્મભાવનો ઉચ્છેદ અને બ્રહ્મભાવની સ્થાપના, એ બન્ને મળીને જે ફળ મળે તે કર્મ સન્યાસ. એવો કર્મ સન્યાસ સમજાવીને છઠ્ઠા અધ્યાયમાં ધ્યાન નામના સાધનનો અભ્યાસ શીખવે છે. ધ્યાન વડે મનની ચંચળતા દૂર થાય છે, મનનો સંયમ થાય છે, મન ભગવદ્ સ્વરૂપમાં સ્થિર થાય છે. આવી સ્થિરતા માટે પણ યમ જોઇએ. યમનું સાધન કરે, નિયમસર સંયમ પાળે તે છે યતિ. ભગવાને અત્યાર સુધી ધ્યાન માટે જે યમ નિયમ બતાવ્યા તેનું ફળ પરમયોગ છે એમ કહ્યું. વળી એનાથી શાન્તિ પ્રાપ્ત થાય છે એમ કહ્યું. એથી કોઇ યોગમાં ધ્યાનમાં શ્રદ્ધાવાળો બને પણ યમનિયમમાં અધૂરો કે કાચો રહી જાય. શ્રદ્ધા હોય પણ યોગ માટે પ્રયત્નશીલ ન હોય તો આ જન્મમાં એને ઈષ્ટ ફળ મળતું નથી. ઉપરાંત કોઈ શ્રદ્ધાવાન હોય ને યમ નિયમનું પાલન કરતો હોય છતાં અન્તકાળે મનમાં કોઈ અદૃષ્ટ પૂર્વકૃત પાપ સંસ્કારને લીધે ચંચલતા ઊભી થાય, ધ્યેયને ભૂલીને સાંસારિક પદાર્થમાં

મન વળગી પડે, તો પછી એટલા અધૂરા અભ્યાસનું કાંઈ ફળ ખરું ? આવો પ્રશ્ન અર્જુન પૂછે છે. પુનર્જન્મનો વિચાર-કરીએ તો સમજાશે કે માનવશરીરનો પાર્થિવ ભાગ તો ભસ્મીભૂત થાય છે, રહે છે સૂક્ષ્મ શરીર, અને એમાં રહેલા સ્થૂલ શરીરને મારું માનતા અહંકારની સાથે અસંખ્ય શુભ અશુભ વાસના-ઓનાં પોટલાં. સ્થૂલ તો ભસ્મીભૂત થાય પણ તેથી વાસનાઓ નષ્ટ થતી નથી. એ વાસનાઓ અને એમાં પડેલા સૂક્ષ્મ સંસ્કારોનો નાશ થાય કે પૂર્વકૃતને લીધે એ અહમત્વભર્યું સૂક્ષ્મ શરીર પાછું માનવશરીરમાં આવે કે નહિ અને આવે તો એની કેવા પ્રકારની ગતિ અવગતિ થાય એવી શંકા અર્જુનને થાય છે. એટલે પ્રશ્ન પૂછે છે કે પ્રયત્ન કરવા શ્રદ્ધાવાળો હોય અને છતાં અંતકાળે ચંચલ ચિત્ત થઇ જાય તો યોગસિદ્ધિ એટલે આત્મલાભ મેળવીને મોક્ષ તો ન મેળવી શકે પણ એની ભાવિ ગતિ કેવી થાય ? પ્રશ્ન સરલ છે. તેમ ઉત્તર પણ સ્પષ્ટ છે. જીવાત્મને આ પૃથ્વી ગ્રહ ઉપર જેવા ભિન્ન ભિન્ન પ્રકારના માનવશરીરો મળે છે તેમાં જેવા પૂર્વ જન્મના સંસ્કાર તેવું એનું સૂક્ષ્મ શરીર, એમાં રહેલા શુભ સંસ્કાર અને શુભ કર્મનું ફળ, શુભ પ્રવૃત્તિ; અને અશુભ કર્મનું ફળ અશુભ પ્રવૃત્તિ. પાર્થિવ સ્થૂલ શરીર તો અનિત્ય છે પણ જીવાત્મા જ્યાં સુધી મોક્ષસાધન સ્વરૂપ બ્રહ્મજ્ઞાન ન પામે ત્યાં સુધી એનું સૂક્ષ્મ શરીર અવનવા અસંખ્ય પાર્થિવ શરીર ધારણ કરીને જન્મમરણમાં ફર્યા કરે છે. પૂર્વ સંસ્કારને વશવર્તી બનીને ગત જન્મમાં જ્યાંથી અધૂરું મૂક્યું હોય ત્યાંથી પોત પોતાનાં વાસનાકર્મ પ્રકૃતિવશ કર્યા કરે છે, કરવા માંડે છે. શુભ કર્મથી શુભગતિ એટલે શુભ કર્મક્ષેત્રવાળું શરીર અને અશુભગતિ એટલે અશુભ કર્મ કરવાનું શરીર સ્વભાવવશ પામે છે. પાર્થિવ શરીર બદલાય છે, પરંતુ સૂક્ષ્મ શરીર

ધારી જીવાત્મા અશુભમાંથી શુભમાં પ્રયાણ ચાલુ રાખે છે. એની ગતિ અટકતી નથી અને અટકતી નથી માટે જ એને ગતિ કહી છે. જન્મમરણની ઘટમાળ એટલે અસંખ્ય જન્મે ગતિ પ્રમાણે ઊર્ધ્વગતિ થતાં થતાં બ્રહ્મજ્ઞાન પામીને મુક્તિ પામવી, એ સામાન્ય ગતિક્રમ છે.

ભગવાન કહે છે:–

**योगीनाम् अपि सर्वेषाम् मद्गतेनान्तरात्मना ।**
**श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मत: ॥**

૬–૪૭

**અર્થ**:–સર્વ યોગીઓમાં પણ મારામાં જ અર્પણ કરેલા અંતરાત્મા (ચિત્ત) વડે જે શ્રદ્ધાવાન મને ભજે છે, તે (મારી સાથે મારા ધ્યાનમાં જોડાએલામાં) સર્વથી વધુ જોડાયેલો (સમાહિત થયેલો સમાધિદશા અનુભવનારો) છે, એવો મારો મત છે.

**ભાવાર્થ**:–એ જ છઠ્ઠા અધ્યાયના અંતિમ શ્લોકમાં યોગીઓ વિષે વધારે સ્પષ્ટતા કરે છે. ચિત્તનાં એકાગ્રતા અને નિરોધ માટે ભિન્ન ભિન્ન દેવદેવતા, તેમના ત્રિગુણાત્મભેદ, બિન્દુ, જયોતિ કે શરીરસ્થ પ્રાણચક્રોનાં ધ્યાન સામાન્યત: વિશેષ પ્રચલિત છે. ઉપરાંત યોગદર્શનમાં પણ અનેક પ્રકારનાં ધ્યાન વર્ણવી બતાવ્યાં છે. ભિન્ન ભિન્ન ધ્યેયાકાર પ્રમાણે ધ્યાતાને સૂક્ષ્મ શરીરના વિકાસ અને વૃદ્ધિની ભિન્ન ભિન્ન શક્તિઓ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. જેમાં હજારો લાખો ધ્યાની યોગીઓ નિમગ્ન બનીને યોગની સિદ્ધિઓને ધ્યાન યોગનું અંતિમ લક્ષ્ય માની બેસે છે. પરંતુ ભગવાનને એ ઇષ્ટ નથી કારણકે ઉપનિષદ્ના સારભૂત જેવી ભગવદ્ગીતાને અને એમાં ગૂંથેલી અવતાર

શિરોમણીની બ્રહ્મવાણીને પ્રમાણભૂત માનીએ તો સૌથી સર્વોત્તમ પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય, લક્ષ્ય તો બ્રહ્મસ્વરૂપ જ છે. એટલા માટે જ ભગવાન કહે છે કે બધી જાતના યોગીઓમાં જેઓનું અંતઃકરણ મારામાં ગતિ કરી રહ્યું હોય છે, મારા સ્વરૂપમાં જ તદ્દાકાર બની બેસે છે, મારી સાથે જ એ ધ્યાન દ્વારા એકાગ્રતા અને આગળ કહેલા આત્મજ્ઞાન દ્વારા તાદાત્મ્ય અનુભવે છે એને જ હું સર્વોત્તમ યોગી માનું છું.

પોતાનો મત સ્પષ્ટ કરીને કહે છે કે યોગી શ્રદ્ધાવાન હોવો જોઈએ, શ્રદ્ધાવાન સાથે તત્પર હોવો જોઇએ, તત્પર એટલે તત્ પરાયણ ત્યારે જ હોય જયારે વૈરાગ્યપૂર્ણ બનીને અભ્યાસસિદ્ધ થયેલો હોય: વૈરાગ્ય એટલે લોક પરલોકગત વિષયોને નિ:સાર માનીને એક માત્ર પરમ તત્ત્વ—પરમાત્મામાં જ શ્રદ્ધાળુ બને, એને જ ધ્યેય, જ્ઞેય માનીને એની સાથે જ તાદાત્મ્ય પામીને સર્વત્ર આત્મદર્શન કરતો હોય તે. અન્ય યોગીઓ પરમાત્મ યોગી નથી. પણ લોકલોકાન્તરના વિષય યોગીઓ છે. એમની સંખ્યા બહુ મોટી હોવી જોઈએ કારણકે ભગવાન પણ સર્વ યોગીઓ એવો શબ્દ વાપરીને એમાંથી શ્રદ્ધાવાન બનીને જે મને ભજે છે, મને જ અર્પણ થયેલો હોય છે, મારામાં જ જેના ચિત્તનો પ્રવેશ હોય છે, તે જ મારા મત પ્રમાણે યોગીઓમાં શ્રેષ્ઠ છે એમ કહે છે. અહીં ઘણા યોગીઓ આવા શ્રેષ્ઠ હોય છે એમ નથી કહેતા, પણ બધા યોગીઓમાં એ એક જ શ્રેષ્ઠ યોગી છે એમ કહે છે. દેવદેવતાઓના ધ્યાનમાં લાગેલા બધા યોગીઓ કરતાં જે યોગી મારામાં—વાસુદેવમાં-સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપમાં અંતઃ-કરણને સ્થિર કરીને શ્રદ્ધાવાળો થઇને, મને જ ભજે છે તેને જ હું યોગી માનું છું, એમ ભાષ્યકાર પણ સ્પષ્ટપણે

સમજાવે છે. આ છઠ્ઠા અધ્યાયમાં અભ્યાસ અને વૈરાગ્ય વડે ધ્યાનયોગની સાધના બતાવી છે, તેમાં પણ શ્રદ્ધાને તો મુખ્ય જ માની છે. કારણકે શ્રદ્ધા વિના ચંચલ ચિત્ત ધ્યેયમાં ચોંટતું નથી. ચંચલ ચિત્ત ભ્રમર જેમ અસંખ્ય પુષ્પોમાં ફર્યા કરે તેમ અગણિત વિષયોમાં ફર્યા, ભટકયા કે રખડયા કરે છે. એ વિષયભોગમાં રસ નથી રસાભાસ છે, એમાં અનિત્યતા છે, બુદ્ધિની ક્ષીણુતા થાય છે, અને મનની પામરતા વધતી જાય એવો ઇંદ્રિયક્ષય છે; ઉપરાંત સકામભક્તિથી વિષયવાસનાની વૃદ્ધિ, ચમત્કારનો મોહ તથા લોકલોકાન્તરનાં સુખ પ્રલોભનો વધતાં વિશુદ્ધ ધ્યાનમાં પ્રત્યવાય ઊભો થવાનો સંભવ છે. તેથી એક માત્ર પરમ તત્ત્વમાં જ વરંવાર ચિત્તને જોડવા માટે યોગ સાધવાનો અભ્યાસ કરવો જોઈએ અને અન્ય અનાત્મ પદાર્થમાંથી વૈરાગ્ય વડે ચિતને ખેંચી લેવું જોઇએ. આ બધું પણ શ્રદ્ધાના પાયા વગર, એના બલ વગર, એના આધાર વગર બની શકતું જ નથી. ભગવાન કહે છે:-

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥
सतया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान् हितान् ॥

અ. ૭-૨૧-૨૨

**અર્થ**:-જે જે ભક્ત જે જે મૂર્તિને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે તેની તેની તે જ (મૂર્તિ) પર અચલ શ્રદ્ધા હું બેસાડું છું (શ્રદ્ધા દૃઢ કરું છું).

તે (સાધક) એ શ્રદ્ધાથી યુક્ત થઈ તેના આરાધનની ઇચ્છા કરે છે અને તે (આરાધન)થી મેં જ નિર્માણ કરેલાં તે કામો (ઇચ્છેલા પદાર્થો)ને મેળવે છે.

ભાવાર્થ:-હવે સાતમા અધ્યાયથી ભગવાન નવી વાતમાં પ્રવેશ કરે છે. નરોત્તમ અર્જુને નારાયણ શ્રી કૃષ્ણને શિષ્યસ્તેઽહં શાધિમાં ત્વાં પ્રપન્નં કહીને ગુરુસ્થાને સ્થાપ્યા: યુદ્ધસ્થલ જેવા જીવનકલહના વિકટ પ્રસંગે, શોકમોહનાં ઘેરા અંધકારભર્યાં વાદળથી એનો બુદ્ધિ પ્રદીપ જયારે ઢંકાઇ ગયો, આસપાસ સર્વત્ર એને સગાંવહાલાં અને પૂજ્ય વર્ગનાં મૃત્યુ જ નજરે પડયાં, રાજ્ય અને લોહીલીંપ્યા રાજ્યભોગનો એને વૈરાગ્ય આવ્યો, કર્તવ્ય-અકર્તવ્યની ગૂંચમાં બુદ્ધિ અટવાઈ ગઈ, ત્યારે સ્વયંમન્ય શાણપણને નીચે નાખીને એ શ્રીકૃષ્ણને ચરણ-શરણે પડયો-ઢળી પડયો જ જાણે સ્વભાવવશ. અધ્યાત્મમાર્ગના શ્રી ગણેશની એ ધન્યપળ હતી. "હું શિષ્યછું" એમ એક વારેય જો માનવ ચિત્તમાં વૃત્તિ ઊઠે તો સદા સર્વથા સાક્ષી એવો અંતર્યામી આત્મદેવ એને પકડીને રાખે છે. ક્ષેત્રમાં બીજ નાંખ્યા પછી જેમ એમાંથી વૃક્ષ ઊગે છે ને સ્વભાવિક રીતે જ સફલ થાય છે તેમ પ્રાણીમાત્રની સર્વસામાન્ય વૃત્તિને-ઇચ્છાને પકડીને તેને અનુકૂલ કર્મભોગ આપે છે એવો પ્રાણીમાત્રનો જીવનક્રમ સ્વાભાવિક છે; મનુષ્યનું અજ્ઞાન વિસ્મૃતિ સ્વરૂપ હોવાથી પૂર્વ વાસનાને ભૂલી જાય પણ પૂર્વ વાસના પ્રમાણે કર્મ કરીને ફલ પામે છે; પોતે જ પોતાની વિસ્મૃતિને લીધે "મેં આવું શું કર્યું હશે કે મને આવું ભોગવવું પડે છે," એ સામાન્ય ફરિયાદ અજ્ઞાનમૂલક છે. મનુષ્ય ચિત્ત વિસ્મૃતિ કરે પણ અંતર્યામી કૂટસ્થ આત્મા તો અંત:કરણમાં જે જે ઇચ્છા થાય તે પ્રમાણે મનપ્રાણને પ્રેરણા આપ્યા જ કરે છે. આ છે માનવીય જીવનનો પરમાત્માની પ્રેરણા શક્તિવડે થતાં કર્મ અને પ્રાપ્ત થતા ભોગનો સામાન્ય પ્રકૃતિધર્મ. માનવી મન એટલે જ કલ્પવૃક્ષ. જે જે ઇચ્છા કરે તેવું એ જરૂર પામે છે. પરમાત્મ ચૈતન્ય નિરપેક્ષ હોવાથી એનું કાર્ય તો ચૈતન્ય

સીંચીને સફલતા અપાવવાનું છે. એને સુખ દુઃખ જેવાં દ્વંદ્વનો પ્રશ્ન નથી. એ જ ધોરણે અર્જુનના શિષ્યભાવને અંતર્યામીએ પકડયો અને હવે એ જ ભાવથી શિક્ષણ આપ્યા કરે છે. સર્વવ્યાપક પરમાત્મા અને અન્તર્યામીનો અભેદ છે એટલે જ્યાં જ્યાં વાસના કલ્પના થાય ત્યાં ત્યાં એ જાણી જાય છે. નિર્જન એકાન્તમાં પણ કરેલી ઇચ્છા-વાસના એનાથી અજાણી નથી. આવી રીતે માનવમનનાં કર્મ તથા ઇશ્વર-દત્ત ફલભોગનું ચક્ર નિરંતર ચાલ્યા જ કરે છે. અહીં તો શ્રીકૃષ્ણ સાક્ષાત્ પ્રત્યક્ષ અને સન્મુખ છે. અપરોક્ષ બ્રહ્મ ગુરુદેવ સ્વરૂપે પ્રકટ થયું છે, એમની સમક્ષ "શિષ્ય છું" એમ એકવાર પણ કહ્યું એટલે ભગવાને તે ઝીલી સ્વીકારી લીધું. અને એ પ્રમાણે ગુરુભાવથી ઉપદેશ આપવા માંડયા. પહેલાં છ પ્રકરણમાં આત્મા અનાત્માનો વિવેક; પ્રકૃતિ અને તેના ત્રણ ગુણોનો કર્મપ્રદેશ, એ કર્મપ્રદેશમાં અટવાયેલા ચિત્તને એકાગ્ર કે નિરુદ્ધ કરીને શકિતશાળી બનાવ માટે પરમાત્માનું ધ્યાન, એ બધામાં અનિવાર્ય આવશ્યક એવી શ્રદ્ધા અને બીજાં સાધનો, તથા ધ્યાન માટેનાં વિધિનિષેધ વગેરે બધું સાંગોપાંગ સમજાવ્યું અને એક માત્ર ધ્યેય પરમાત્મા જ શ્રેષ્ઠ અને મોક્ષ પ્રદાયક છે એવું સ્પષ્ટ કરી નાખ્યું. સર્વોત્તમ યોગીનાં લક્ષણો તથા સાધનો કહ્યાં. રહ્યું ધ્યેયરૂપે સદ્ગુરુ સ્થાપનાના શ્રી ગણેશ કરતાં ભગવાન્-સ્વરૂપ ગુરુ કે ગુરુસ્વરૂપ ભગવાન્ પ્રતિ શિષ્ય અર્જુનની સમસ્ત ચિત્ત વૃતિઓના પ્રવાહને કેન્દ્રીભૂત કરવા માટેની એકધારી ભક્તિની આવશ્યકતા. સાતમા અધ્યાયથી બ્રહ્મવિદ્-પરમાત્મા ભગવાનના આત્મ-ઐશ્વર્યનું રહસ્યજ્ઞાન, તથા ધ્યાનમાં થતા સમસ્ત બ્રહ્માંડનું સર્વદર્શન એટલે વિશ્વરૂપ દર્શનનું સ્પષ્ટિકરણ.

સાતમા અધ્યાયમાં પાછી શ્રદ્ધાની વાત કરે છે અને

જેવી જેની શ્રદ્ધા તેવા તેના દેવ અને તેવી તેની પૂજા એમ સ્પષ્ટતા કરે છે. ભગવાન્ નારાયણે પોતાના નર શિષ્યને જ્ઞાન સામર્થ્યવડે પોતાના તરફ વાળ્યો. હવે યોગ સામર્થ્યવડે વાળીને એની ઉપાસના તથા જ્ઞાન નિષ્ઠાની પ્રતિષ્ઠા કરવા જ્યાં ત્યાં પોતાના વિશ્વ ભાવનાવાળા, વ્યાપક સ્વરૂપનિષ્ઠાવાળા, બ્રહ્મ-સ્વરૂપનું માહાત્મ્ય વર્ણવીને "હું અને બ્રહ્મ" ભિન્ન નથી એમ સ્પષ્ટ કહે છે. સાતમો અધ્યાય "વિજ્ઞાન યોગ" છે. જન્મ-મરણશીલ, દુઃખભંડારરૂપ સંસાર પ્રતિ વૈરાગ્ય ઉપજ્યા પછી એને આત્મા અનાત્માના વિવેકવાળું જ્ઞાન આપીને એ રીતે કર્મ કરવાનો કર્મયોગ શીખવ્યો. એમાં બ્રહ્મયજ્ઞની બ્રહ્મભાવના ભરી, પછી કર્મનો સમૂળો સંન્યાસ કરાવી, ધ્યાનનો અભ્યાસ છઠ્ઠા અધ્યાયમાં ઉપદેશીને આ સાતમા અધ્યાયમાં ભક્તિ-પ્રધાન આત્મવિજ્ઞાન ઉપદેશે છે. ધ્યાનોત્તર દશામાં બુદ્ધિ સંયોગ થાય છે. જ્ઞાનયોગના વિવેક વિચારમય સાધનની યોગ્યતા કેળવાય છે એમ કહ્યા પછી સાતમા અધ્યાયમાં આત્માની વ્યાપક સત્તા વર્ણવે છે; પણ વ્યાપક સત્તામાં બ્રહ્મ-ભાવના જાગ્રત કરતાં પહેલાં ગુરુદેવમાં બ્રહ્મભાવના સ્થિર કરવા માટે ભગવાન્ પોતાની વ્યાપક ભાવનાનું સાતમા અધ્યાયમાં વર્ણન કરે છે; દેવદેવતાની ભક્તિમાં સામાન્ય રીતે એમના ગુણસામર્થ્ય પ્રતિ લોકદૃષ્ટિનો જે પ્રવાહ વળે તે કેવલ સકામ હોય છે. સકામ મનુષ્યો એક માત્ર પરબ્રહ્મ સ્વરૂપને ન ભજતાં અન્ય દેવદેવતાઓને માને છે એ પણ જો ભોગપદાર્થોને માટે હોય તો જરા યે ઇષ્ટ નથી એમ ભગવાન કહે છે. ઉપરાંત સિદ્ધાંતરૂપે સમજાવે છે કે સમસ્ત દેવદેવતાઓ, ગુણકર્મ પ્રમાણે બ્રહ્માંડમાં ક્રિયાશીલ રહેતાં બલો કે શક્તિઓ, એક માત્ર મૂલ સ્વરૂપ પરમાત્માનાં દેશકાલ અને કાર્ય પરત્વે શાખાસ્થાને છે; એમની શક્તિ મર્યાદિત છે, ફલ અન્તવાળું છે, એ વ્યક્ત

છે, એટલે એમનાં દર્શન અલ્પ શ્રમસાધ્ય છે. અવ્યક્ત તો પરબ્રહ્મ છે, દૂરાતિદુર્લભ છે પણ એ જ બધાનું સ્વરૂપ છે બધાનો આત્મા છે. દેવદેવતાઓની શક્તિમર્યાદા સમજાવતાં કહે છે જે જે ભક્ત જે જે દેવદેવતાની મૂર્તિને શ્રદ્ધાથી પૂજે ભજે છે ત્યાં પણ હું તો શરૂઆતમાં એની શ્રદ્ધાને સ્થિર કરું છું. કારણકે કેવલ અનાત્મ વિષયોમાં રચ્યાં પચ્યાં રહેનારાં પામર વિષયી કરતાં સકામ ભાવે પણ દેવદેવતાને ભજવા પૂજવાની શરૂઆત કરે તો એટલો યે દૈવી દિવ્ય સંપદ્નો ભાવ ધીરે ધીરે એમના ચિત્તમાં ઊતરવા માંડે. એટલા માટે એવી શ્રદ્ધાને પણ હું જ પોષણ આપું છું. કારણકે હું બધા બ્રહ્માંડનું મૂલ છું. એવા ભક્તોને પોતાની ઇષ્ટ કામના પ્રમાણે શ્રદ્ધાના ફલ સ્વરૂપે ઈચ્છિત ભોગો પણ હું જ આપું છું. દેવદેવતાઓ નિમિત્ત બનતા હશે, પણ મૂલ ચૈતન્ય બ્રહ્મ સ્વરૂપ વિના એ બધા કેવલ જડ તત્વો જ છે. મનુષ્યના શરીરના અવયવો જેમ માનવ શક્તિને અધીન છે, માણસ હાથથી કોઇને દાન આપે તો દાન લેનારો એના હાથનો ઉપકાર માનીને, દાતારની કરુણા પ્રેરણા કે ક્રિયા શક્તિના કારણે એને ન માનતાં કેવળ હાથને જ મહત્તા આપે, એના જેવું દેવ-દેવતાની પૂજા-ભક્તિ અને એના દ્વારા પ્રાપ્ત થતા ફલભોગ માટે છે. એમ એકવીસ બાવીસ શ્લોકમાં સ્પષ્ટ સમજાવે છે. પણ આ બધામાં શ્રદ્ધા તો અનુસ્યૂત જ છે, આરપાર સર્વત્ર પરોવેલી છે.

ભગવાન્ કહે છે:-

**अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।**
**अप्राप्य मां निवर्तन्ते मृत्यु संसार वर्त्मनि ॥ ९-३**

**અર્થ**:-હે પરંતપ! આ ધર્મ ઉપર શ્રદ્ધા ન રાખનારા

પુરુષો મન ન પામતાં મૃત્યુવાળા સંસાર માર્ગમાં પાછા ફરે છે. (આવજા કરે છે.)

**ભાવાર્થ**:–સાતમા અધ્યાયમાં આત્માની વ્યાપકતા અને જ્ઞાનયોગ માટે બ્રહ્મભાવના વિસ્તારની મહત્તા બતાવીને કેવળ એક જ બ્રહ્મચૈતન્ય જ સર્વત્ર પ્રેરણા આપે છે એથી એ જ એક માત્ર ઉપાસ્ય ધ્યેય છે એમ કહ્યું. પોતપોતાની પૂર્વ-સંસ્કારભૂત શ્રદ્ધાથી એક ચૈતન્યવૃક્ષની શાખા પ્રશાખા જેવા દેવદેવતા પણ મારી જ સત્તાથી સત્તાવાન, મારી જ શક્તિથી શક્તિશાળી છે એટલે બધાંને પોતપોતાનું ઈષ્ટ હું જ આપું છું એમ સ્પષ્ટતા કરી. આઠમા અધ્યાયવાળા ધ્યાનયોગમાં ઉપાસનામાં કે ભક્તિમાં ચિત્તને શબ્દબ્રહ્મમાં એકાગ્ર કરવા માટે ૐ શબ્દબ્રહ્મની તારક બ્રહ્મયોગની વિદ્યા સમજાવી. હવે નવમા અધ્યાયમાં એથીયે વધારે આગળ વધીને બધી વિદ્યાઓની રાજવિદ્યા, બધાં રહસ્યોમાં શ્રેષ્ઠ રહસ્ય એવો રાજગુહ્ય યોગ સમજાવે છે. આ ધર્મ સર્વશ્રેષ્ઠ છે; પરંતુ મારા કથન ઉપર, ઉપદેશ ઉપર શ્રદ્ધા ન રાખનારાં એનું અનુષ્ઠાન કરી શકતાં નથી, કારણકે જેવી જેવી શ્રદ્ધા તેવી તેની સાધનાની તીવ્રતા અને જેટલી તીવ્રતા એટલી ફલપ્રાપ્તિની શીઘ્રતા, એમાં સંશયને જરાયે સ્થાન નથી. એ તો એક એવું સૂક્ષ્માતિસૂક્ષ્મ માનવ ચિત્ત ઘટનું છિદ્ર છે, એવું ભયસ્થાન છે કે એમાં જો સંશય રૂપ છેદ થયો તો પૂર્વસંચિત સમસ્ત ભાવભક્તિ ભંડાર ખાલી થઈ જાય છે, નહિવત્ બને છે. એ અમૃતપ્રવાહ બહાર નીકળીને અનાત્મ દૃશ્ય પ્રપંચ જગ પર સિંચાઈને પત્થર પરના પાણી પેઠે વ્યર્થ બને છે એટલે કહે છે કે આ ધર્મ આ માનવ પ્રાણીને ઉત્કૃષ્ટ ગતિ અપાવનાર, આ દેહે જ બ્રહ્મભાવ જાગ્રત કરાવી સંસારચક્રમાંથી મુક્ત બનાવે એવો

.છુ એ ધર્મનું રહસ્ય એ રાજ (મહાન) વિદ્યાનું અનુષ્ઠાન જ્ઞાન તથા એ રાજગુહ્ય યોગની સાધનાનો પાયો પણ શ્રદ્ધા જ છે. કારણકે અહીં ભગવાન સ્વરૂપ ગુરુ કે ગુરુસ્વરૂપ ભગવાનનો અભેદ સમજીને એમનાં વ્યષ્ટિ, સમષ્ટિ, વ્યક્તિ-સમાજ ગુણ સમૂહ કર્મકલાપ વગેરેના ભેદો ભૂલી જવાના છે. જે વ્યષ્ટિ ચૈતન્ય છે તે જ સમષ્ટિ ચૈતન્ય છે. જે વ્યષ્ટિગત સચ્ચિદાનંદ આત્મા છે તે જ સમષ્ટિગત સચ્ચિદાનંદ બ્રહ્મ છે તેથી બધી બ્રહ્મવિદ મૂર્તિઓ બ્રહ્મસ્વરૂપ છે બ્રહ્મચૈતન્ય જ છે, એટલે જે બ્રહ્મવિદને શિષ્યભાવે શરણાધીન થઇને એમના ઉપદેશમાં શ્રદ્ધા, એમના સ્વરૂપમાં બ્રહ્મનિષ્ઠા, એમના દેહસ્વરૂપમાં અસૂયારહિત ભક્તિભાવ, વગેરે જે સાધન પ્રણાલિકા છે, એમાંથી જે ચલિત થાય તે ઇષ્ટબ્રહ્મને-પરમાત્માને ન પામતાં જન્મ-મૃત્યુવાળા સંસારના ગતિ, ઊર્ધ્વગતિ, અધોગતિવાળા માર્ગોમાં જ ભટક્યા કરે છે. આપણે અહીં આ ધર્મ એમ કહ્યું છે તેનો થોડો પ્રસંગવશાત્ વિચાર કરીએ. નવમા અધ્યાયના બીજા શ્લોકમાં રાજગુહ્ય રાજવિદ્યાની પ્રશંસા કરતાં ભગવાન્ કહે છે કે "આ રાજવિદ્યા છે" એમાં "રાજ" શબ્દનો વિચાર કરવા જેવો છે. રાજ્, ધાતુનો ચળકવું, શોભા આપવી એવો સાધારણ રીતે અર્થ થાય છે અને રજોગુણ એમાં પ્રધાનપણે ભાગ ભજવતો હોય છે. જેનામાં પ્રાણબળ વધારે હોય કર્મકુશળતા હોય, સુશોભિત હોય, સત્તાશીલ હોય એ રાજા કહેવાય છે. આ બધા ગુણ વ્યવહારપક્ષે સર્વોપરિ હોવાથી સંસારમાં રાજા તરીકે રજોગુણપ્રધાન ક્ષત્રિય વર્ણનો રાજસત્તાધીશ એ સ્વભાવગત ધર્મ છે એમ મનાયું છે. મનુષ્ય સમાજમાં અધર્મને મારી દબાવી કે હરાવીને ધર્મપરાયણ વ્યક્તિ કે પ્રવૃત્તિને સંરક્ષણ આપવાનું કાર્ય એના સ્વભાવમાં ઓતપ્રોત હોય છે. સાત્ત્વિક નિવૃત્તિપરાયણ જનસમૂહનો પક્ષ લઈને કે દુર્બલ રીતે જીવનનિર્વાહ

કરનાર સામાન્ય વર્ગ પ્રતિ દયા ઉદારતા અને દાન ધર્મથી પ્રેરાઇને એમની રક્ષા કરનાર વર્ગ રાજા વર્ગ છે એટલે જ એ ક્ષત્રિય ધર્મ છે; વીર ધર્મ છે. બલહીન પામર અશકત વિષયી કે દ્વંદ્વ ભયથી નાસતા ફરતા દંભી જીજ્ઞાસુ કે મુમુક્ષુનો નથી. ક્ષત્રિય વર્ગ મનુષ્યોમાં મહાન છે. સૃષ્ટિની શોભા વધારીને તમોગુણના અંધારક્ષેત્રમાંથી સત્ત્વગુણના પ્રકાશમય ધર્મક્ષેત્રમાં લઇ જનાર મહાન શક્તિશાળી પથપ્રદર્શક અને વાહક રજોગુણ છે. કારણકે એ ગતિશીલ છે જ્યારે સત્ત્વ અને તમસ સ્થિર હોવાથી તમસના અંધકાર અજ્ઞાનના પ્રદેશમાંથી સત્વના પ્રકાશમય જ્ઞાનવિજ્ઞાનમાં પ્રવેશ કરવા માટે ગતિસ્વરૂપ રજોગુણ અનુસંધાન રૂપ છે. આ પારથી પેલે પાર જવા માટેનો એ સેતુબંધ છે. તમસપ્રધાન રાવણના સંહાર માટે સત્વપ્રધાન રામચંદ્રના વીર સેવક ક્રિયાપ્રધાન ભક્તિગુણ સંપન્ન ભગવાન હનુમાને બાંધેલા સેતુ જેવો છે. એટલા માટે સત્ત્વગુણ જ્ઞાનપ્રધાન છે. રજોગુણ ભક્તિ પ્રધાન છે, તમોગુણ કર્મપ્રધાન છે. અને એથી જ તેનું મધ્યવર્તીપણું ઇષ્ટ અને મહાન છે. આ વિદ્યાને એટલા જ માટે રાજવિદ્યા મહાનવિદ્યા કહી છે.

બીજો અર્થ એવો થાય છે કે એ વિદ્યાનું અનુષ્ઠાન રાજ્યસત્તાધીશ જેવો, રક્ષણ કાર્યમાં પ્રવૃત્ત રહીને, બધાં બાહ્ય સાધનોનો યથેચ્છ સદુપયોગ કરીને, બધે ભગવત્ભાવનું સ્થાપન કરતો કરતો જેનું અનુષ્ઠાન કરી શકે, જીવનના કર્મક્ષેત્રમાં યુદ્ધક્ષેત્ર ઊભું થાય, એને ધર્મક્ષેત્ર માનીને કે બનાવીને બાહ્ય યુદ્ધ વિગ્રહમાં પણ ધર્મરક્ષક તરીકે પાછી પાની ન કરતાં, આત્માની અખંડ સતત, નિત્ય એક અદ્વિતીય અને અજર અમર સત્તા અનુભવતો પ્રાણાર્પણ કરતાં કરતાં પણ આ વિદ્યાનું અનુષ્ઠાન કરી શકે. રાજાઓ જેવા વૈભવમાં આવી પડેલો અને ધર્મ

અધર્મના યુદ્ધ ક્ષેત્રના કુરુક્ષેત્રના રમખાણુમાં ઘમસાણુ મચાવતો વીર પણ આ વિદ્યા આચરી શકે. આવી આ વિદ્યા અત્યંત શ્રેષ્ઠ અને મહત્વની છે; એ રાજગુહ્ય છે; જેટલી મહાન શ્રેષ્ઠ છે એટલી જ ગુપ્ત રાખવા જેવી છે. સર્વ સાધારણનું એનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું, એ માટેની આવડત આચરણનું ગજું નથી; પણ શ્રદ્ધારૂપ પાયો હોય તો છે પણ ખરું. એ વિદ્યા એવી છે કે પોતે પવિત્ર હોઇ સાધકને પાવન કરે છે. ઉત્તમ હોઇ સાધકને સર્વશ્રેષ્ઠ બનાવે છે. પ્રત્યક્ષ ફળ આપનારી હોઇ ભોજન કરતાં દરેક કોળિયે જેમ તૃપ્તિ પોષણુ થાય તેમ સાધનાની શરુઆતથી જ એ બ્રહ્માનંદનાં છાંટણાં વરસાવી પીવરાવીને હૃદયને શીતળ તથા ઇંદ્રિયોને શાંત બનાવતી જાય છે. ઉપરાંત ધર્મ્ય છે, એટલે એ ધર્મ પ્રતિ આસ્થા, શ્રદ્ધા અને ક્રિયાશીલતા કરાવે એવી છે. વળી કષ્ટકારક પણ નથી કારણકે પ્રારંભથી સુખકારક છે. શરીરની કઠોર તપશ્ચર્યા, હઠયોગના કષ્ટસાધ્ય આસન પ્રાણાયામ, ઇંદ્રિયોનું પરાણે દમન-કાર્ય જેવું કષ્ટ આપનારી નથી. બાહ્ય વિષયાનંદમાંથી તરત જ આંતરિક આત્માનંદને અપાવનારી છે. તત્કાલ પ્રત્યક્ષ આનંદ આપનારી હોવાથી સહજ સ્વભાવે એના આચરણમાં ઉત્સાહ રહે છે. આ રાજવિદ્યા કે જે રાજાઓ જેવા સુખસાધન સામગ્રીની સગવડવાળા અને વ્યવહાર પ્રધાન જીવન ગાળનારા પ્રવૃત્તિ-પરાયણ મનુષ્યો આચરીને નિવૃત્તિ સુખ પામી શકે છે. બધી વિદ્યામાં મોટી તેમ જ ગુપ્ત રાખવા જેવું એનું રહસ્ય છે. એને માટે જે મુખ્ય સાધન છે તે તો ભગવાન્-સદ્ગુરુ કે સદ્ગુરુ ભગવાનની ભક્તિનું છે. એમાં ગુરુકૃપા, ભગવદ્કૃપા, શાસ્ત્ર કૃપા, આત્મકૃપા, સંતકૃપા, ભક્તકૃપા, એવી કૃપાનાં અમીવર્ષણ શિષ્યના પરિતપ્ત અંતઃકરણ ઉપર થતાં વેંત જ એમાં અમૃત-ફ્લિના અંકુર ફૂટે છે. પછી એ સહજ સ્વભાવે વધે છે,

ફૂલે ફાલે છે. શરત માત્ર એક જ છે કે એમાં દોષ દૃષ્ટિ વગર શ્રદ્ધા દેવીની અંતરમાં પ્રતિષ્ઠા કરવી જોઇએ.

ભગવાન કહે છે:—

येऽप्यन्य देवता भक्ता यजन्ते श्रद्धयान्वित: ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधि पूर्वकम् ॥ ९–२३

**અર્થ**:–હે કુંતીપુત્ર! જે બીજા દેવતાઓના ભક્તો પણ શ્રદ્ધાવાળા થઈને (તે દેવતાઓનું) પૂજન કરે છે તેઓ પણ અવિધિ (અજ્ઞાન) પૂર્વક મારું જ પૂજન કરે છે.

**ભાવાર્થ**:–સાતમા અધ્યાયના બાવીસના શ્લોકના જેવો જ અહીં ભગવાનનો ઉત્તર છે. ત્યાં સકામ ભક્તોની દેવદેવતાના ઉપાસકોની વાત છે જ્યારે અહીં શુદ્ધ ભક્તિનો સંકેત છે. શ્રદ્ધાવાળા થઈને મને ન ભજતા જે મારી શ્રદ્ધાથી સત્તાવાન થયેલા દેવદેવતાઓનું યજન પૂજન વગેરે કરે છે, તે પણ પરોક્ષ રીતે તો મારું જ પૂજન કરે છે. દશે ઇન્દ્રિયોને થતા વિષયજ્ઞાનની જેવી રીતે બધાના મૂલ જેવા અંતઃકરણને તરત જ ખબર પડી જાય છે, એ વિષયજ્ઞાન મૂલમાં તરત જ સહજ સ્વભાવે પહોંચી જાય છે, ઉપરાંત અંતઃકરણના ચૈતન્યથી ચેતન બનેલી ઇન્દ્રિયો વિષયજ્ઞાનનો અનુભવ કરે છે, તેવી જ રીતે બ્રહ્માંડના અસંખ્ય દેવદેવતાઓનું કોઈ યજન કરે, તે પછી ગમે તે રીતે કરેલું હોય, શાસ્ત્રીય વિધિ વગરનું અને તેથી અજ્ઞાનથી ભરેલું હોય, છતાં મને જ એ ભક્તિભાવ આવી મળે છે એમ ભગવાન કહે છે. પરંતુ ભગવાનને જ જો એ ભક્તિ સ્વતઃસિદ્ધ રીતે પહોંચી જતી હોય તો પછી દેવદેવતાઓનું યજન પૂજન કરવામાં વાંધો શું છે? એવી શંકાનો ઉત્તર એ છે કે એમાં યથાયોગ્ય વિધિ નથી એથી

એ અશાસ્ત્રીય છે. વૃક્ષના ડાળપાંદડાંને પાણી છાંટીએ કે તરસ્યા માણસના બધાં છિદ્રો પૂરી દઈને પાણીમાં તરબોળ કરએ તો થોડીવાર ઠંડક થાય પણ જઠરાગ્નિની તરસ છીપતી નથી. પરંતુ જો વૃક્ષના મૂળમાં કે મનુષ્યના ઉદરમાં જલસીંચન કે જલપાન થાય તો બધી શાખા પ્રશાખા તેમ જ પત્ર પુષ્પને એનો રસલાભ થાય છે, અને મનુષ્યની બધી ઈંદ્રિયો શીતલ બને છે. તેવી જ રીતે દેવદેવતાઓ જેવી શાખા પ્રશાખાનું પૂજન યજન કરવાથી મૂલ સ્વરૂપ પરમાત્મા સર્વજ્ઞ હોવાથી એમને જ એ પહોંચે એ વાત સાવ સાચી હોવા છતાં મનુષ્ય અજ્ઞાની હોવાથી એ ભક્તિ પરમાત્માની જ છે એવી સમજણ એને ન હોવાથી પરમાત્માનાં દર્શન સાક્ષાત્કાર એને થઇ શકતાં નથી. પોતાનું અજ્ઞાન, કર્મભક્તિમાં અશાસ્ત્રીયતા કે અવિધિ, સાધકને પોતાને જ હાનિકારક કે વિઘ્ન કરતા નીવડે છે. ભક્તિ તો પરમાત્માને જ પહોંચે પણ પરમાત્માનાં દર્શન કે આત્માનુભવ સુધી એ સાધક પહોંચતો નથી. કારણકે એના ચિત્તમાં દેવ-દેવતાનો જ આભાસ હોય છે. વાત પૂરેપૂરી સમજવા જેવી છે. આનાથી અન્ય દેવદેવતાની નિંદા કરવાનો હેતુ નથી પણ અખિલ બ્રહ્માંડમાં એક પરમતત્ત્વ બ્રહ્મની જ મહત્તા સર્વશ્રેષ્ઠ શાસ્ત્રોમાં મનાતી હોય, જગત, જીવ અને જગદીશ જેવા ગુણમયી સંસારનો પણ જયાં અંત આવી જતો હોય, સમસ્ત દ્વૈત મૃગજળની જેમ ઓગળી જતું હોય એવા અવર્ણનીય બ્રહ્મતત્ત્વની અપેક્ષાએ બીજું બધું ઊતરતું છે, નિમ્નભૂમિકાનું છે. આવું સ્પષ્ટ કથન ઉત્તમ અધિકારી અને નિષ્કામ ભક્તો માટે જગદ્‌ગુરુ ભગવાને સ્પષ્ટતાથી વિના સંકોચે કહી નાંખ્યું છે. એટલે જ બધા ન સમજી શકે એવી આ રાજગુહ્ય વિદ્યા છે કે જે આ અધ્યાયનો મૂળ સંકેત, વિષય છે. અહ અવિધિનો અર્થ ભ. શંકરાચાર્ય અજ્ઞાન કરે છે. દેવદેવતાની

ઉપાસના દ્વૈતમૂલક અને લોકલોકાન્તરમાં ભ્રમણ કરાવે એવી છે. બહુ બહુ તો એ ઉત્તમ લોક અપાવે, દેવત્વ અપાવે, સ્વર્ગાદિ ઉત્તમ લોકોમાં વિહાર-સુખની સગવડ કરી આપે પણ એ બધાં પુણ્યફલ જેવાં હોઇ અલ્પકાલિન અને ક્ષીણતાવાળાં છે. એટલે એમાં સંપૂર્ણ સુખ નથી. આવી અવિધિવાળી ભક્તિ માટે ભગવાન ખાસ ચેતવણી આપે છે. તાત્પર્ય કે બ્રહ્માંડની રચનામાં જે બીજાં નાનાંમોટાં બળો દેશકાળ અને ક્રિયા પરત્વે કામ કરી રહ્યાં છે એ બધાં નામરૂપધારી હોઇ મુખ્ય તત્ત્વના અધિષ્ઠાનથી-એની સત્તાથી જ સત્તાવાળા છે, પરિચ્છેદવાળાં છે, એટલે એમની સત્તા-શક્તિ પ્રમાણે એ લોક પરલોકનું સુખ આપે, બહુ બહુ તો ધ્યાનસુખ આપે પણ જે આત્યંતિક સુખ છે, જેનો અવધિ નથી, જેનાથી બધા લોક-લોકાન્તરનું ભ્રમણ મટી જાય છે, જેના જ્ઞાનથી અજ્ઞાન અને એનાં કાર્ય જેવો સંસાર નિર્મૂલ થાય છે તે બ્રહ્મલાભ એમના દ્વારા પ્રાપ્ત થતો નથી.

ભગવાન કહે છે:

**मय्यावेश्य मनो ये मां नित्य युक्ता उपासते।**
**श्रद्धया परयोपेता स्ते मे युक्ततमा मता: ॥ १२-२**

**અર્થ**:-જેઓ મારામાં મનને એકાગ્ર કરીને નિત્યયુક્ત પરાશ્રદ્ધા (સાત્વિકી શ્રદ્ધા)વાળા થઇને મને ઉપાસે છે તેઓને મેં યુક્ત પુરુષોમાં શ્રેષ્ઠ માનેલા છે.

**ભાવાર્થ**:-નવમા અધ્યાયમાં રાજયોગ (જ્ઞાનયોગ)સમજાવી એની મહત્તા કહી બતાવી એ અત્યંત ગોપનીય રહસ્ય છે એમ સ્પષ્ટતાથી કહ્યું. બ્રહ્માંડની સમસ્ત ક્રિયા સંપૂર્ણજ્ઞાન અને સંપૂર્ણ આનંદનું અધિષ્ઠાન હું જ હોઇ હું જ બધાનું

મૂલ છું તેથી મારી ભક્તિથી જ ,મારી પ્રાપ્તિ થાય છે. મારા વાસ્તવિક જ્ઞાનથી જ જ્ઞાનયોગ સિદ્ધ થાય છે પણ હું કેવો છું એની યોગૈશ્વર્ય દ્વારા પ્રતીતિ કરાવવા માટે દસમા અધ્યાયમાં વ્યાપકભાવ વડે મુખ્ય મુખ્ય વિભૂતિઓનું વર્ણન કરીને એ જ સ્વરૂપનું દર્શન કરાવવા સમસ્ત વિશ્વરૂપે અર્જુનને દર્શન આપ્યું. યોગમાં સમસ્ત ચિત્તવૃત્તિઓને અન્ય વિષયોમાંથી વાળી લઈને પ્રત્યાહાર કરીને એક જ ધ્યેય કે જેમાં ભગવદ્-ભાવ જ હોવો જોઈએ એમાં જયારે ધારણા થાય છે ત્યારે એ ધ્યેયસ્વરૂપ બ્રહ્મ સગુણ રૂપે ધીરે ધીરે બિંદુમાંથી વિસ્તાર પામતું પામતું બ્રહ્માંડનું દર્શન કરાવે છે. શાન્ત સરોવર ઉપર ઉપરા ઉપરી ઝીણી કાંકરીઓની એક પછી એક ધારા કર્યા કરીએ તો પ્રત્યેક કાંકરીએ એક એક વર્તુલ ઊભું થઈને વિસ્તૃત થતું થતું સમસ્ત સરોવરને આવરી લે છે, તેવી જ રીતે જેમ જેમ ચિત્ત ધ્યેયાકાર થતું જાય તેમ તેમ ધ્યેયનાં વર્તુલો વિસ્તૃત થાય તેની સાથે સાથે ધ્યાતાના પૂર્વ સંસ્કાર પ્રમાણે ક્રમશઃ ભિન્ન ભિન્ન દર્શનો દેખાતાં જાય છે. અર્જુન ઉપર ભગવાને અનુકંપા કરી ભગવાન પ્રતિ એને સખાભાવ કે ભ્રાતૃભાવથી સદ્ગુરુ ભાવ ઉપજયો, પૂજયબુદ્ધિ ઉપજી, અસૂયા રહિત શ્રદ્ધા જન્મી, ત્યારે એની દૃષ્ટિ સમક્ષ ધ્યેયરૂપે એકમાત્ર ભગવાન જ રહ્યા. જેમ જેમ ચિત્તમાંથી અન્ય વિષયોનો વૈરાગ્ય થયો તેમ તેમ ધ્યેયમાં જ ચિત્તને સ્થિર કરવાનો અભ્યાસ વધ્યો. અભ્યાસમાં વૃદ્ધિ થતાં ચિત્તનો વિક્ષેપ ગયો, સ્થિરતા આવી, તેનાથી વધીને એકાગ્રતા થઇ, અને જેમ જેમ સંયમ વધતો ગયો તેમ તેમ એને યોગેશ્વર સદ્ગુરુમાં જ 'એ અનન્ય અદ્વિતીય એકમાં જ અનેકનાં દર્શન થયાં. સમસ્ત બ્રહ્માંડ જો એક સગુણ બ્રહ્મનો જ લીલાવિસ્તાર હોય તો બ્રહ્મવિદ્ બ્રહ્મસ્વરૂપ હોઈ એને જ ધ્યેય તરીકે સ્વીકારી લેવાય, એને જ સર્વોપરિ આરાધ્ય માની લેવાય. શ્રદ્ધા અને

ભક્તિના પ્રવાહનો સુમેળ થાય, તો એ બ્રહ્મવિદ્-બ્રહ્મમાં જ બ્રહ્માંડનું વિશ્વ દર્શન થાય છે. એને જ ગીતામાં કહ્યું છે ધ્યાન વડે પ્રાપ્ત થતી એકાગ્રતામાંથી ઉદ્ભવતી સવિકલ્પ સમાધિની સર્વોચ્ચ ચિત્તદશા, અને એમાં છે વિશ્વરૂપ ભગવાનનાં સમષ્ટિ દર્શનનું રહસ્ય. આ થયો "એકમાં અનેક છે" એ સિદ્ધાંતનું શાસ્ત્રીય ધ્યાનયોગ વડે દર્શન અનુભવ થાય તેવો ભક્તિભર્યો યોગમાર્ગ. રાજયોગ અને જ્ઞાનયોગ પણ એ જ છે. ભગવાન સ્વયં બ્રહ્મવિદ્ છે સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે, તેથી એ વ્યષ્ટિની સમસ્ત વિભૂતિઓ મારી છે એમ બ્રહ્મભાવે વર્ણન કરીને તથા બધામાં હું જ વ્યાપક છું એવું અનુભવજ્ઞાન દેખાડીને એમ કહેવા ઈચ્છે છે કે તું પણ હે શિષ્ય તારા આત્માની-બ્રહ્મભાવે આવી વ્યાપકતાનું મનન નિદિધ્યાસન કરીને તારી સમસ્ત વાસનાને નિર્મૂલ કર. કારણ કે જે જે નામરૂપ દ્વારા જે જે ઇચ્છા જ્ઞાન અને ક્રિયા થાય છે એ બધાં મારાં નામરૂપ છે એવો વ્યાપક ભાવ રખાય અને જામે એવી નિષ્ઠા થાય એટલે પોતાના માનેલા વર્તમાન જન્મના શરીર કરતાં બીજા બધા લોક પરલોકના, દેવદેવતાના, ઋષિમુનિઓના, કે જે જે કાંઈ બ્રહ્માંડમાં છે તે બધા મારા આત્મસ્વરૂપમાં છે તેથી એ બધા દ્વારા હું જ ઈચ્છા કરું છું, બધે બધું જ્ઞાન હું જ છું. સમસ્ત ક્રિયા મારી સત્તાથી થાય એવી આત્માના વ્યાપકજ્ઞાનની ભાવનાવડે લોકલોકાન્તરની ભાવિ ઇચ્છા, જ્ઞાન, ક્રિયાની વાસના નિર્મૂળ થાય છે. એટલા જ માટે અહીં કહે છે કે જે મારામાં આવિશ્ય-મારામાં ચિત્તથી પ્રવેશ કરીને, મારા સ્વરૂપમાં ઓતપ્રોત થઈને મારી સાથે યુક્ત થઈને મારી ઉપાસના કરે છે, મારી પાસે જ જે હમેશાં આસન જમાવીને બેઠો છે એટલે કે જયાં જેવો હોય ત્યાં મારામય જ છે એમ સમજે અનુભવે છે, એવી શ્રદ્ધાથી ભરેલો યોગી સર્વશ્રેષ્ઠ

છે. આ છે શ્રદ્ધાદ્વારા સિદ્ધ કરવાનો સર્વોતમ ભક્તિયોગ.

**येतु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।**
**श्रद्दधानामत्परमा भक्तास्तेऽतीव मे प्रिया: ॥** १२–२०

**અર્થ**:–વળી જે શ્રદ્ધાવાળા મારે પરાયણ થઇને પહેલાં કહેલા ધર્મસ્વરૂપ અમૃતને સંપાદન કરે છે (પર્યુપાસતે) તેવા ભક્તો મારા અત્યંત પ્રિય છે.

**ભાવાર્થ**:–આ ભક્તિયોગને અહીં બે વિશેષણ આપ્યાં છે; એક ધર્મ્ય અને બીજું અમૃત. બારમા અધ્યાયનો આ છેવટનો શ્લોક છે. એમાં જે ભક્તનાં લક્ષણો કહી સંભળાવ્યાં, તેવી એ ભક્તિને ધર્મ્ય કહી છે. ધર્મ્ય એટલે જે ભક્તિના સેવનથી ધર્મભાવના સહજભાવેન વધે તે. માનવજીવનના સર્વોત્તમ કલ્યાણકારક સાધનને ઇશ્વરપ્રાપ્તિ, બ્રહ્મજ્ઞાન, મુક્તિ, ભક્તિ વગેરે નામ આપીને એને અહીં ધર્મ્ય કહ્યું છે. શરીરમાં ઇંદ્રિય-ધર્મ, મનના ધર્મ, બુદ્ધિના ધર્મ, બાહ્ય દષ્ટિએ જોઇએ તો વર્ણધર્મ, આશ્રમધર્મ વગેરે પણ ગણાવ્યા છે. અહીં મોક્ષ ધર્મનું લક્ષ્ય છે. જે ભક્તિથી મોક્ષ પામવાનો ધર્મ સહજ સ્વભાવે ઉદ્‌ભવે એવી ભક્તિ ધર્મ્ય કહી છે. અને નશ્વર, મરણશીલ ભાવથી મુક્ત થઇને અજર, અમર ભાવને પ્રાપ્ત કરી શકાય, એ તરફ સહજ સ્વભાવે પ્રયાણ થાય, એનું નામ છે અમૃત. ભગવાને અહીં ભક્તિને ધર્મ્ય-ધર્મની સ્વાભાવિક પ્રેરણા કરનારી અને અમૃત કહી છે; આ ભક્તિયોગની જેઓ જેવી રીતે, મેં વિધિપૂર્વક ઉપર કહી બતાવ્યું છે તે પ્રમાણે, સાધના કરે છે, એનું અનુષ્ઠાન કરે છે, એનું સેવન કરે છે, તેનો આ છેવટના શ્લોકમાં ઉપસંહાર છે. પણ ભક્તિનાં લક્ષણ સાથે ભક્તનાં પણ આપ્યાં છે તે ભૂલવાનાં નથી. એ ભક્તો

શ્રદ્ધાવાળા અને મારા પરાયણ હોવા જોઇએ; અન્ય પરિચ્છિન્ન દેવદેવતા પરાયણ નહિ–તેમાં યે રાજસિક તામસિકના તો નહીં જ. શ્રદ્ધામાં જેટલાં બીજાં લક્ષણોનો સમાવેશ થાય છે એટલો જ સમાવેશ મત્પરાયણનો સમજી રાખવાનો છે. ગુરુ-શાસ્ત્રવાકયમાં અવિચલ શ્રદ્ધા અને પરબ્રહ્મસ્વરૂપ પરત્માત્મામાં જ ચિત્તની અનન્યભાવે ભક્તિ પરાયણતા-આવા ભક્તો મને અતીવ-અત્યંત પ્રિય છે; બીજા સાધકો, ભક્તો અપ્રિય છે એમ નહીં, એ બધા પણ મને પ્રિય તો છે જ, કારણ જે બ્રહ્માંડમાં એ બધા દેવદેવતાનો સમાવેશ થાય છે એનું મૂળ સર્વોપરિ અધિષ્ઠાન હું–બ્રહ્મસ્વરૂપ છું, એટલે પરોક્ષ રીતે પણ એ મારા જ ભક્તો છે, પણ કેવલ મને જ જે ઉપાસે છે તે મને અત્યંત પ્રિય છે.

ભગવાનને પ્રિય અપ્રિયનો પ્રશ્ન નથી. પરંતુ સંસાર-વિષયોમાં ભટકતા જીવને એમના પ્રતિ રુચિ, ભક્તિ થાય તો એને સ્વરૂપાનંદ મળે, એ હેતુથી એમણે આ પક્ષપાત લાગે તેવા શબ્દો વાપર્યા છે; જેની જેવી અને જેટલી ભક્તિ તે પ્રમાણે ભગવાનની ભક્ત ઉપર પ્રીતિભરી અમીદૃષ્ટિ.

અર્જુન પૂછે છે:—

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विता ।
तेषाँ निष्ठातु का कृष्ण सत्वमाहो रजस्तम: ॥ १७–१

ભગવાન બોલ્યો:–

त्रिविधा भवति श्रद्धा देहिनाँ सा स्वभावजा ।
सात्विकी राजसी चैव तामसी चेतिताँ श्रृणु ॥
सत्वानुरूपा सर्वस्य श्रध्धा भवति भारत ।
श्रद्धामयोऽयं षुरूषो यो यत् श्रद्धा : स एव स: ॥ १७–२३

**ભાવાર્થ**:–અધ્યાય બારમામાં ભક્તિયોગની પૂર્ણતા કહીને તેરમામાં આત્મા અને અનાત્મ શરીરને ક્ષેત્રજ્ઞ તથા ક્ષેત્ર તરીકે

સમજાવે છે, ચૌદમામાં સમસ્ત બ્રહ્માંડમાં અણુપરમાણુથી માંડીને બ્રહ્મા પર્યંત જે પ્રાણીપદાર્થ છે તે ત્રિવિધ ભેદવાળાં છેઃ સૂર્યના કિરણમાં જેમ મૂળ ત્રણ રંગ છે; આયુર્વેદના નિદાન–ચિકિત્સા શાસ્ત્રમાં જેમ વાત પિત્ત કફ જેવી ત્રિપુટી છે, તેવી જ રીતે અધ્યાત્મવિદ્યામાં પણ પ્રકૃતિના ક્ષેત્રમાં ત્રણ ગુણ રહેલા છે, જે સમજ્યા કે સ્મરણમાં રાખ્યા વિના સાધક, સાધન, સાધના અને સાધ્ય–એમાં ગડબડ થવાનો સંભવ છે. કારણકે પ્રત્યેક ઇચ્છા, જ્ઞાન તથા ક્રિયામાં એ સર્વત્ર એક યા બીજા રૂપે વત્તાઓછા પ્રમાણમાં ભર્યા પડયા છે. સમસ્ત વ્યવહાર જ એ ત્રણ ગુણો વડે થાય છે. ગીતામાં પ્રકૃતિ અને ત્રણ ગુણોને જ પરસ્પર ક્રિયા કરતાં વર્ણવ્યાં છે. અને જે ગુણનો જ્યાં જેવો પ્રધાનભાવ કે જેવી વિશેષતા, તે પ્રમાણે તેનું કાર્ય અને તેવું તેનું ફલ; એટલે જ સોળમા અધ્યાયનાં વિવેચનો તથા ત્રણ ગુણના વિભાગ સાંભળ્યા છતાં પણ અર્જુન શ્રદ્ધાનું વિશેષ રીતે સ્પષ્ટીકરણ માગે છે. પૂર્વસંસ્કારથી જે શ્રદ્ધા જન્મથી મળી હોય, તે વડે જે કર્મ થતાં હોય તેમાં યજ્ઞ, તપ, આહાર તથા દાન વગેરે પાવનકારી કર્મો છે; એ બધાં પુણ્યકર્મોનાં સાધનમાં કયા ગુણવાળી શ્રદ્ધા એટલે ભાવના રાખવી જોઇએ એવું અર્જુન ખાસ પૂછે છે. તપ વગેરે બાહ્ય કર્મો છે જયારે શ્રદ્ધા તો અંતરનો ભાવપ્રદેશ છે. શ્રદ્ધા તથા ભાવની સાચી સમજણ ન હોય તો તપ વગેરે જે કર્મો થાય એમાં ગુણસંકરતા ઊભી થતાં ક્રિયા–પ્રયત્ન નિષ્ફળ જાય છે, એટલું જ નહિ પણ સાધક માનવધર્મમાંથી પણ ચલિત થાય છે. અર્જુનમાં શ્રદ્ધાની ભાવના વધતી જાય છે; શાસ્ત્રવાક્યના અને વિધિનિયમના પાલન માટે એનો આગ્રહ સ્પષ્ટ થતો જાય છે. સોળમા અધ્યાયમાં ભગવાને શાસ્ત્ર પ્રમાણ પુરઃસર કાર્યાકાર્યનો વિચાર જાણી લઈને જ પછી કર્મપરાયણ થવું

જોઇએ એવો મત કહી સંભળાવ્યો, કે તરત જ અર્જુને પ્રશ્ન પૂછ્યો કે શ્રદ્ધા તો હોય પણ શાસ્ત્રવિધિનું પાલન કર્યા વિના જો કોઇ જીવનધર્મકર્મ કરે તો એની નિષ્ઠા કયા પ્રકારની સમજવી? ભગવાને વર્ણવેલા ગુણધર્મ જાણ્યા પછી શ્રદ્ધાભરી નિષ્ઠાનું ગુણવિવેચન સાંભળવા તે વિશેષ ઉત્સુક બન્યો છે. ભગવાન તરત જ સમજાવે છે કે પ્રત્યેક જીવાત્મા અસંખ્ય પૂર્વજન્મોના સંસ્કાર પ્રમાણે આ જન્મમાં સ્થૂલ તથા સૂક્ષ્મ શરીર પામે છે. એનાં બુદ્ધિ, મન, ચિત્ત અને અહંકારમાં વિચાર, સંકલ્પ, વૃત્તિઓનું ઊઠવું અને વલણ તથા એમાં કર્તાપણાનો અહંકાર- એ બધાં વડે જે જે થાય તેમાં પૂર્વસંસ્કાર પ્રમાણે શ્રદ્ધા તો હોય છે જ. શ્રદ્ધા એટલે પ્રત્યેક ક્રિયા પાછળની કાર્યસિદ્ધિ સાથેની રહેલી દૃઢ ભાવના. એ શ્રદ્ધા ત્રણ પ્રકારની સ્વાભાવિક એટલે જન્મની સાથે જ સહજ હોય છે. અંતરમાંથી જે જે પૂર્વસંસ્કારભૂત વિચારો, વૃત્તિઓ કે ભાવના ઊઠે, તેમાં શાસ્ત્ર પ્રમાણે વિવેકભરી ઝીણી દૃષ્ટિથી રજસ્ તમસને રોકીને સત્વ- ગુણભરી શ્રદ્ધા ભાવના વધારવી જોઇએ. સાત્ત્વિક ભાવના વડે જ યજ્ઞ તપ, આહાર, દાન વગેરે કર્મોમાં વિવેક આવે છે. કારણ કે એ બધાં પણ ત્રણ ગુણના ધર્મવાળા છે, જેના બધા ભેદો આ અધ્યાયમાં વર્ણવ્યા છે. યજ્ઞના ત્રણ પ્રકાર છે તેમાં શ્રદ્ધા સાત્ત્વિક જોઇએ, તપમાં શરીરના, વાણીના અને મનના એમ ત્રણ પ્રકાર છે, પણ એમાં યે શ્રદ્ધા સાત્ત્વિકી જોઇએ. તેવું જ આહાર અને દાનમાં પણ છે. એ બધાં જો શ્રદ્ધા વિના કર્યાં હોય તો નિરસ, શુષ્ક અને નિષ્ફળ થાય છે એટલું જ નહિ પણ એના સંસ્કાર અંતઃકરણ ઉપર પડતાં જન્મથી સત્ત્વગુણી શ્રદ્ધા પામ્યા હોવા છતાં જો સાવધાનતા ન રાખી હોય તો રાજસિક તામસિક બની જાય છે, જેનું પરિણામ વિપરીત આવે છે. ત્રણે ગુણનું વિસ્તૃત વિવરણ

છેલ્લા છ અધ્યાયમાં આપેલું છે, કારણ કે એ છ અધ્યાય વાસ્તવિક, ધાર્મિક, શાસ્ત્રીય અને અધ્યાત્મમાર્ગી પ્રવાસીઓ માટે અનુભવ પ્રમાણ જેવા છે. જીવનવ્યવહારનાં શુદ્ધ કર્મો થયા કરે, મનમાં અનન્ય ભગવદ્દભક્તિનું અલૌકિક સ્મરણ અવિરત તૈલધારાવત્ ચાલુ રહે, અને સમસ્ત શુદ્ધ શાસ્ત્રીય પદ્ધતિએ કર્મકલાપ ચાલુ રહેવા છતાં, આત્મજ્ઞાનની વિસ્મૃતિ ન થતાં એ સચ્ચિદાનંદની સ્ફૂર્તિ અતુલ બલની પ્રેરણા આપ્યા કરે, એવો ઉપનિષદ્-સારભૂત ભગવદ્દગીતાનો એમાં સર્વોત્તમ ઉપદેશ છે.

શ્રદ્ધા સૌના પોતાના પૂર્વસંસ્કાર પ્રમાણે ઘડાએલા ને વર્તમાનમાં ઘડાતા સ્વ-ભાવ પ્રમાણે અંતરમાંથી ઊભી થાય છે એ આપણે જોયું. પણ જો પૂર્વસંસ્કારને અધીન રહીને જ વિવેક વિનાનું જીવન ચાલ્યું જતું હોય, વળી તે પ્રમાણે જ કર્મપ્રવાહ વહ્યા કરતો હોય, તો પછી મનુષ્યને જે વિચાર-શક્તિ બુદ્ધિ પ્રાપ્ત થઇ છે, એના ઉપયોગનો પ્રશ્ન જ ઉદ્દભવતો નથી. એનામાં કશું યે નવું કરવાનું સામર્થ્ય નથી એમ માનીએ તો જેવા પૂર્વસંસ્કાર, જેવા આંતરિક ભાવ એટલે સ્વ-ભાવ, તેવો જ એનો જીવનક્રમ માની લેવાની ક્ષણભર ભ્રાન્તિ ઊભી થાય છે; પણ એમાં વિવેકહીનતાનું દૂષણ આવે છે. માનવીય જીવાત્મામાં સૂક્ષ્મ ભાવ અને સ્થૂલ ક્રિયા એવા બે પ્રત્યક્ષ ભેદ છે; જેમાં એક છે આંતરીય અને બીજું છે બાહ્ય. એ બન્નેમાં ભાવનાની પ્રેરણાથી ક્રિયા થાય છે; જેવી ભાવના તેવાં કર્મ, તે પ્રમાણે સિદ્ધિ અને તે પ્રમાણે ફલપ્રાપ્તિ હોય છે, જેમ બીજું બધું ત્રણ ગુણવાળું છે તેવી રીતે જન્મપ્રાપ્ત સ્વાભાવિકી શ્રદ્ધા પણ ત્રણ ગુણવાળી હોય છે, પરંતુ પ્રયત્ન વડે એમાં પરિવર્તન થઈ શકે છે. કારણ કે સંસારનો ક્રમ જ ગતિમૂલક છે અને એથી એનું નામ, હમેશાં ગતિશીલ રહે તેથી, જગત્

પડયું છે. મનુષ્ય પૃથ્વી પરનાં અન્ય પ્રાણી કરતાં કંઈક વિશેષ ભાવથી જુદી રીતે જ સર્જાયો છે. એનામાં બુદ્ધિનો પ્રજ્વલિત દીપક છે; શ્રદ્ધા કે ભાવ એ મન તથા ચિત્તવાળા મનોમય કોષના છે, જયારે વિવેકવિચાર કર્તાભાવ એ વિજ્ઞાનમય કોષવાળાં બુદ્ધિ અને અહંકારનાં છે. ટૂંકામાં વિજ્ઞાનમય કોષ અને મનોમય કોષનાં આ કાર્યક્ષેત્ર છે. મનોમય કોષમાં પૂર્વસંસ્કારનો ભંડાર છે; એમાંથી ઇચ્છા અને ભાવ ઉદ્ભવે છે ત્યાર પછી પ્રાણમય કોષનાં પ્રાણ અને કર્મેન્દ્રિયો દ્વારા કર્મ થાય છે. સહજ સ્વભાવે એમાંથી જે ઇચ્છા તથા ભાવના ઊભાં થાય, એના ઉપર વિજ્ઞાનમય કોષમાં મુખ્ય ભાગ ભજવતી બુદ્ધિ, તેનું જ્ઞાન, તેનો પ્રકાશ જયાં સુધી એના લાભાલાભનો વિવેક કરીને મનોમય કોષને અનુજ્ઞા ન આપે ત્યાં સુધી પ્રાણમય તથા અન્નમય કર્મ કરવાની તત્પરતા બતાવતાં નથી. માનવપ્રાણની ઉન્નતિ-અવનતિ, ઊર્ધ્વગતિ-અધોગતિની નીસરણી પર, આરોહણ -અવરોહણ ઉપર એના પ્રત્યેક પગથિયે, બુદ્ધિનો પ્રકાશ પડયા જ કરે છે. તાત્પર્ય એ કે મનોમય કોષમાંથી પૂર્વસંસ્કાર પ્રમાણે વાસનાનો ઉદ્ભવ થાય, બુદ્ધિનો એના ઉપર પ્રકાશ પડે, પછી એ બન્નેની પરસ્પર સંમતિથી ક્રિયાશીલનો સંકલ્પ થાય ત્યારપછી પ્રાણમય કોષની ગતિશક્તિથી અન્નમય કોષ ક્રિયાશીલ બને એટલે ઇન્દ્રિયો કર્મ કરે, ફલ પ્રાપ્ત કરે અને ભોગવે.

વિજ્ઞાનમય કોષનો પ્રકાશ ત્રિગુણાત્મક છે. મનોમય કોષની ઇચ્છાશક્તિ પણ ત્રિગુણાત્મક છે; એ બન્નેમાં જેનું પ્રાધાન્ય હોય તે જીતી જાય છે. વિજ્ઞાનમય કોષની બુદ્ધિ જેમ પ્રકાશમય છે, તેવી રીતે મનોમય કોષના સંકલ્પ અને વિકલ્પ-ઇચ્છાનાં સ્વરૂપ, કર્મફલ તથા ભોગ માટે છેવટની સંમતિ આપવી એ છે સંકલ્પ તથા એની વિરુદ્ધ અનુમતિ

આપવી એ છે વિકલ્પ. સંકલ્પ અને વિકલ્પના સારાસાર તપાસીને, શુભાશુભ પરિણામને સમદૃષ્ટિથી વિચારીને સંકલ્પાત્મક ન્યાય કરવાનું કામ બુદ્ધિનું છે. અને એ કાર્ય કરવાની શક્તિ વિવેકશક્તિ કહેવાય છે. મન અને બુદ્ધિ પરસ્પર સંમત છે કે વિરોધમાં એ તપાસવું જેટલું આવશ્યક છે તેટલું જ કઠિન છે; કારણ કે પ્રત્યેક ભાવનાને સાત્ત્વિક બુદ્ધિની સંમતિ હોવી જોઇએ. બુદ્ધિના શોધનનું કાર્ય મહત્ત્વનું હોઇ ગીતામાં બુદ્ધિના સાત્ત્વિક, રાજસિક તથા માનસિક પ્રકાર વર્ણવ્યા છે. પ્રવાસીને માર્ગે જો પ્રકાશ ન હોય તો ગન્તવ્ય સ્થાને પહોંચવાનો સંકલ્પ હોવા છતાં અંધકાર એના સંકલ્પને ફળીભૂત થવા દેતો નથી, તેવી જ રીતે મનોમય કોષનાં ઈચ્છા કે ભાવના ઉપર બુદ્ધિનો પ્રકાશ પડતો ન હોય તો સંકલ્પ તથા ક્રિયા નિષ્ફળ જાય છે; એ પ્રકાશમાં ઉપર કહ્યું છે તેમ સાત્ત્વિક પ્રકાશ જોઇએ. સાત્ત્વિક પ્રકાશ જ રાજસ-તામસ વાસનાને યથાર્થ રૂપે ઓળખી શકે છે. સાત્ત્વિક બુદ્ધિ શાસ્ત્ર અને ગુરુઉપદેશથી શુદ્ધ થયેલી હોય એમાં જ સારાસાર ફલનો કે તત્ત્વનો વિવેક હોય છે. એવી વિવેકબુદ્ધિવાળો સાત્ત્વિક અહંભાવ રાજસિક તામસિક વાસનાઓ અને કર્મોને રોકીને એને સાત્ત્વિક શુભેચ્છાઓ તરફ વાળે છે. એવા સાધકનો મનોમય કોષ વિજ્ઞાનમય કોષને વશવર્તી બનેલો હોવાથી એના સાત્ત્વિક કર્મફલમાંથી વૈરાગ્ય ભક્તિ તથા જ્ઞાનના અંકુરો ફૂટે છે.

માનવજીવનની અધ્યાત્મસાધના એટલે જ બુદ્ધિ અને મનનો વિગ્રહ છે, યુદ્ધ છે. મન પૂર્વસંસ્કાર પ્રમાણે વાસના કરે પણ સમગુણી બુદ્ધિની જો એમાં સંમતિ હોય તો પરિણામ વિપરીત આવે છે; એવં. બુદ્ધિમાં પ્રકાશ હોય છે ખરો, પણ વિવેક હોતો નથી. બુદ્ધિની સાત્ત્વિકતા અને અહંકારનું ઈશ્વરાર્પણ

વિવેકનો ઉદય કરાવે છે. ઉપનિષદ્‌માં માયાના ત્રણ ગુણ કહ્યા છે તેવા જ પ્રકાશમાં શ્વેત(સત્ત્વ), રક્ત,(રજસ્) કૃષ્ણ (તમસ્) એવા ત્રણ મૂલ રંગ હોય છે. જેના પરસ્પર મિશ્રણમાંથી બીજા સાત બને છે. એ બધાના પણ આગળ જતાં આછા ઝાંખા, ઘેરા પાતળા, એવા અસંખ્ય ભેદ બને છે. બુદ્ધિ તો કેવલ પ્રકાશ સ્વરૂપ છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણના રંગ સમજી લઇએ એટલે આપણને સમજાશે કે મનોમય કોષનાં ઇચ્છા-વાસના ઉપર બુદ્ધિનો પ્રકાશ જેવા રંગનો પડે તે તે વાસનાનો વિષય તેવા રંગગુણનો દેખાય છે. હવે જો બુદ્ધિના પ્રકાશમાં સત્ત્વગુણનો શ્વેત પ્રકાશ હોય તો વાસના તથા વિષયના રજોગુણ તથા તમોગુણના રંગને સાચા સ્વરૂપમાં જોઇ શકાય, એટલે અહંભાવની સાથે રહેલી વિચારશક્તિ શાસ્ત્રવાકયના પ્રભાવે વિવેકવાળી બની હોય તો ઇશ્વરભક્તિ કે આત્મજ્ઞાનમાં હાનિકર્તા રજોતમોગુણને હાંકી કહાડીને શુભેચ્છા તથા શુભકર્મ પ્રતિ વાળે છે; તથા સાત્ત્વિક ભાવના ભર્યાં સાધનમાં રુચિ ઊભી કરે છે. ગીતામાં ભગવાન અનેક સ્થળે જે બુદ્ધિ કે બુદ્ધિયોગની વાત કરે છે તેમાં વિવેકભરી, અહંભાવશુદ્ધ, સત્ત્વગુણી બુદ્ધિનો જ ઉલ્લેખ છે. સત્ત્વગુણનો પ્રકાશ શ્વેત હોઈ તેમાં વાસના કે વિષય-વસ્તુનો યથાર્થ ગુણ નજરે પડે છે; રજોગુણી રક્તવર્ણ હોય તો તેનો રક્ત પ્રકાશ પડે અને તમોગુણી કૃષ્ણવર્ણનો પ્રકાશ તો બધું શ્યામ જ દેખાડે છે. આપણે કોષ્ટક ગોઠવીએ.

| બુદ્ધિનો પ્રકાશવર્ણ | વાસનાનો રંગ દેખાય |
|---|---|
| સત્ત્વગુણ – શ્વેત | યથાર્થ રંગ |
| રજોગુણ – રક્ત | શ્વેતરંગને પણ રક્ત દેખાડે, રક્તને રક્ત. |
| તમોગુણ – કૃષ્ણ | શ્વેત, રક્ત, શ્યામ ત્રણેયને શ્યામ દેખાડે. |

મનોમય કોષના શોધન માટે બુદ્ધિનું શોધન પહેલાં કરી લેવું જોઇએ. બુદ્ધિનું શોધન એટલે શાસ્ત્રવિધિ અને ગુરુઉપદેશથી એને સાત્ત્વિક કરવાનો પ્રયત્ન. બુદ્ધિ સાત્ત્વિકી થતાં કર્મનાં મૂલ પ્રેરક જેવા વાસના-ઇચ્છાની શુદ્ધિ શીઘ્ર અને સરલ બને છે. એનાથી જે સંકલ્પશુદ્ધિ થાય તે જ ચિત્તશુદ્ધિ તરીકે ઓળખાય છે. આ બધામાં શ્રદ્ધા અગત્યનો ભાગ ભજવે છે. તર્કવિતર્ક કરનારી કે સંશય ઊભા કરનારી બુદ્ધિ અને કામસંકલ્પ-વાસના ઊભું કરતું મન જેમાં પ્રધાન ભાગ ભજવે છે એવા એ બન્ને કોષની શુદ્ધિમાં શ્રદ્ધા જ પરમ ઉપયોગી સાધન છે. શ્રદ્ધા હોય તો સંશયવિના શાસ્ત્ર-ગુરુવાકયનું પાલન થાય છે, અને તેથી કર્મવિધિના ફલસ્વરૂપ વિજ્ઞાનમય કોષની શુદ્ધિમાંથી અજ્ઞાન નીકળી જાય એટલે વિવેકનો ઉદય થાય છે. મનોમય કોષમાંથી સકામ ભાવ નીકળી જતાં વિશુદ્ધ ભક્તિ ઊભી થાય છે. આવી રીતે વિવેક વડે અનાત્મ પદાર્થનો વૈરાગ્ય અને આત્મવસ્તુ પ્રતિનો જે પ્રવાહ શરૂ થાય તે છે અભ્યાસ; તથા નિષ્કામ ભાવના અને કર્મ વડે મનોમય કોષમાં વિશુદ્ધ ભક્તિ અને તેની સાથે ઇંદ્રિયસંયમ જન્મે છે જે વૈરાગ્યમાં ઉપકારક બને છે. તેથી જ અહીં કહ્યું છે કે જેવી જેની શ્રદ્ધા તેવો તે પુરુષ. પુરુષ જીવાત્મા જેવી, જે ગુણવાળી શ્રદ્ધા રાખે તેવો તે હોય છે અને બને છે. ભાવનાશુદ્ધિ વડે આસ્તિકતાવાળી શ્રદ્ધા ઉપજે છે. શ્રદ્ધાના ત્રિગુણાત્મક ભેદ સમજી લેવાથી વિજ્ઞાન તથા મનોમય કોષના શોધનકાર્યમાં અકલ્પ્ય શક્તિ અને સહાયતા મળે છે, શાસ્ત્રવિધિ સમજાય છે અને તે પ્રમાણે આચરણ થાય છે. ગુરુવાકયનું પાલન થતાં નિષ્કામ ભક્તિનો ઉદય થાય છે, પરમાત્મા પ્રતિ ચિત્તનું તૈલધારાવત્ અનુસંધાન જામે છે અને એમાંથી ધ્યેયસ્વરૂપ પરબ્રહ્મમાંથી વિશુદ્ધ ગુણાતીત સચ્ચિદાનન્દનો પ્રવાહ વિજ્ઞાનમય કોષ વડે ગળાઇ છણાઇને

મનોમય કોષ તથા પ્રાણમય કોષમાં ઊતરતાં, કર્મ કરતાં છતાં અકર્તા બનીને સર્વત્ર આત્માનંદનું આસ્વાદન થવા માંડે છે. અંતરમાં આત્માનંદનો અવિર્ભાવ થતાં વિષયો પ્રતિની મોહ-મમતાને બદલે દિવ્ય તૃપ્તિ, શાંતિ, તુષ્ટિ વગેરે એવાં શ્રદ્ધામય થઈ જાય છે કે પછી બહારના નિષ્કામ કર્મયોગ, અંતઃસ્થ વિશુદ્ધ ભક્તિયોગ અને તટસ્થ જ્ઞાનયોગવડે સ્વભાવસિદ્ધ શાંત અને જીવનમુક્ત જીવન વ્યતીત થાય છે.

ભગવાન કહે છે !

विधिहीनं असृष्टान्नं मंत्रहीनम् अदक्षिणम् ।
श्रध्धा विरहितं यज्ञं तामसं परिचक्षते ॥ १७–१३

અર્થ:–શાસ્ત્રવિધિ, અન્નદાન, મંત્રશુદ્ધિ, દક્ષિણા તથા શ્રદ્ધાથી રહિત (એવા) (બ્રહ્મ) યજ્ઞને તામસ યજ્ઞ કહે છે.

ભાવાર્થ:–યજ્ઞ, તપ, આહાર, દાન વગેરે જે જે યજ્ઞ થાય, તે બધા વિધિપૂર્વક, અન્નદાન તથા દક્ષિણા સાથે, મંત્ર પુરઃસર તથા શ્રદ્ધાવાન થઈને કરવા જોઈએ કારણ કે એ વિનાનો કોઈપણ યજ્ઞ તામસિક છે, કેવલ અજ્ઞાનમય છે. એનું ફળ તમોગુણની વૃદ્ધિ કરાવે છે. પાછલા ચોથા અધ્યાયમાં બાર પ્રકારના યજ્ઞ ગણી બતાવ્યા છે. બધા યજ્ઞોમાં જપયજ્ઞ હું પરમાત્મા છું એમ પણ ભગવાન કહે છે. અને સર્વશ્રેષ્ઠ યજ્ઞ તો બ્રહ્મયજ્ઞ છે, જ્યાં અર્પણ બ્રહ્મને છે. હોમ વગેરેના દ્રવ્ય કે વસ્તુ વગેરે બ્રહ્મ છે. અગ્નિ તથા બ્રહ્મયજ્ઞનો કર્તા પણ બ્રહ્મ જ છે, હવનવડે પ્રાપ્તવ્ય બ્રહ્મ જ છે અને યજ્ઞકર્તાને ગન્તવ્ય, પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય પણ બ્રહ્મ છે, એમ સ્પષ્ટ કહીને ભગવાન બ્રહ્મયજ્ઞની સર્વોત્કૃષ્ટતા તથા સર્વોત્તમવિધિ, સર્વશ્રેષ્ઠ મંત્ર, સર્વસ્વપણે દક્ષિણા તથા શ્રદ્ધાની પરાકાષ્ટાનું વર્ણન

કરીને કહે છે કે આવો સાત્ત્વિક ભક્ત જ બ્રહ્મજ્ઞાનને પામે છે. દ્રવ્ય અને કર્મમાંથી ઉદ્‌ભવેલા બધા યજ્ઞમાં બ્રહ્મયજ્ઞ શ્રેષ્ઠ છે એમ ભાગવત એકાદશ સ્કંધમાં પણ કહ્યું છે. એ જ નામભેદે જ્ઞાનયજ્ઞ કે જ્ઞાનયોગ છે. આ છે સર્વોત્તમ બ્રહ્મના યજનનો સર્વશ્રેષ્ઠ વિધિ. મનુષ્ય જન્મ્યો એટલે જ રજોગુણ પ્રધાન અંતઃકરણવાળો હોય છે. સત્ત્વગુણ એટલે દૈવીસંપદ્‌ દિવ્ય દૈવી સ્વભાવ; દેવશરીરના જેવાં ગુણકર્મ, જેમાં પ્રેમ, ઉદારતા, દયા, ક્ષમા, શ્રદ્ધા, આસ્તિકતા, નિષ્કામ ભાવભક્તિ વગેરે પ્રકાશમય સ્વભાવનાં લક્ષણો હોય છે. દિવ્‌ એટલે પ્રકાશવું, એ ધાતુ પરથી દેવ શબ્દ બન્યો છે તેનો અર્થ જ પ્રકાશ કે જ્ઞાન થાય છે. એક બાજુ દિદ્‌–પ્રકાશ અને દિવ્‌ને ઉલટાવી નાખતાં થતો શબ્દ વિદ્‌=જાણવું એ બન્ને શબ્દોનું રહસ્ય વિચારી જુઓ. દેવમાં જ્ઞાનપ્રકાશ હોય. અને વેદ જ્ઞાન, બ્રહ્મજ્ઞાન એટલે શાસ્ત્રીય જીવન જીવવાનાં સાધન સાધ્યનો વિધિ બતાવનારાં શાસ્ત્રો. મનુષ્ય તમોગુણ તથા સત્ત્વગુણ જેવી રાક્ષસી અને દૈવી સંપદ્‌ના સ્વભાવભેદ વચ્ચે રાજસિક આસુરી ગુણાત્મક ભેદ ઉપર ઊભો છે. આગળ વધે તો દૈવી સંપદમાં, પાછળ લપસી પડે તો તામસિક રાક્ષસી સંપદમાં અને જ્યાં છે ત્યાંનો ત્યાં પડ્યો રહે તો રાજસિક આસુરી સંપદમાં જ રમ્યા કરે છે. અસુર શબ્દમાં અસુઃ એટલે પ્રાણ થાય છે. પ્રાણમય કોષમાં જ રમણ કરનાર, આનંદ માનનાર તે અસુર; તેવા સ્વભાવનું બલ તે આસુરી સંપદ. પ્રાણમય કોષને વળગેલા જડ અન્નમય કોષનાં તમોગુણી અન્નજલ જેવાં ખાનપાન અને મનોમય કોષને નીચેની ભૂમિકા તરફ ખેંચનારી સ્થૂલ પાર્થિવ ભોગવાસનામાં જ ચોંટાડી સંડોવી રાખનારી ચિત્તવૃત્તિઓનો પ્રવાહ શાસ્ત્રવિધિને છોડી દે તો અસંયમી રીતે એ ભોગવિલાસ તરફ જ વહ્યા કરે છે. રાક્ષસી સ્વભાવના નિમ્ન ભોગમાં પાછો

ન પડતાં, રાજસિક આસુરી ભાવમાં ન રહે અને સાત્ત્વિક દૈવભાવમાં પ્રગતિ કરે એટલા માટે એને વેદજ્ઞાન અને વેદ-શાસ્ત્રવિધિ પાલનની અનિવાર્ય આવશ્યકતા છે એમ કહ્યું છે. એ એક એવું શિક્ષણ છે જે મનુષ્ય વિના સમજયે, કેવલ શ્રદ્ધા રાખીને નિષ્કામ કર્મયોગ તથા અનન્ય ભક્તિયોગ સાધે તો સહજ રીતે આગળ વધ્યે જાય છે. જીવનમુક્તિના છેલ્લા દ્વાર જેવા જ્ઞાનયોગના અધિકારી એવા દૈવભાવને મેળવી શકે છે. અહીં અન્નદાન, મંત્ર અનુષ્ઠાન, તથા દક્ષિણાને શ્રદ્ધાવાળાં રાખીને યજ્ઞ કરવાનું કહ્યું છે. તે સાત્ત્વિકી શ્રદ્ધા છે. કારણ કે તામસ સ્વભાવથી સાવધાન તથા રજોગુણના સકામ ભાવથી મુક્ત રહીને નિષ્કામ બ્રહ્મયજ્ઞ માટે એ આગ્રહી બને; વિધિપુરઃસરની શ્રદ્ધા સાથે વેદજ્ઞાન વડે દૈવભાવ કેળવે; ઉન્નતિ–પ્રગતિના સામાન્ય વિધિનો આ એક સહજ સિદ્ધ થઇ શકે એવો શાસ્ત્રધર્મ છે. વર્ણ અને આશ્રમના આચારવિચારની સનાતન પ્રણાલી છે. કોઈ પણ સ્વભાવની, વર્ણધર્મ કે આશ્રમ આચારની અયોગ્ય સેળભેળ, ગડબડ કે સંકરતા માનવપ્રાણીને આસુરી રજોગુણમાંથી રાક્ષસી તમોગુણના સંસ્કારમાં ફેંકીને કેવળ પશુ-ધર્મ તરફ ઘસડી જાય છે. એટલા જ માટે શાસ્ત્રધર્મવિધિ, તથા અનુભવીઓનાં શિક્ષણ ઉપદેશ ઉપર અસૂયા વિનાની સાત્ત્વિક શ્રદ્ધા રાખીને જ પ્રત્યેક જીવનકર્મ કરવું જોઇએ જેથી મનુષ્યનું પ્રત્યેક કર્મ બ્રહ્મયજ્ઞ તરફ લઇ જાય. એમાં પૂરેપૂરી સાવધાનતા રહેવી જોઇએ, કશી ગફલત ન ચાલે. માનવશરીર પશુધર્મનાં જેવાં આહારનિદ્રાનાં કર્મમાં જ રહેનારું પ્રાણી નથી. એ દેહ તો મોક્ષદ્વાર છે, જે ખૂલતાં જ નિત્યને માટે આ દ્વંદ્વમય સંસારમાંથી નિર્દ્વંદ્વ બ્રહ્મમાં પ્રવેશ થઇ શકે છે.

ભગવાન કહે છે !

श्रद्धया परयातप्तं तपस् तज् त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तै सात्त्विकं परिचक्षते ॥ १७-१७

**અર્થ**:-ફલની આકાંક્ષા ન રાખનારા યુક્તો-(એકનિષ્ઠ ધ્યાનયોગ વડે થયેલા એકાગ્ર અંતઃકરણવાળા પુરુષો)એ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવડે આચરેલા ત્રણ પ્રકારના તપને સાત્ત્વિક કહ્યું છે.

**ભાવાર્થ**:-યજ્ઞની વાત કરીને હવે તપ સમજાવે છે. પહેલાં કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારનાં તપ કહ્યાં તેમાં પરાશ્રદ્ધા ઉમેરવાની વાત હવે કરે છે. વિદ્યાઓને ઉપનિષદ્‌માં પરા અને અપરા એમ બે પ્રકારની કહી છે, તે પ્રમાણે તે તે વિદ્યામાં શ્રદ્ધા રાખનારી શ્રદ્ધાને અહીં પરાશ્રદ્ધાવાળા એટલે નિષ્કામ અને અપરાશ્રદ્ધાવાળાને સકામ ભક્તો સમજવાના છે. અપરા વિદ્યા એટલે સાંસારિક વિષયવિધાન માટેની વિદ્યા. સકામ સાધકોને મનોમય અને પ્રાણમય કોષના સંયમથી પ્રાપ્ત થતાં દૂર-દર્શન, દૂર-શ્રવણ, અણુપરમાણુનું અને એમાંથી બનેલા જીવપદાર્થોનું સંકલ્પમાત્રથી પરિવર્તન કરવાની શક્તિ, રસાયનવિદ્યા દ્વારા તત્ત્વોનાં રૂપગુણરૂપાંતર કરવાની શક્તિ એ બધી કહેવાતી સિદ્ધિઓ અને ચમત્કારો સાંસારિક વિદ્યાઓમાં રાખેલી અપરા શ્રદ્ધા છે. બ્રહ્મદર્શન આપનારી પરાવિદ્યામાં રાખેલી શ્રદ્ધા તે જ પરાશ્રદ્ધા છે. અપરાવિદ્યામાં અનેક વેદ-વેદાંગના કર્મકાંડ, ઉપાસના, ઇતિહાસ પુરાણ, તથા લોક-પરલોકમાં પ્રાપ્ત થતા વિષયો મેળવવાની મંત્રવિદ્યા, તપશ્ચર્યા, યજ્ઞો, જયોતિર્વિદ્યા, આયુર્વિદ્યા વગેરે વિદ્યાનાં સકામ અનુષ્ઠાન રહસ્ય અને જ્ઞાન અપાવે એવી વિદ્યાઓના સમૂહનો અહીં ઉલ્લેખ નથી. જે વિદ્યાવડે પ્રાપ્ત થતાં અનિત્ય સુખમાં શ્રદ્ધા તે અપરા અને જે બ્રહ્મવિદ્યા વડે નિત્ય બ્રહ્મસ્વરૂપ સચ્ચિદાનંદ

અનુભવાય તે પરાશ્રદ્ધા. એવી રીતે વિષય વસ્તુ પરત્વેનાં શાસ્ત્રો ભિન્ન ભિન્ન હોવાને લીધે બે પ્રકારની શ્રદ્ધા હોઇ શકે તેથી અહીં સાત્વિક દિવ્ય શ્રદ્ધાને પરા કહી છે. એ પરા શ્રદ્ધા પરાવિદ્યાના જ્ઞાન માટે ઉપયોગી છે અને તેથી મોક્ષજ્ઞાન માટે અનિવાર્ય છે. અપરા વિદ્યાઓથી પ્રાપ્ત થતા વિષયો આ લોક પરલોકના ભોગવિષયો અપાવે છે. મહાભારતના યુગમાં અપરા વિદ્યાના નિષ્ણાત આચાર્યો ઘણા હતા. બ્રહ્માસ્ત્ર, અઘ્યાસ્ત્ર, નારાયણાસ્ત્ર, વરુણાસ્ત્ર વગેરે અસ્ત્રવિદ્યાઓ દેવદેવતાઓની સકામ ઉપાસનાથી, તપશ્ચર્યા અને વરદાનથી તે તે વિષયોના આચાર્યોના શિક્ષણવડે પ્રાપ્ત કરાતી પણ એ બધાંનો સાંસારિક યુદ્ધમાં જ ઉપયોગ થતો આપણે જોયો છે. બીજાઓનો સંહાર કરીને રાજ્ય પ્રાપ્ત કરવું; સ્પર્ધા, ઇર્ષ્યા કે એવા રાગદ્વેષભર્યાં ભાવ-શ્રદ્ધાથી એવાં તપ કરવાં એ બધાંનું ફલ પણ રાગદ્વેષભરી હિંસામાં આવેલું જોયેલું છે. એ બધામાં રાક્ષસી અને આસુરી શ્રદ્ધા જ વ્યાપકરૂપે હતી જેના ફલસ્વરૂપ અશાંતિ અને એના મૂલ હેતુરૂપે રાગદ્વેષ ઇર્ષ્યા વગેરે હતાં. યુદ્ધ થતાં તે મંત્રવિદ્યા કે તપશ્ચર્યાથી પ્રાપ્ત થયેલા અસ્ત્રો વડે. અહીં એટલા જ માટે નિષ્કામ તપશ્ચર્યાનું મહત્ત્વ સમજાવીને ઉત્તમ સાધક માટે પરાશ્રદ્ધાનો ઉલ્લેખ થયો છે. ઉપનિષદોમાં તપ, દાન અને યજ્ઞનો જે ઉલ્લેખ આવે છે તેને માટે ભ. ગી. એ બધાંની પીઠમાં જે અપરાશ્રદ્ધા–સકામ હિંસક હેતુ રાખે છે એને નિર્મૂળ કરીને, એનાં અનુષ્ઠાન પાવન કરનાર છે એમ સમજાવે છે. માયાના પ્રદેશથી પર એવા પરબ્રહ્મને પ્રાપ્ત કરવા માટે પરાશ્રદ્ધા કહીને તપ, યજ્ઞ અને દાનના ત્રિપુટી કર્મયોગની આવશ્યકતા ચિત્તશુદ્ધિ માટે છે તેથી જેવી ને તેવી ભ. ગી. માં રહેવા દીધી છે. આ છે ભ. ગી.ના એના ગાનાર–આલેખનારનો અપૂર્વ બુદ્ધિ-કૌશલ્યભર્યો ચમત્કાર. શ્રદ્ધાને મૂલ સાધન રૂપે સ્થાપીને

એમાં સાત્વિકતા ઉમેરી છે. શાસ્ત્રવિધિનો સ્વીકાર કરીને, ઉપનિષદ્ વિદ્યાના રહસ્યને ભગવાન કૃષ્ણચંદ્રને શ્રીમુખે, નિરમણિ શિષ્ય અર્જુનને નારાયણ સ્વરૂપ બનાવે એવી જે બ્રહ્મવિદ્યા કહી સંભળાવી, એ છે આ રહસ્યસારનો અપૂર્વ ચમત્કારભર્યો પ્રત્યેક અધ્યાયે એક એક યોગ ભરીને આપણને પ્રાપ્ત થતો સ્મૃતિ પ્રસ્થાનનો સર્વોત્તમ ગ્રંથ.

**द्वे विद्ये वेदितव्ये इति हस्म यब्रह्ब्रह्मविदो वदन्ति परा चैवापरा च ॥४॥**

બ્રહ્મવેત્તાઓએ કહ્યું કે બે વિદ્યાઓ જાણવા યોગ્ય છે એક પરા અને બીજી અપરા.

**तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति। अथ परा यया तदक्षरमधि गम्यते ॥५॥ मुन्डकोपनिषद्**

એમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છન્દ અને જયોતિષ અપરા વિદ્યા છે તથા જેનાથી એથી પર અક્ષર પરમાત્માનું જ્ઞાન થાય છે તે પરા વિદ્યા છે.

ભગવાન કહે છે:

**अश्रद्धया हुतं दत्तं तपस्ततं कृतं न च यत्।**
**असद् इति उच्यते पार्थ च तत् प्रेत्य नो इह ॥१७-२८॥**

**અર્થ**:–અશ્રદ્ધાથી (યજ્ઞમાં) હોમેલું, કરેલું દાન, તપેલું તપ કે અન્ય જે કાંઇ (ભગવદ્પ્રાપ્તિ નિમિત્તે પણ અશ્રદ્ધાથી) કરેલું કર્મ બધું અસત્ કહેવાય છે; (નિષ્ફલ કર્મ પરિશ્રમ છે.) તે (નું અસ્તિત્વ–ફલની સત્તા) મૃત્યુ પછી પરલોકમાં નથી તેમ આ લોકમાં પણ નથી.

**ભાવાર્થ**:–આપણે પાછળ કહ્યું એના સમર્થન રૂપે અહીં કહ્યું છે કે શ્રદ્ધા વગરનો બધો સાધનશ્રમ નિષ્ફલ છે; મિથ્યા યંત્રવત્ ક્રિયામાત્ર છે, વ્યર્થ કાલક્ષેપ છે, અને દ્રવ્ય વ્યય છે.

યજ્ઞ, દાન કે તપમાં જે કાંઇ કર્મવિધિ હોય તે જડ યંત્રવત થયા કરે. યજ્ઞનો અગ્નિ પ્રગટાવાય, જપયજ્ઞ માટે માળા ફેળવાય, બ્રહ્મયજ્ઞ માટે પાંડિત્ય વધારીને વાણીવિલાસ થાય, દર્શનગ્રન્થો ભણીભણીને યુક્તિઓ વડે ખંડનમંડન કરી શકાય. એવા પઠન-પાઠનને રૂપાળું સ્વાધ્યાયનું નામ અપાય, પણ નિષ્કામ સાત્ત્વિકી શ્રદ્ધા વિના અમૂલ્ય માનવજીવનનો ભવપરિશ્રમ નિષ્ફલ થાય છે. ભગવદ્-દર્શન કે આત્મજ્ઞાન માટેનાં સાધનો વડે કરેલી સાધનામાં તો યોગક્ષેમ નિર્વાહ માટે યદચ્છાલાભ સંતુષ્ટ રહેવાનું કહ્યું છે; એનાથી કોઇ પણ સ્થિતિનું બાહ્ય પરિવર્તન થતું નથી, કારણ કે પૂર્વકર્મના ફલસ્વરૂપ પ્રારબ્ધભોગનો ભોગથી જ અંત આવે છે. બાહ્ય લાભ-હાનિ સ્થૂલ શરીરના નિરીક્ષણથી જોવાનાં છે. સાંસારિક વિદ્યાઓના લાભાલાભ, ધનપ્રાપ્તિ, કીર્તિલાભ, પાંડિત્યકલા વગેરે બાહ્ય અને સ્થૂલ પ્રત્યક્ષ હોય છે, જ્યારે એનાથી થતા સંતોષ, અસંતોષ, તથા ઉત્સાહ નિરુત્સાહનો અંતરમાં અનુભવ થાય છે.

પરંતુ આ આંતરિક સાધનાનો માર્ગ અંતરંગ અને નિવૃત્તિપરાયણ છે. પ્રવૃત્તિમાર્ગમાં ઈંદ્રિયોદ્વારા ચિત્તની વૃત્તિઓ બાહ્ય પ્રદેશમાં વિચરી કે કર્મ કરીને સ્થૂલ ભોગ પ્રાપ્ત કરે છે. એની કાર્યસિદ્ધિ બહિર્મુખ વૃત્તિવાળો સ્થૂલભોગી માનવી તરત જ જોઈ શકે છે, પરંતુ બાહ્ય પ્રદેશને શાંત કરીને એમાં વહેતા ઈંદ્રિયોના પ્રવાહને ચિત્તમાં વાળવો, ચિત્તનો સમસ્ત પ્રવાહ તેનાથી પર એવા મનમાં, મનને ઉપર બુદ્ધિ તરફ વાળવું, છેવટે એ બુદ્ધિને પણ એનાથી પર આત્મતત્ત્વ છે એમાં એકમેવ કરીને આત્મજ્ઞાનથી કૃતકૃત્યતા, તૃપ્તિ, તથા નિરંકુશ આનંદ માણવો, એ છે વૃત્તિઓને પાછી કે ઉપર વાળવાનો નિવૃત્તિમાર્ગ.* એ નિવૃત્તિમાર્ગનાં સાધન-સાધનાનું જ્ઞાન આપે તે છે અધ્યાત્મ-

*જુઓ ભ. ગી. અ. ૩ શ્લોક ૨૭ થી ૪૩.

માર્ગના સદ્‌ગુરુ. આ માર્ગ અસદ્ બુદ્ધિવાળા, નાસ્તિક, વિષયાસક્ત કે પામર પુરુષો માટે નથી. પરાવિદ્યામાં જેને પરા શ્રદ્ધા હોય, ત્યાગ વૈરાગ્ય વડે અન્નદાનનો યથાશક્તિ સદુપયોગ કરી જાણ્યો હોય, નિવૃત્તિ માર્ગે વિચરતા સાધકો, જિજ્ઞાસુઓ, ભક્તો, મુમુક્ષુઓના યોગક્ષેત્રમાં દક્ષિણા વડે કૈંક સેવા કરી હોય તેવા જ એ માર્ગે પગલાં ભરી શકે છે. આ માર્ગ કષ્ટસાધ્ય છે. પરમ વસ્તુની પ્રાપ્તિ માટે દૃઢનિશ્ચયવાળા બનીને એમાં કઠોર તપશ્ચર્યા કરવાની હોય છે, વિઘ્નોની સામે થઇને એના નિવારણ માટે શાસ્ત્રવિધિ પ્રમાણે કર્મ કરવાં પડે છે. આસ્તિકતા-વાળા વીર, સશક્ત બુદ્ધિશાળી પુરુષો જ એ માર્ગશોધનના અધિકારી છે, અને તે પણ ઈશ્વરકૃપા, શાસ્ત્રકૃપા, ગુરુકૃપા અને આત્મકૃપા વડે સંશુદ્ધ બન્યા હોય તે જ. ઉપનિષદોમાં જ્યાં ત્યાં આત્મતત્ત્વની સાધના બલહીન માટે નથી, એમાં શ્રદ્ધાહીન મેધા, શ્રવણ, પ્રવચન નકામાં નીવડે છે, તર્કનું એમાં કામ નથી, એમ કહ્યું છે. અનુભવપૂર્ણ આચાર્ય અને સાધનાશુદ્ધ શિષ્યનો સુમેળ થાય તો શિષ્યના શ્રદ્ધાર્દ્ર હૃદયમાં આચાર્યનાં કૃપાવાત્સલ્યભર્યાં ઉપદેશબીજનું રોપણ થતાં એમાંથી અનુભવ અંકુર ફૂટી નીકળે છે. એક બ્રહ્મસ્વરૂપ અંતઃકરણ બીજા બ્રહ્મજ્ઞાન ઉત્સુક અંતઃકરણ સાથે શ્રદ્ધાભક્તિ સદ્‌ભાવથી એકીભૂત થતાં જ, અભેદભાવ પામતાં જ, બ્રહ્મવિદ્ અંતઃકરણનાં સાધન, સાધના અને સાધ્યનો પ્રવાહ તૈલધારાવત્ ઊતરીને બ્રહ્મોત્સુક શિષ્યના હૃદયસરોવરને સુધા સિંચનથી છલોછલ ભરી દે છે. આચાર્યના બ્રહ્માનંદભર્યા આનંદમય કોષમાંથી કૃપાપ્રવાહ મનોમય–પ્રાણમય કોષમા નીચે ઊતરીને શિષ્યના આનંદમય કોષમાં બ્રહ્માનંદ ભરવા માંડે, એ છે સહજ સ્વભાવ-સાધ્ય ગુરુનો મૌન ઉપદેશ અને શિષ્યના સંશયછેદનનો અલૌકિક શાસ્ત્રવિધિ. એમાં શ્રદ્ધા જ સર્વોત્તમ બાધન છે; બીજા

કોઈ સાધનનું કામ નથી. શ્રદ્ધા એટલે જ સદ્‌ભાવપૂર્ણ ભક્તિ દ્વારા શિષ્યનું બ્રહ્મવિદ્‌ને સર્વસ્વભાવે બ્રહ્માર્પણ કરીને અભેદ બનવું.

ભગવાન કહે છે:

श्रद्धावान् अनसूयश्च शृणुयाद् अपि यो नरः ।
सोऽपि मुक्तः शुभान् लोकान् प्राप्नुयात् पुण्यकर्मणाम् ॥ १८–७१

**અર્થ**:–જે પુરુષ શ્રદ્ધાવાન તથા અસૂયા વિનાનો થઈને (આ શાસ્ત્રનું) કેવલ શ્રવણ જ કરે (તો શ્રવણમાંથી શ્રદ્ધા ઉપજતાં ઉપજતાં આગળ વધીને) તે મુક્ત થઈ પુણ્યકર્મવાળા-ઓના શુભલોકને પામે છે.

**ભાવાર્થ**:–આ છે ભગવદ્‌ગીતાના શ્રવણનું ભગવાને શ્રીમુખે જ કહેલું માહાત્મ્ય. ખાસ કરીને વેદાન્તશાસ્ત્રમાં (૧) વિવેક (૨) વૈરાગ્ય, (૩) શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન, (૪) મુમુક્ષત્વ, (૫) શ્રવણ, (૬) મનન (૭) નિદિધ્યાસન, એમ સાત સાધનો આત્માનુભવ માટે ઉપનિષદોમાંથી તારવી કહાડયાં છે. એમાંના પહેલાં ચાર બહિરંગ છે અને છેલ્લાં ત્રણ અંતરંગ છે. બાહિરંગ કહેવાનો અર્થ એ છે કે એ સાધનો મન, વાણી ઈંદ્રિયોમાં સંયમશીલ થવા માટે છે. બહિર્મુખ સાંસારિક મનોવૃત્તિમાંથી અંતર્મુખ બનીને આત્મશ્રવણ, આત્મમનન અને આત્મ નિદિધ્યાસન માટેનો અધિકાર કેળવવા માટે છે. આ બહિરંગની સાધન સંપત્તિ પ્રાપ્ત કર્યા પછી જ શ્રવણનો અધિકાર મેળવાય છે. આ દૃષ્ટિથી આપણે વિચાર કરીએ તો ઉપનિષદ્ સારભૂત ભ. ગી.ના શ્રવણનો અધિકારી બહિરંગ સાધન સંપન્ન હોવો જોઈએ એમ નક્કી થાય છે. પાછલા બધા અધ્યાયનો અભ્યાસ કરનાર ભક્ત એ સાધનોને ગીતામાં ગૂંથેલાં જોઈ શકે એમ છે; અને ઘણી ટીકાઓમાં એનું વિવેચન પણ છે, તેથી

અહીં આપણે એનો ઉલ્લેખ કરતા નથી. અહીં તો કેવળ શ્રદ્ધાભર્યા શ્રવણની જ વાત છે. હવે એક નવી વાત વિચારવા જેવી પ્રાપ્ત થાય છે.

કોઈ પણ વિષય, ગ્રન્થ તેમ જ સ્વાધ્યાય માટે લેવાતા પ્રકરણના શાસ્ત્રીય તત્ત્વના નિર્ણય માટે, એને કસોટી પર ચકાસી જોવા માટે, તેમ જ વેદાન્તનો અર્થ બરાબર સમજાય અને ગ્રન્થ વડે જ્ઞાન આપવાનો હેતુ પાર પડે તે માટે જે લક્ષણ ગ્રન્થમાં અવશ્ય હોવાં જોઈએ તે લક્ષણો બધાં મળીને છ છે, અને તે છ લિંગ કહેવાય છે. એનાં નામ છે (૧) ઉપક્રમ-ઉપસંહાર, (૨) અભ્યાસ, (૩) અપૂર્વતા, (૪) અર્થવાદ, (૫) ફલ, અને (૬) ઉપપત્તિ. આ પ્રત્યેકની ઉપયોગિતા સમજવા માટે એનો અર્થ આપણે તપાસીએ. (૧) ઉપક્રમ-ઉપસંહાર એટલે આદિ અંતમાં વિષયની એકતાનું પ્રતિપાદન. જે વિષયનો યોગ્ય રીતે આરંભ કર્યો હોય તે જ વિષય ગ્રન્થને અંતે પૂરો થયો છે એમ જણાવવું તે ઉપસંહાર. (૨) અભ્યાસ, જે વિષય સમજવાનો છે તેની દઢતા કરવા માટે એનું જ વારંવાર કથન લેખન. (૩) અપૂર્વતા : વિષયની અલૌકિકતા, કૈંક નવીનતા બતાવવા માટેની યોજના કે યુક્તિઓ. (૪) અર્થવાદ : વિષયની મહત્તા સમજાવવા માટે વિષયની પ્રશંસાભર્યાં વિવેચનો. (૫) ફલ; વિષયનું પરિણામ કે લાભ, વેદાન્તની દૃષ્ટિએ મોક્ષ. (૬) ઉપપત્તિ; અનુકૂલ દૃષ્ટાંતો.

આપણે આ છ લિંગવડે ભ. ગી.માં પહેલીવાર શ્રદ્ધા શબ્દ વાપર્યો ત્યારથી છેવટના શ્લોકમાં જ્યાં શ્રદ્ધા શબ્દનો ઉપયોગ થયો છે એ બધા શ્રદ્ધા પ્રકરણમાં આ છ લિંગ કેવી રીતે બંધ બેસે તે તપાસી જોઈએ.

ત્રીજા અધ્યાયના ૩૧ મા શ્લોકમાં શ્રદ્ધા શબ્દ પહેલવહેલો

વાપર્યો છે. ત્યાં એવો અર્થ છે કે "શ્રદ્ધાવાળા અને અસૂયા વગરના બનીને જે મનુષ્યો મારા મન્તવ્ય (અભિપ્રાય) પ્રમાણે આચરણ કરે છે, તે પણ કર્મ (સમૂહથી ઊભાં થતાં દ્વંદ્વમય સંસારથી) થી મુક્ત થાય છે." આને ઉપક્રમનો શ્લોક માનીએ તો ઉપસંહારનો શ્લોક અ. ૧૮ નો ૭૧મો આવે છે, તેમાં પણ "શ્રદ્ધાવાળો અને અસૂયા વગરનો જે મનુષ્ય આ શાસ્ત્રનું શ્રવણ માત્ર કરશે તે પણ મુક્ત થઇને પુણ્યકર્મવાળાઓના શુભ (અશુભ એટલે સંસાર; શુભ એટલે સંસારમુક્ત દશા) લોકોને પામે છે.

આમાં સ્પષ્ટ દેખાય છે ઉપક્રમમાં શ્રદ્ધા અને અસૂયા કહી છે, તેનો જ ઉપસંહારમાં ઉલ્લેખ છે. ઉપક્રમમાં પણ શ્રદ્ધાવાન અને અસૂયા વગરનો મારા મત પ્રમાણે આચરણ કરે છે તે કર્મોથી મુક્ત થાય છે એમ કહ્યું છે, તેવું જ છેવટે ઉપસંહારમાં કહ્યું છે. બન્ને વચ્ચે જાણે પ્રશ્નોત્તરનો નહિ પણ સિદ્ધાંતનો અભેદ બતાવ્યો હોય એમ સ્પષ્ટ દેખાય છે. શ્રદ્ધાનો વચ્ચે વચ્ચે અત્ર તત્ર ઉપયોગ કરીને મહિમા ગાયો છે, વારંવાર એના ઉપર ભાર મૂકયો છે. એ છે બીજું લિંગ અભ્યાસ. શ્રદ્ધા એ કોઈ વાણીથી સ્પષ્ટ રીતે ન સમજાવી શકાય એવી જણાવીને શ્રદ્ધા એટલે બસ શ્રદ્ધા જ અને તે પણ પરાશ્રદ્ધા કહીને એની અલૌકિકતા- અસાંસારિકતા બતાવી છે તે છે ત્રીજું લિંગ અપૂર્વતા. શ્રધ્ધાની વારંવાર પ્રશંસા કરીને એની આવશ્યકતા કહી છે તે છે ચોથું લિંગ અર્થવાદ. શ્રદ્ધાનું પરિણામ સાક્ષાત મુક્તિ કહ્યું છે એ છે પાંચમું લિંગ ફલ. બીજા યોગીઓ, ભક્તો વગેરે જે મને ભજે છે તે મને પામે છે અને દેવદેવતાઓના ભક્તો દેવદેવતાને પામે છે, એવું દૃષ્ટાન્ત આપીને શ્રદ્ધાની સ્પષ્ટતા કરી છે તે છે છઠ્ઠું લિંગ ઉપપત્તિ.

આવી રીતે શ્રદ્ધા શબ્દની ઉપક્રમ-ઉપસંહારનાં છ લિંગ વડે સમીક્ષા થઇ શકે. એની કલ્પના મને પણ ન હતી, પણ પરાપૂર્વનું અનુસંધાન જોતાં, તેમ જ બીજા પણ કેટલાએક શબ્દોની યોજના ઉપર દૃષ્ટિ ફેરવતાં આ લિંગનિર્ણયની પદ્ધતિ બંધ બેસતી હોય એમ લાગતાં એ પદ્ધતિનો ઉપયોગ કરી જોયો છે. ભ. ગી. ના અભ્યાસીઓ આ રીતે સ્વાધ્યાય કરે તો વિશેષ માર્ગદર્શન મળે એવું છે. ભગવાન કહે છે કે એમના ઉપદેશ સ્વરૂપ ભગવદ્ગીતાના શ્રવણ માત્રથી પણ એના સંસ્કાર પડે છે ને જીવાત્મા પુણ્યશાળી થઇ શકે છે. પાપ સંસ્કાર અને પાપકર્મનો ક્ષય થઇને પુણ્યસંસ્કારનો ઉદય થતાં જીવાત્મા પુણ્ય કરવામાં સ્વાભાવિક રીતે જ ઉત્સુક તથા તત્પર બને છે. પરંતુ એમાં મુખ્ય શરત એ કે એ શ્રદ્ધાવાન હોવો જોઈએ અને પોતાનાથી ચડીઆતા, સમાન કોટિના કે નીચેની કક્ષાના કોઇ પણ મનુષ્ય માટે અંતરમાં જરાયે અસૂયા ન હોવી જોઈએ. બીજાની ઉન્નતિ જોઇને ઉદ્વેગના દાહ થાય, અંતરમાં બળતરા કે મનમાં ઉકળાટ થાય, એ છે ઇર્ષ્યા, અને અસૂયા તો એનાથી પણ વિશેષ સૂક્ષ્મ છે.

પુરાણનું અત્રિઋષિ અને સતી પત્ની અનસૂયાનું દૃષ્ટાંત અત્યંત પ્રસિદ્ધ છે. અનસુયા એટલે જેમનામાં અસૂયાનો કેવલ અભાવ છે તે. એવાં સતી-સત્યપરાયણ અનસૂયાનું લગ્ન એનું જોડાણ, એનું સમર્પણ પરમ સત્ય સ્વરૂપ નિર્ગુણ પરબ્રહ્મ સ્વરૂપ અત્રિ સાથે જ હોઇ શકે. અત્રિ એટલે જેમનામાં ત્રણ ગુણનો સમૂહ નથી તે. અત્રિ એટલે કેવલ, એક, અદ્વિતીય ત્રિગુણાતીત, નિર્ગુણ, પરબ્રહ્મ. તાત્પર્ય એ છે કે અનસૂયા તો નિર્ગુણમાં જ હોય. સાકાર સ્વરૂપ સગુણ બ્રહ્માંડમાં તો તત્ત્વતત્ત્વની જીવજીવની અસૂયા ભરી પડેલી છે. એ અનસૂયાને દેહજ પ્રજા-સંતતિ ન હતી. હોય જ ક્યાંથી?

કારણ કે અનસૂયા તો નિર્ગુણ સત્ સ્વરૂપ પતિની સતીત્વ ધારિણી, એકનિષ્ઠ પતિભક્તિવાળી પત્ની જ હતી. એમાં સગુણ કર્મવિકારનો સંભવ જ ન હોય. દેવો પણ જયાં પંગુ બને ત્યાં ત્રણેય ગુણનાં મૂર્તસ્વરૂપ જેવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પરમ સત્યને વરેલી સતીત્વ-સત્તાનાં દર્શન માટે પરીક્ષા કરવા આવ્યા. બાહ્ય વ્યવહારના પ્રદેશમાં ત્રણે ય ગુણો, બ્રહ્મા વિષ્ણુ મહેશ, નિર્ગુણ સાધનાની-ઉપાસનાની-યોગની-ધ્યાનની-જ્ઞાનની-નિષ્ઠાની શ્રદ્ધાની સિદ્ધિ જોવા આવ્યા અને તે પણ ભિક્ષુરૂપે. એમણે દેવી અનસૂયાને દિગંબર બનીને ભિક્ષાભોજન પીરસવા કહ્યું. સાચી વાત છે; ત્રણે ગુણો એટલે સકામ પ્રદેશનાં મિશ્ર ધર્મવાળાં રૂપો. એમને દિગંબર સતીત્વ–ચોકખું આવરણ વિનાનું, દેશકાલની પરિચ્છિન્ન સીમાઓ વિનાનું, પરમસત્યનું દર્શન–પોષણ જોઇતું હતું. નિર્ગુણ તો સૌનું અધિષ્ઠાન છે. સગુણનું મૂળ નિર્ગુણ છે. સાકારને આધાર-અધિષ્ઠાન નિરાકારનાં છે; નિરાકાર નિર્ગુણ પરમ સત્ય છે. એ પરમ સત્યનાં દિગંબરી દર્શન–આવરણભંગ દર્શન તો જયારે બાલવત્ નિર્દોષ બની જવાય ત્યારે જ થાય. બાલકને ઇંદ્રિયોનાં ધર્મકર્મો હોય છે પણ એમાં એની જાતીય વાસનાનો અભાવ હોય છે. એ જ એની નિર્દોષતા. અને નિર્દોષતા એ જ નિર્ગુણપણું ત્રણે ય ગુણોને પરાશ્રદ્ધા પરાભક્તિ સ્વરૂપ અનસૂયાનું પોષણ દર્શન જોઈતું હતું તે અનસૂયાએ આવરણભંગ કરાવીને આપ્યું. સતીએ ભિક્ષા આપવાનો સ્વીકાર કર્યો તે વખતે દિગંબર બનવાની ગુણસમૂહની ઇચ્છાને લીધે, એ સતીએ પરમસત્યના પ્રવાહ જેવા જલતત્ત્વની અંજલિનો અભિષેક ત્રણે ય ઉપર કર્યો જેમાંથી બન્યા ત્રણ બાલસ્વરૂપો. એમને જ્ઞાનશક્તિ સ્વરૂપ સતીએ આવરણભંગ કરીને દિગંબર સ્વરૂપે માતૃભાવે સ્તન-પાનનું દુગ્ધામૃત પાયું. એમાંથી ઊભા થયા અવધૂત શિરોમણિ

દત્તાત્રેય. ભિક્ષા વખતે અત્રિ મુનિની હાજરી ત્યાં નથી. પણ અત્રિ-ત્રિગુણ જેમાં નથી તે તત્ત્વ તો અનસૂયા પોતે જ છે. ત્રિગુણ તત્ત્વમાં અસૂયા કરનાર રહે જ ક્યાં? જ્યાં દેશકાલનું દ્વૈત નથી, જ્યાં વસ્તુભેદ નથી, ત્યાં કોણ કોની અસૂયા કરે. એટલે અત્રિ=નિર્ગુણ અને અનસૂયા એટલે દ્વૈતપ્રપંચહીન જ્ઞાનનિષ્ઠા. એ બે સંલગ્ન હતાં ત્યાં પરમ સત્ય હતું. ઋષિ પરમ સત્ય સ્વરૂપે હતા, પત્ની પરમ સતી સ્વરૂપે હતાં. લિંગભેદ હતો પણ જાતીય વાસના નહોતી. એ હતી ભ. ગી. માં કહે છે તેવી **निर्दोषं हि समं ब्रह्म** બ્રહ્મ નિર્દોષ-નિર્ગુણ છે, સર્વમાં સમાન છે તેવી સામ્યદષ્ટિવાળી અનુભવ ભરી પ્રેરણા. પ્રતિભાસ જેવાં, કેવળ દૃષ્ટાંતથી ઉપદેશ આપવાનાં, સંસારમાં અસંસારી સત્ય સમજાવવા માટેનાં આવાં છે આપણાં શાસ્ત્રીય દષ્ટાંતોના લક્ષ્યાર્થ. સારાંશ એવો નીકળે કેઃ

અત્રિ: ત્રિગુણાતીત, નિર્ગુણ, નિરંજન, નિરાકાર, પરમ-તત્ત્વ, પરબ્રહ્મ.

અનસૂયા: કોઈ પણ જાતની ઈર્ષ્યા વગરની પરબ્રહ્મની વિશુદ્ધ માયા એટલે કેવલ વિદ્યાશક્તિ. બીજા શબ્દોમાં કહીએ તો પરાવિદ્યા, પરાશ્રદ્ધા, પરાભકિત કે મોક્ષદાયિની જ્ઞાનશકિત, જેમાં દ્વૈત નથી તેથી ત્યાં સ્પર્ધા નથી; સ્પર્ધા નથી તેથી દ્વેષ નથી, દ્વેષ નથી તેથી ઈર્ષ્યા કે અસૂયા નથી.

એ નિર્ગુણ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા માટે સત્ત્વ, રજસ્ અને તમસ્‌ના પ્રતીક જેવા વિષ્ણુ બ્રહ્મા અને શિવ નિર્ગુણ શકિતની પરીક્ષા કરવા માટે, વિદ્યામૃતની ભિક્ષા માગવા માટે આવે છે. પરંતુ જ્યાં સુધી અવિદ્યાનું આવરણ હોય ત્યાં સુધી વિદ્યામયી બ્રહ્મશકિતનું પોષણપાન મળે નહિ તેથી

આવરણભંગ કરવાની ઈચ્છાથી સતીને દિગંબર બનીને ભિક્ષા આપવાનું કહે છે. માતા અનસૂયા. આદ્ય વિદ્યાશકિત એનો સ્વીકાર કરીને, નરનારીના કે પુરુષ પ્રકૃતિના, જાતીય વાસનાના ભેદ ભૂંસી નાખવા માટે એમને નિર્દોષ બાલસ્વરૂપ બનાવે છે. પછી આવરણહીન થઇને સ્તનપાન કરાવે છે. વિદ્યામૃત સ્વરૂપ દૂધ પીવડાવીને મુકતબ્રહ્મ-આત્મસ્વરૂપનાં દર્શન કરાવે છે. ત્રણેયનું એક સ્વરૂપ બનીને જે બાલક બને છે એ અત્રિ-સંતાન છે. એ છે દત્તાત્રેય અવધૂત, ત્રિગુણાતીત સ્વરૂપ અત્રિનું માનસ કલ્પનાનું બાલક. શકિત અને શકિતમાનનો અભેદ હોઇ બાલક તો આત્મજ ગણાય એ દૃષ્ટિએ, એનું નામ અત્રિના દત્ત કરેલા પુત્ર એટલે દત્તાત્રેય પડે છે. આ દત્તાત્રેય અવધૂત કોટિના અવતાર ગણાય છે. ત્રણેય ગુણરૂપ વિષ્ણુ, બ્રહ્મા, શિવના મિશ્ર અવતારમૂર્તિ સમા એ દત્તાત્રેય ત્રિગુણાતીત છે. જન્મસિદ્ધ અવધૂત છે, પરમ પવિત્ર છે. અવધૂતગીતા એમનું જ કથન વચન છે. એમણે ભ. પરશુરામને બ્રહ્મજ્ઞાન આપ્યું એની કથા ત્રિપુરારહસ્ય જ્ઞાનખંડમાં છે. હવે આપણે દ્વૈતમય સંસારનું સ્વરૂપ વિચારીએ. અસૂયા ત્યાં જ હોય, જ્યાં દ્વૈત વિભાગ હોય. એમાં રાગદ્વેષ હોય, સ્પર્ધા હોય, હિંસક વૃત્તિ હોય જે આપણે મહાભારતકાલીન ભગવાનની આસપાસ એકત્ર થયેલા બન્ને પક્ષના વીરોમાં પ્રત્યક્ષ જોઇએ છીએ. પાંડવો કે કૌરવો તથા એમના પક્ષગણોમાં નર્યા રાગદ્વેષ ભર્યા છે. પાંડવપક્ષ ચારિત્રવાન છે, ધર્મરક્ષક છે, છતાં પણ અસ્ત્ર-શસ્ત્રવિદ્યાના નિપુણો હોઇ બન્ને પક્ષ પરસ્પરના દ્વેષથી ભરેલા છે. અર્જુન, કર્ણ, ભીમસેન, દુર્યોધન વગેરેનાં જાણે પક્ષાપક્ષી દ્વંદ્વ જ ખડાં હોય એમ લાગે છે. અર્જુનને મોક્ષધર્મનું શિક્ષણ આપવાનો પ્રસંગ પડયો ત્યારે ભગવાને એટલા જ માટે અસૂયા વગરની પરાશ્રદ્ધા હોવી જોઇએ એવી સ્પષ્ટ સમજણ આપી છે.

અસૂયાનાં લક્ષણો વિષે વિચાર કરીએ અધ્યાત્મ માર્ગે જતાં સહાધ્યાસી, સહધર્મી કર્મયોગી, ભક્ત સુહૃદ કે જ્ઞાન-મિત્રનું મંડળ હોય તેમાં કોઈ આપણાથી આગળ, કોઇ આપણી જ કક્ષાના, કોઈ આપણાથી ઊતરતી કોટિના તેમજ જેની સાથે સંબંધ નથી એવા તટસ્થ કોટિના કોઇ હોય છે. આ થયાં ચાર મુખ્ય પાત્રો. આ બધા પ્રતિ પ્રાકૃત મનના સ્વભાવને લીધે અજાણતાં પણ અસૂયા આવી જવાનો સંભવ છે. જયાં જયાં અસૂયા થાય ત્યાં ત્યાં અનસૂયા કેળવવા માટે ભ. પતંજલિ વ્યવહાર પક્ષે પણ સરલતા લાવે એવા ધર્મોનું એક સૂત્ર ગોઠવી આપે છે. યોગદર્શનનો સિધ્ધાંત છે કે પ્રસન્નચિત્ત પુરુષ જ ધ્યાન ધારણામાં અધિકારી કહેવાય છે; જેને માટે નીચેના સૂત્રનો એમાં વિધિ બતાવ્યો છે.

**मैत्री करूणा मुदिता उपेक्षाणां सुखदु:ख पुण्य अपुण्य**
**विषयाणा भावना तत् चित्त प्रसादनम् ॥ पा-१ सू ३३**

અર્થ:-સુખી, દુઃખી, પુણ્યશાલી તથા પાપી પુરુષો વિષે અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના (અસૂયાહીન સદ્ભાવ) કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે.

ચિત્તની પ્રસન્નતા એટલે જ ચિત્તની શુદ્ધિ છે. જયાં સુધી અસૂયા હોય ત્યાં સુધી ચિત્તમાં રાગદ્વેષને લીધે મલિનતા, અંધકાર, અજ્ઞાન, મૂઝવણ, ઊંડો ઊંડો ખેદ, ગ્લાનિ-એવાં વિઘ્નોનો ધૂમાડો ભર્યો જ રહે છે. આવી અસૂયાનો ત્યાગ કરવાથી ચિત્તપ્રસન્નતા-ચિત્તપ્રસાદ આવે છે.

ગીતામાં શ્રદ્ધાની સાથે અનસૂયા લખી છે તેમાં વધારાનું પાંચમું અત્યંત મહત્ત્વનું એવા મુખ્ય પાત્રને સર્વોપરિ માન્યું છે. જેનું અવલંબન રાખીને, જેને ઈષ્ટ સ્વરૂપ ધ્યેય માનીને પોતે શિષ્ય કે ભક્તભાવ ધરી એકવાર સ્વીકાર કર્યો હોય

તેવા શ્રી રામકૃષ્ણાદિ અવતારો કે અન્ય સાત્વિક દેવદેવતા વગેરેમાં દોષદષ્ટિ ન હોવી જોઈએ. એમનાં ગુણદોષનું વિવેચન કરવું જ હાનિકારક છે, અને એવડું મોટું વિઘ્ન છે જેમાં ક્ષમાને સ્થાન નથી. ગુણપક્ષે ભક્તિ ન વધતાં દોષ પ્રતિ જ વલણ વધતું જાય, એ છે અસૂયા. ભ. શંકરાચાર્ય અસૂયા શબ્દનો અર્થ કરે છે ગુરુજનોમાં દોષદષ્ટિ. અધ્યાત્મમાર્ગે બ્રહ્મસ્વરૂપ એવા સદ્ગુરુના આચરણમાં વ્યવહાર પક્ષે પણ દોષદષ્ટિ ન હોવી જોઇએ. કારણ કે વ્યવહાર તો ત્રિગુણમય છે અને ત્રિગુણી શરીર વડે જ થવાનો છે. તેની સાથે શાસ્ત્ર-વાક્યમાં થતી દોષદષ્ટિ પણ અસૂયા કહેવાય છે ગીતામાં ભગવાન અનેક સ્થળે "એવો કે આવો મારો મત છે" એમ કહે છે. તેવી જ રીતે પોતે જ સ્વીકારેલા સદ્ગુરુ, શિષ્યની સાંસારિક બુદ્ધિ જેનું હાર્દ ન સમજી શકે એવી આજ્ઞા કરે તો તેમાં તથા એમના વ્યાવહારિક જીવનના કાર્યક્રમમાં દોષ-દષ્ટિ સહ જ ઊભી થવાનો ભય છે. સામાન્ય નિયમ જ એવો છે કે કોઈના દોષ ભૂલવા હોય તો એના ગુણોમાં, એના શુભ કર્મોમાં સદ્ભાવ કેળવવો જોઇએ. છતાં આપણે વ્યવહારમાં વિપરીત આચરણ કરીએ છીએ. પુરાણ વાઙ્મયમાં આવતા દેવદેવતાનાં લીલાવર્ણનોનો અધ્યાત્મ અર્થ ન સમજાય ત્યાં સુધી દૈવીસંપદ કેળવવા માટે દેવદેવતાઓનાં કે અવતારોનાં લીલા ચરિત્રો દૃષ્ટાંતો આપીને વર્ણવેલાં છે. તેમાં દોષ જોવા ઇષ્ટ નથી. દોષ એટલે જ ખામી, અપૂર્ણતા. નિર્દોષ બ્રહ્મસ્વરૂપ દષ્ટિ એટલે પૂર્ણદષ્ટિ. અખિલ બ્રહ્માંડ બ્રહ્મનું જ સ્વરૂપ છે, એ સદા સર્વથા પૂર્ણ છે એવી દષ્ટિ કેળવવામાં દોષદષ્ટિ સર્વાંશે, સર્વથા બાધક છે. આ દોષદષ્ટિ એટલે જ અસૂયા એવો ભ. ગી. ના ભાષ્યકારો અર્થ કરે છે.

અસૂયાને જીતવાનાં, નિર્મૂળ કરવાનાં યોગસૂત્રનાં જે

સાધનો ઉપર બતાવ્યાં તે વ્યવહારપક્ષે પણ પરમ ઉપયોગી છે. તેનાથી ચિત્ત પ્રસન્ન રહે છે. એને લીધે સમય વીતતાં એનાં પાત્ર બનનારાં મનુષ્યો આપણા સદ્ભાવ કર્મથી પ્રસન્ન રહે છે, જેનો પ્રત્યાઘાત આપણા ચિત્તને પ્રસન્ન બનાવે છે.

અધ્યાત્મપંથી સાધક, ભક્ત, જિજ્ઞાસુ કે મુમુક્ષુનું મુખ્ય ધ્યેય છે નિર્દ્વંદ્વ, નિર્ગુણ, નિરંજન, નિરાકાર, એકમેવાદ્વિતીયમ્ પરબ્રહ્મ. ત્રિગુણાત્મક અપૂર્ણતા-પૂર્ણતાથી ભરેલો, રાગદ્વેષાદિ દ્વંદ્વથી ગૂંથાયેલો ગુણદોષ દૃષ્ટિવાળો સંસાર એક સરખો વિસારી મૂકવાનો છે. ભ્રાન્તિવશાત્ એ સંસારમાં આવી પડ્યો છે ખરો પણ એની સ્વાભાવિક ઇચ્છા તો મુક્ત થવાની જ છે. ત્રિગુણાતીત, પરિપૂર્ણ એવા પરમતત્ત્વનું પરાશ્રદ્ધા અને પરાભક્તિવડે પરાજ્ઞાન મેળવવા એમાં સાધના છે. સાચી રીતે જોતાં ગુણદોષના દર્શનમાં દૃષ્ટિ જ કારણભૂત છે. જીવાત્માનાં સ્વરૂપ એટલે અતિશયોક્તિ–ભ્રાન્તિભર્યાં મનની કલ્પના સૃષ્ટિ. એવી દૃષ્ટિને લીધે સત્ અને અસત, ચિત્ અને જડ અને આનંદને દુઃખ માનવાવાળું માનવપૂતળું અવિદ્યાગ્રસ્ત છે. પણ અસત્ છે જ નહિ, જડ માત્ર ચૈતન્યની અપ્રતીતિ છે. શાસ્ત્રમાં અશ્રદ્ધા એ શાસ્ત્રનું અજ્ઞાન છે, સમસ્ત દુઃખ આનન્દ સ્વરૂપ આત્માને ન ઓળખવાથી ઊભું થયેલું મનનું કલ્પનાકાર્ય છે. એટલે જ શાસ્ત્રો કહે છે કે જ્યાં અસત્, અપૂર્ણતા, દોષ, ખામી દેખાય ત્યાં તમે સત્નાં દર્શન કરવાનો અભ્યાસ કરો. જડતા, બુદ્ધિમાંથી વિતર્કકુતર્ક કે વિતંડાને છોડીને એ બધો ચૈતન્યનો જ એકમાત્ર વિલાસ છે એમ સમજીને શાંતિ ધારણ કરો. જ્યાં જ્યાં દુઃખ દેખાય, ત્યાં ત્યાં સૌને આનન્દસ્વરૂપ આત્માને સ્થાને, સૌનું પોતપોતાનું મનઃકલ્પિત અજ્ઞાન છે એમ સમજી વિચારીને તમે આનંદ મ્હાણો.

આ બધું ત્યારે બને જ્યારે અસૂયા જાય, દોષદૃષ્ટિ ઊડી જાય, અપૂર્ણતામાં પૂર્ણતા ભરાય, અને સચ્ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ વિના અન્ય કાંઇ છે જ નહિ,-થયું નથી-થવાનું નથી એવા ત્રિકાલાતીત સત્યમાં તમારી શ્રદ્ધા નિષ્ઠા સ્થિર થાય.

અસૂયા ન હોય તો શ્રદ્ધા તો માનવી હૃદયમાં ભરેલી જ છે. વ્યવહારમાં પણ પ્રાણી પદાર્થ કે અપરા વિદ્યાઓનાં શાસ્ત્રોમાં કે તે તે નિષ્ણાતોના શબ્દોમાં શ્રદ્ધા રાખીને જ આગળ વધવાનું છે. વ્યાવહારિક વિશ્વાસ વિના વ્યાવહારિક વિદ્યાનું જ્ઞાન મળતું નથી. મનુષ્ય એટલે શ્રદ્ધામય જીવાત્મા. કોઇ પણ માનવપ્રાણીનું અંતઃકરણ જડ નથી. એમાં જે ત્રિગુણાત્મક ભાવનાઓ ભરેલી છે તેમાં સાત્ત્વિક શ્રદ્ધા વધારવી. કોઇ પણ એક જ ગુણ પ્રતિ આસક્તિ કે અસૂયા રાખ્યા વિના સર્વત્ર ઇશ્વરદર્શન, આત્મદર્શન, બ્રહ્મદર્શન કરવા માટે તો જે ભાવનાનો સાંસારિક વિષય પ્રદેશમાં ઉપયોગ થાય છે તે જ ત્યાં કરવાનો છે. કેવલ શ્રદ્ધાનું ધ્યેય બદલવાનું એટલું જ. મોહમમતાનો મુગ્ધ બનીને ભોગવિલાસમાં રમવા ઘૂમવા માટે ઉપયોગ થતો હતો, અધો-ગતિ સમગતિ કે ઉર્ધ્વગતિના આવાગમનના ચક્રમાં ફર્યા કરતા હતા, દેહધારી બનીને ભવાટવીમાં ભટકવાની ટેવ પડી હતી તેને બદલે હવે, ભગવાન કહે છે મારામાં, મારાં વચનમાં–મારા મતમાં શ્રદ્ધા રાખો અને જે શાસ્ત્રને આધારે તથા સ્વાનુભવના બલથી હું તમને કહું છું તેને સત્ય માનો. દોષ, કેવલ અપૂર્ણતા તમારી જ મિથ્યા ભ્રાન્તિ છે. જે પરિવર્તન કરવાનું છે તે હૃદયની ભાવનામાં તથા ભાવનાના ધ્યેયમાં. ભાવનામાં શુદ્ધિ હશે તો કર્મ તો આપોઆપ શુદ્ધ અને શુભ થશે. અપરિમિત ભાવનાની વિશુદ્ધ પરાકાષ્ઠા એ જ છે શ્રદ્ધાની સામાન્ય રીતે સમજાવી શકાય એવી ટૂંકી વ્યાખ્યા. માનવસુલભ, પૂર્વસંસ્કારમાંથી

ઊભી થયેલી, અજ્ઞાનથી ભરેલી, ઉન્નતિ પ્રગતિમાં બાધક તથા અસંયમને પોષનારી એવી દોષદષ્ટિ-અશુભદષ્ટિ કાઢવા કટિબદ્ધ થાઓ. શુભકર, સુખકર, આનંદદાયક, સત્યપરાયણ, ચૈતન્ય-દાયિની શ્રદ્ધા જ શુભકર્મકારી માનવજીવનની સમસ્ત ઉન્નતિનું સર્વોત્તમ શ્રેયસ્ સાધન છે. શ્રદ્ધાવિના સંસાર સુખ પણ નથી. વ્યવહારમાં પણ શંકાશીલ મનુષ્ય પોતાનું ને પારકાનું પણ હિત ના કરતાં અહિત વધારે કરે છે. તો પછી પરમાર્થને માર્ગે એ વિના કેમ ડગલું ભરી શકાય ? પરમ એટલે સૌથી શ્રેષ્ઠ એવો જે સર્વોપરિ અર્થ-વસ્તુ-પદાર્થ કે તત્ત્વ તે પરબ્રહ્મ છે. એનાં સાક્ષાત્કાર-દર્શન કે અનુભવથી દ્વંદ્વમય સંસાર-સંસરણનો અંત આવે છે; નિશ્ચલ, નિત્ય એક અને અદ્વિતીય આત્મબ્રહ્મમાં તાદાત્મ્ય અનુભવાય છે, અને સર્વત્ર, સર્વથા વ્યાપક સ્વરૂપનો આનંદ મ્હાણી શકાય છે. એની સાધનામાં, અનિવાર્ય ગુરુ-શાસ્ત્રાદિમાં શ્રદ્ધાનું સાધન આદિથી અંતસુધી પરમ ઉપયોગી, પ્રાણના જેટલું જ સહકારી છે એવું માની લેવું-એમાં પણ શ્રદ્ધા જ રાખવી જોઈએ. ગીતામાં કહેલા **श्रद्धावान् लभते ज्ञानम्** નો પણ એ જ રહસ્યાર્થ છે. ભ. ગી. માં ભગવાન શ્રીમુખે પોતાનો શાસ્ત્રશુદ્ધ મત આપે છે. ઋષિમુનિઓ કે સન્તમહન્તોનાં ઉપદેશેલાં શાસ્ત્રોની પણ જયાં એકવાકયતા છે, એવી પરા શ્રદ્ધા રાખીને, અસૂયા વગરની એકનિષ્ઠ અનન્ય ભક્તિ વડે પરમાત્માને પરમતત્ત્વને પામો એવી શુભેચ્છા છે.

❋

શ્રદ્ધા

ये मे मतमिदं नित्यं अनुतिष्ठन्ति मानवाः ।
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपिकर्मभिः ॥

श्रद्धावान् लभते ज्ञानम् तत्परः संयतेन्द्रियः ।
ज्ञानंलब्ध्वा परांशान्तिम् अचिरेणाधिगच्छति ॥

अज्ञश्चाश्रद्धानश्च संशयात्मा बिनश्यति ।
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥

अयतिः श्रद्धयोपेतो योगात् चलित् मानसः ।
अप्राप्य योगसंसिद्धि कां गतिं कृष्ण गच्छति ॥

योगीनाम् अपि सर्वेषाम् मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥

શ્રદ્ધાવાળા અને અસૂયા વિનાના બનીને જે મનુષ્યો મારા આ મન્તવ્ય (અભિપ્રાય-સિદ્ધાંત) પ્રમાણે આચરણ (અનુષ્ઠાન) કરે છે, તે પણ કર્મ (થી ઉભાં થતાં દ્વંદ્વ)થી મુક્ત થાય છે.

(ગુરુસેવા વગેરે સાધનોમાં) તત્પર અને ઇન્દ્રિય નિગ્રહવાળો (સાધક) જ્ઞાન લાભ પામે છે: (એ) જ્ઞાન મેળવીને સર્વ શ્રેષ્ઠ (ઉત્કૃષ્ઠ) શાન્તિને તરતજ (તે ક્ષણે જ્ઞાન થતાં વહેંત જ) પામે છે.

અજ્ઞાની અશ્રદ્ધાળુ અને શંકાશીલ મનવાળો (સાધક) નાશ પામે છે. (મનુષ્ય ધર્મોમાંથી પતિત થાય છે) સંશયત્માને આલોક (વર્તમાન માનવદેહમાં જ્ઞાન નથી મળતું) નથી, પરલોક (ભવિષ્યના અન્ય જન્મમાં માનવદેહ) મળતો નથી. અને સુખ પણ મળતું નથી.

હે કૃષ્ણ! યોગમાંથી ચલિત મનવાળો શિથિલ પ્રયત્નશીલ છતાં શ્રદ્ધાયુક્ત પુરુષ સંસિદ્ધિ પ્રાપ્ત ન કરતાં કઈ ગતિને પામે છે?

સર્વ યોગીઓમા પણ મારામાંજ અર્પણ કરેલા અંતરાત્મા (ચિત્ત) વડે જે શ્રદ્ધાવાન મને ભજે છે, તે (મારી સાથે મારાં ધ્યાનમાં જોડાએલામાં) સર્વથી વધુ જોડાયેલો (સમાહિત થયેલો સમાધિદશા અનુભવનારો) છે, એવો મારો મત છે.

જે જે ભક્ત જે જે મૂર્તિને શ્રદ્ધાથી પૂજવા ઇચ્છે છે તેની તેની તે જ (મૂર્તિ, પર અચલ શ્રદ્ધા હું બેસાડું છું (શ્રદ્ધા દૃઢ કરૂં છું).

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्विकी राजसी चैव तामसी चेतितां श्रुणु ॥

सतया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान् मयैव विहितान् हितान् ॥

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।
अप्राप्य मां निवर्तन्ते मृत्यु संसार वत्मनि ॥

येऽप्यन्य देवता भक्ता यजन्ते श्रद्धयान्वितः ॥
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधि पूवकम् ॥

मय्यावेश्य मनो ये मां नित्य युक्ता उपासते ।
श्रद्धया परयोपेता स्ते मे युक्ततमा मताः ॥

येतु धर्म्यामृतमिदं यथोक्त पर्युपासते ।
श्रद्धधानामप्तरमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विता ।
तेषां निप्ठातु का कृष्ण सत्त्वमाहो रजस्तमः ॥

श्रद्धावान् अनसूयश्च श्रुषुयाद् अपि यो नरः ।
सोऽपि मुक्तः शुभान् लोकान् प्राप्नुयात् पुण्यकर्मणाम् ॥

તે (સાધક) એ શ્રદ્ધાથી યુક્ત થઇ તેના આરાધનની ઇચ્છા કરે છે અને તે (આરાધન)થી મેં જ નિર્માણ કરેલાં તે કામો (ઇચ્છેલા પદાર્થો)ને મેળવે છે.

હે પરંતપ! આ ધર્મ ઉપર શ્રદ્ધા ન રાખનારા પુરુષો મને ન પામતાં મૃત્યુવાળા સંસાર માર્ગમાં પાછા ફરે છે. (આવજા કરે છે.)

હે કુંતીપુત્ર! જે બીજા દેવતાઓના ભક્તો પણ શ્રદ્ધાવાળા થઇને (તે દેવતાઓનું) પૂજન કરે છે તેઓ પણ અવિધિ (અજ્ઞાત) પૂર્વક મારું જ પૂજન કરે છે.

જે મારામાં મનને એકાગ્ર કરીને નિત્ય યુક્ત પરાશ્રદ્ધા (સાત્વિકી શ્રદ્ધા)વાળા થઇને મને ઉપાસે છે તેઓને મેં યુક્ત પુરુષોમાં શ્રેષ્ઠ માનેલા છે.

વળી જે શ્રદ્ધાવાળા મારે પરાયણ થઇને પહેલાં કહેલા ધર્મસ્વરૂપ અમૃતને સંપાદન કરે છે (પર્યુપાસતે) તેવા ભક્તો મારા અત્યંત પ્રિય છે.

હે કૃષ્ણ! જે મનુષ્ય શાસ્ત્રવિધિનો ત્યાગ કરી, શ્રદ્ધાયુક્ત દેવાદિનું પૂજન કરે છે તેની સ્થિતિ પછી સાત્વિકી રાજસી કે તામસી કેવા પ્રકારની હોય છે?

શાસ્ત્રીય સંસ્કાર વિનાની મનુષ્યોની સ્વભાવથી ઉત્પન્ન થયેલી એ શ્રદ્ધા સાત્વિકી, રાજસી તથા તામસી એમ ત્રણ પ્રકારની થાય છે, તે તું સાંભળ.

હે અર્જુન! સહુની શ્રદ્ધા એમનાં અંતઃકરણને અનુરૂપ હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે તેથી જે મનુષ્ય જેવી શ્રદ્ધા ધરાવે છે તે સ્વરૂપે તે પોતેજ છે.

सत्वानुरूपा सर्वस्य श्रध्धा भवति भारत ।
श्रद्धामयोऽयं पुरुषो यो यत् श्रद्धाः स एव सः ।।

विधिहीनं असृष्टान्नं मंत्रहीनम् अदक्षिणम् ।
श्रध्धा विरहितं यज्ञं तामसं परिचक्षते ।।

श्रध्धया परयातप्तं तपस् तज् त्रिविधं नरैः ।
अफलाकांक्षिभिर्युक्तै सात्विकं परिचक्षते ।।

अश्रद्धया हुतं दत्तं तपस्ततं कृतं न च यत् ।
असद् इति उच्यते पार्थ च तत् प्रेत्य नो इह ।।

શાસ્ત્રવિધિ, અન્નદાન, મંત્રશુદ્ધિ, દક્ષિણા તથા શ્રદ્ધાથી રહિત (એવા) (બ્રહ્મ) યજ્ઞને તામસ યજ્ઞ કહે છે.

ફલની આકાંક્ષા ન રાખનારા યુક્તો-(એકનિષ્ઠ ધ્યાનયોગ વડે થયેલા એકાગ્ર અંતઃકરણવાળા પુરુષો)એ ઉત્કૃષ્ટ શ્રદ્ધાવડે આચરેલા ત્રણ પ્રકારના તપને સાત્ત્વિક કહ્યું છે.

અશ્રદ્ધાથી (યજ્ઞમાં) હોમેલું, કરેલું દાન, તપેલું તપ કે અન્ય જે કાંઇ (ભગવદ્પ્રાપ્તિ નિમિત્તે પણ અશ્રદ્ધાથી) કરેલું કર્મ બધું અસત્ કહેવાય છે. (નિષ્ફલ કર્મ પરિશ્રમ છે.) તે (નું અસ્તિત્વ—ફલની સત્તા) મૃત્યુ પછી પરલોકમાં નથી તેમ આ લોકમાં પણ નથી.

જે પુરુષ શ્રદ્ધાવાન તથા અસૂયા વિનાનો થઇને (આ શાસ્ત્રનું) કેવલ શ્રવણ જ કરે (તો શ્રવણમાંથી શ્રદ્ધા ઉપજતાં આગળ વધીને) તે મુક્ત થઇ પુણ્યકર્મવાળાઓના શુભલોકને પામે છે.